દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 177 ■ વિક્રમ સંવત ૨૦૮૨
આષાઢ સુદ-૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 1 August 2026, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૦૧ ઑગસ્ટ ૨૦૨૬, (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
વીકએન્ડ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભિવંડીમાં ઈમારત તૂટી પડીઃ ૧૦નાં મોત


**ટ્રેજેડીઃ** ભિવંડીમાં તૂટી પડેલી ઈમારત. (અમય ખરાડે)

## ૨૦૨૦માં મહાનગરપાલિકા દ્વારા જોખમી જાહેર કરાયેલી પણ લોકોએ ધરાર બિલ્ડિંગ ખાલી નહોતું કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહાનગરપાલિકાએ જોખમી જાહેર કરેલી ભિવંડીમાં આવેલી ગ્રાઉન્ડ પ્લસ ચાર માળની કોહિનૂર બિલ્ડિંગની 'બી' વિંગ ગુરુવારે મોડી રાતે ધરાશાયી થતા ૧૦ લોકોનાં મોત થયાં હતાં અને ત્રણ લોકો જખમી થયા હતા. બિલ્ડિંગના કાટમાળ હેઠળ વધુ લોકો ફસાયા હોવાની આશંકાને પગલે મોડી સાંજ સુધી ચાલેલા રેસ્ક્યુ ઓપરેશનને જોકે મોડેથી બંધ કરવામાં આવ્યું હતું.

પાવરલૂમ નગરી ભિવંડી, નારપોલી-ટૂ, ગંગારામવાડીમાં કોહિનૂર બિલ્ડિંગનો ભાગ ગુરુવારે રાત્રે ૧૧.૨૦ વાગ્યે તૂટી પડ્યો હતો. આ બિલ્ડિંગને ભિવંડી-નિઝામપુર મહાનગરપાલિકાએ જોખમી જાહેર કરી હતી. તેનું સમારકામ ચાલી રહ્યું હતું ત્યારે આ દુર્ઘટના બની હતી.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ કોહિનૂર બિલ્ડિંગમાં ૪૮ રૂમ હતી અને દરેક માળ પર ૧૨ રૂમ હતી. ગુરુવારે રાત્રે આઠથી નવ વાગ્યાની આસપાસ રહેવાસીઓએ બિલ્ડિંગમાં જોરથી તિરાડ પડવાના અવાજો સાંભળ્યા હતા. તેથી બિલ્ડિંગના અમુક રહેવાસીઓએ ડરના માર્યા તરત બિલ્ડિંગ ખાલી કરવા માંડ્યા હતા. સ્થાનિક લોકોએ તેમને અન્ય સ્થળે ખસેડવામાં મદદ કરી હતી. જ્યારે

(જુઓ પાનું ૨) ▶▶

## મોદીએ વ્યક્ત કર્યું દુઃખ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારના રોજ મહારાષ્ટ્રના થાણે જિલ્લાના ભિવંડીમાં એક ઇમારત ધરાશાયી થવાથી થયેલી જાનહાનિ અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે મૃતકોના પરિવારજનોને બે લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાના વળતરની જાહેરાત કરી હતી. અત્રે નોંધનીય છે કે ગુરુવારે રાત્રે ભિવંડીમાં ચાર માળની ઇમારત ધરાશાયી થતાં નવ લોકોના મોત નીપજ્યા હતા. મોદીએ એક્સ પર જણાવ્યું કે મહારાષ્ટ્રના થાણેમાં

(જુઓ પાનું ૨) ▶▶

## ગુજરાતમાં વરસાદનો આતંક

### સુરતના અંબિકા અને ભરૂચના નેત્રંગમાં ૧૮ ઇંચથી વધુ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ધાર્યા મુજબ જ વરસાદે શુક્રવારે ભયાનક કહેર વર્તાવ્યો હતો અને સુરતના અંબિકામાં ૧૮ ઇંચ તો ભરૂચના નેત્રંગમાં ૧૮ ઇંચ વરસાદ પડ્યો હતો. મોડી રાતે અમદાવાદમાં પણ વરસાદ જામ્યો હતો. પાટનગર ગાંધીનગર સ્થિત સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર (એસઈઓસી) દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર રાજ્યમાં સવારે છ વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધીના ૧૨ કલાકમાં કુલ ૨૯ જિલ્લાના ૧૮૫ તાલુકામાં સાર્વત્રિક અને નોંધપાત્ર વરસાદ નોંધાયો હતો. રાજ્યના જુદા જુદા પંથકમાં ૦.૦૪ ઈંચથી લઇને મહત્તમ ૧૧.૪૬ ઈંચ સુધીનો ભારે વરસાદ વરસી ચૂક્યો હતો. દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરતા અનેક નીચાણવાળા વિસ્તારમાં

(જુઓ પાનું ૨) ▶▶

# મોરક્કોથી ૬૦,૦૦૦થી વધુ લોકોનો તરીને સ્પેનમાં ઘૂસવાનો પ્રયાસ, ૩૪નાં મોત

### હજારો લોકોએ મોરક્કોમાંથી સીમા પાર કરવાનો પ્રયાસ કરતા ધક્કામુક્કીમાં માર્યા ગયા અથવા તણાયાઃ ઇટલીની 'શેન્ગન કરાર' તોડવાની ચીમકી



સેઉટા (સ્પેન)ઃ સ્પેનની મુખ્ય ભૂમિથી દૂર આવેલા અને મોરક્કોથી ઘેરાયેલા ભૂભાગ સેઉટામાં છેલ્લા ૨૪ કલાકમાં લગભગ ૬૦,૦૦૦થી વધુ માઇગ્રન્ટ્સ સરહદ પાર કરીને અથવા જિબ્રાલ્ટર સામુદ્રધુની (ખાડી) તરીને સ્પેનમાં ઘૂસવાનો પ્રયાસ કરતા હતા ત્યારે ધક્કામુક્કીમાં અથવા તણાઇ જવાથી ઓછામાં ઓછા ૩૪ જણ માર્યા ગયા હતા. સેઉટાની મૂળ વસ્તીના લગભગ ૬૦ ટકા લોકોએ સીમા પાર કરીને ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો.

દરમિયાન, ઇટલીમાં પણ માઇગ્રન્ટ્સ ઘૂસવાનું મોટું દૂષણ છે અને ઇટલીનાં વડાં પ્રધાન જ્યોર્જિયા મેલોનીએ પોતાના દેશ (ઇટલી)ના નાગરિકોના હિતાર્થે સ્પેન સાથેનો 'શેન્ગન કરાર' (યુરોપના ૨૯ દેશમાં મુક્ત રીતે ફરવાની પરવાનગી આપતો કરાર) રદ કરવાની ચીમકી આપી હતી.

સ્પેનના વડા પ્રધાન પેદ્રો સેન્ચેઝ અને ગૃહ પ્રધાન ફર્નાન્ડો ગ્રૅન્ડ-માર્લાસ્કા સેઉટામાંની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ત્યાં પહોંચી ગયા હતા. સિવિલ ગાર્ડ ઑફિસર્સનું પ્રતિનિધિત્વ કરતા સ્થાનિક કર્મચારીઓના સંગઠનના નેતા રાચીડ સૂબિહીએ મોરક્કો સાથેની સ્પેનના સેઉટાની સરહદ પરની પરિસ્થિતિ ઘણી જ ગંભીર ગણાવી હતી.

તેમણે જણાવ્યું હતું કે મોરક્કોની સરહદ ઓળંગીને અથવા ખાડીમાં તરીને હજારો લોકો સ્પેનના સેઉટામાં ઘૂસી રહ્યા છે. અમે ઘાયલોની સારવાર માટે માનવતાના ધોરણે બનતા દરેક પ્રયાસ કરી રહ્યા છીએ.

હજારો માઇગ્રન્ટ્સ બાળકોની સાથે આશ્રય વિના બગીચામાં અને ફૂટપાથ પર બેઠા છે અને અન્ય અસંખ્ય લોકો રસ્તા પર છે. ભારે અંધાધૂંધી ફેલાઇ

(જુઓ પાનું ૨) ▶▶

## અમેરિકામાં ભણતા ભારતીય વિદ્યાર્થીઓ પર તવાઈ

### એફ-વન વિઝા લંબાવતા ઑપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ વિઝા માટે ઊંચી ફી વસૂલાશે
### ગ્રીન કાર્ડ માટે એક લાખ ડૉલરના બૉન્ડ લેવાની યોજના

વૉશિંગ્ટનઃ અમેરિકાની યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએશન કર્યા બાદ અમેરિકામાં કામ કરવા માગતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પાસેથી એક લાખ ડૉલરની વિઝા ફી લેવાની યોજના ટ્રમ્પ વહીવટીતંત્ર ઘડી રહ્યું છે. તેનો અમલ કરાય, તો સૌથી મોટો ફટકો અમેરિકા ભણવા જતાં ભારતીય વિદ્યાર્થીઓને પડશે. અમેરિકાના એક અખબારી અહેવાલ મુજબ નવી એચવન-બી વિઝા માટે એક લાખ ડૉલરની ફી લેવા રજૂ કરાયેલી દરખાસ્તને અમેરિકાની અદાલતે રદ કરતા હવે ટ્રમ્પ વહીવટીતંત્ર આ નવી યોજનાને અમલમાં મૂકવાનું વિચારી રહ્યું છે.

અખબારી અહેવાલમાં જણાવાયું હતું કે અમેરિકાનું હૉમલૅન્ડ સિક્યોરિટી ડિપાર્ટમેન્ટ વિદેશી વિદ્યાર્થીઓની એફ-વન વિઝાને લંબાવતા ઑપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (ઓપીટી) વિઝા માટે ઊંચી ફી વસૂલવાનું વિચારી રહ્યું છે. વિદેશી વિદ્યાર્થીઓ અમેરિકામાં એફ-વન વિઝા (સ્ટુડન્ટ વિઝા)ને લંબાવીને ઑપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (ઓપીટી) વિઝા પ્રોગ્રામ હેઠળ એકથી ત્રણ વર્ષ સુધી કામ કરી શકે છે. અમેરિકાની સરકારના હૉમલૅન્ડ સિક્યોરિટી ડિપાર્ટમેન્ટના આંકડા મુજબ અમેરિકામાં ૨૦૨૪માં અંદાજે ૪,૧૯,૦૦૦ વિદ્યાર્થી ઑપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (ઓપીટી) વિઝા પ્રોગ્રામ હેઠળ કામ કરતા હતા. અગાઉ, અમેરિકાની સરકારે નવી એચ-વનબી વિઝા માટે એક લાખ ડૉલર વસૂલવાની રજૂ કરેલી દરખાસ્તનો અમેરિકાની ટૅક કંપનીઓએ જોરદાર વિરોધ કર્યો હતો.

અમેરિકાની સરકારના હૉમલૅન્ડ સિક્યોરિટી ડિપાર્ટમેન્ટનાં મહિલા પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે વિદેશી વિદ્યાર્થીઓ પાસેની નવી વિઝા ફી વસૂલવાની સત્તાવાર જાહેરાત બાદમાં કરાશે. અમે ઇમિગ્રેશન સિસ્ટમને પારદર્શક રાખીએ છીએ.

હૉમલૅન્ડ સિક્યોરિટી ડિપાર્ટમેન્ટ એચ-વનબી અને સ્ટુડન્ટ વિઝાધારકો પાસેથી વધુ ફી વસૂલવા વિચારી રહ્યું છે તેમ જ અમેરિકાની બહારથી કરાતી ગ્રીન કાર્ડની અરજી માટે એક લાખ ડૉલરના બૉન્ડ લેવાની પણ યોજના ધરાવે છે. આ રકમ અરજદાર અમેરિકા આવે

(જુઓ પાનું ૨) ▶▶

## રશિયા-યુક્રેન યુદ્ધમાં માર્યા ગયેલા ભારતીયોના પરિવારોને મદદ કરોઃ સુપ્રીમ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે શુક્રવારે કેન્દ્ર સરકારને નિર્દેશ આપ્યા હતા કે તે રશિયા-યુક્રેન યુદ્ધમાં માર્યા ગયેલા ભારતીયોના પરિવારોને મદદ કરવા માટે એક નોડલ અધિકારીની નિમણૂક કરે. આ અધિકારી શહીદ થયેલા ભારતીયોના મૃતદેહો લાવવા, ડીએનએ મૅચિંગ અને રશિયા દૂતાવાસ મારફતે વળતર મેળવવામાં પરિવારોની મદદ કરશે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને વી. મોહન્નાની બનેલી બેન્ચે વિદેશ મંત્રાલયને રશિયા-યુક્રેન યુદ્ધમાં માર્યા ગયેલા અથવા ગુમ થયેલા લોકોના પરિવારોને મૃતદેહો અને પીડિતોના પરિવારો વચ્ચે ડીએનએ મૅચિંગની સુવિધા આપીને મદદ કરવાનો નિર્દેશ પણ આપ્યો હતો. બેન્ચે વિદેશ મંત્રાલયને અહીં રશિયન દૂતાવાસમાં વળતરનો દાવો કરવામાં અસરગ્રસ્ત પરિવારોને મદદ કરવા અને સ્થાનિક ભાષાઓમાં તમામ જરૂરી માહિતી અને અપડેટ્સ પ્રદાન કરવાનો નિર્દેશ આપ્યો હતો. બેન્ચે નેશનલ લીગલ સર્વિસિસ ઓથોરિટી અને રાજ્ય કાનૂની સેવા સત્તાવાળાઓને નિર્દેશ આપ્યા હતા કે તે યુદ્ધમાં માર્યા ગયેલા લોકોના મૃતદેહો લાવવામાં અને વળતર મેળવવાની પ્રક્રિયામાં પરિવારજનોની મદદ કરે. સુપ્રીમ કોર્ટે રશિયા-યુક્રેન યુદ્ધમાં લડવા માટે ભરતી થયા પછી કથિત રીતે માર્યા ગયેલા અથવા ગુમ થયેલા વ્યક્તિઓના પરિવારો દ્વારા દાખલ કરાયેલી અરજીની સુનાવણી કરતી વખતે આ નિર્દેશો જાહેર કર્યા હતા. ■

## ભાજપના ગુંડાઓએ પોલીસને ફટકાર્યા હતાઃ દીપકે

નવી દિલ્હીઃ વિદ્યાર્થીઓના આંદોલન દરમિયાન ઘાયલ થયેલા દિલ્હી પોલીસ અધિકારીઓના પરિવારજનો દ્વારા યોજવામાં આવેલી પત્રકાર પરિષદ અંગે પ્રતિક્રિયા આપતાં કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના સ્થાપક અભિજિત દીપકેએ કહ્યું હતું કે પ્રદર્શન દરમિયાન ઘાયલ થયેલા પોલીસ અધિકારી પરત્વે હું સહાનુભૂતિ વ્યક્ત કરું છે, પરંતુ પોલીસ દ્વારા કરવામાં આવેલા લાઠીચાર્જમાં ઘાયલ થયેલા વિદ્યાર્થીઓની અવગણના ન થાય એ બાબતનું ધ્યાન પણ રાખવામાં આવવું જોઈએ.

દીપકેએ કહ્યું હતું કે પોલીસ અધિકારીઓને જે રીતે નિશાન બનાવવામાં આવ્યા એ બદલ મને તેમના પરત્વે સહાનુભૂતિ છે, પરંતુ પોલીસ દ્વારા જે વિદ્યાર્થીઓ સાથે નિર્દયપણે મારપીટ કરવામાં આવી તેમનાં પરિવારનું શું?

દીપકેએ આક્ષેપ કર્યો હતો કે પ્રદર્શનકર્તા વિદ્યાર્થીઓ દ્વારા નહીં, પરંતુ પ્રદર્શનાર્થીઓને વિખેરવા ભાજપ દ્વારા મોકલવામાં આવેલા ગુંડાઓ દ્વારા પોલીસ અધિકારીઓને નિશાન બનાવી હિંસા આચરવામાં આવી હતી.

દીપકેએ કહ્યું હતું કે આરંભમાં જ મેં ચેતવણી આપી હતી કે

(જુઓ પાનું ૨) ▶▶

## 'ખેલો ઇન્ડિયા' માટે ૨૯,૦૫૪ કરોડ રૂપિયા ફાળવાયા

નવી દિલ્હીઃ કેન્દ્રના પ્રધાનમંડળે 'ખેલો ઇન્ડિયા' માટે રૂપિયા ૨૯,૦૫૪ કરોડ, ૨૦૩૦-૩૧ સુધી લંબાવેલી 'પીએમ-કિસાન સ્કીમ' માટે રૂપિયા ૩.૧૫ લાખ કરોડ તેમ જ 'સમુદ્ર મંથન' હેઠળ દરિયામાં ગૅસ અને તેલ માટે શારકામ કરવા રૂપિયા ૮૪,૦૮૪ કરોડ ફાળવવાનો શુક્રવારે નિર્ણય લીધો હતો.

'ખેલો ઇન્ડિયા' સ્કીમ અને નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન્સને અપાતી સહાય મળીને કુલ રકમ રૂપિયા ૩૬,૪૪૧ કરોડ થાય છે. દેશમાં ૨૦૩૦માં યોજાનારી કૉમનવૅલ્થ ગૅમ્સ (રાષ્ટ્રકુળના દેશોની રમતો) અને ૨૦૩૬માં ઑલિમ્પિક્સના આયોજન માટે કરાયેલી બિડને ધ્યાનમાં રાખીને સરકારે સ્પોર્ટ્સ માટે જંગી રકમ ખર્ચવાનો નિર્ણય લીધો હતો.

નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન્સને અપાનારી સહાય રૂપિયા ૭,૩૮૭ કરોડની છે. સરકાર 'ખેલો ઇન્ડિયા' સ્કીમ હેઠળ આંતરરાષ્ટ્રીય ઉપરાંત સ્વદેશી રમતોને પણ પ્રોત્સાહન આપી રહી છે. હાલમાં આ યોજના હેઠળ

(જુઓ પાનું ૨) ▶▶

## પાકિસ્તાનમાં જેન-ઝી તખ્ત પલટાવી શકે છેઃ મોહસિન નકવી

નવી દિલ્હીઃ પાકિસ્તાનના ગૃહ પ્રધાન મોહસીન નકવીએ ચેતવણી આપી હતી કે પાકિસ્તાનમાં કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી) જેવું વિરોધ પ્રદર્શન થઈ શકે છે. તેમણે કહ્યું હતું કે જો હતાશ યુવાનો એક થઈ જાય તો તેઓ બધું જ પલટી શકે છે. તેમણે કહ્યું હતું કે જ્યાં સુધી રાજકારણીઓ પાકિસ્તાનની શાસન વ્યવસ્થામાં સુધારો નહીં કરે ત્યાં સુધી ચીફ ઓફ ડિફેન્સ ફોર્સીસ (સીડીએફ) અસીમ મુનીરના પ્રયાસોથી કોઈ કાયમી નિકાલ નીકળશે નહીં.

પાકિસ્તાની પ્રધાનનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે પાકિસ્તાન આર્થિક સંકટ, બેરોજગારી, રાજકીય ધ્રુવીકરણથી ઝઝૂમી રહ્યું છે અને મુનીરના નેતૃત્વ હેઠળનું તંત્ર બલુચિસ્તાન, પીઓકે અને ખૈબર પખ્તૂનખ્વામાં અશાંતિને કાબૂમાં લેવાનો પ્રયાસ કરી રહ્યું છે. જોકે નકવીએ ભારતના સીજેપીનું નામ લીધું ન હતું, તેમણે નિરાશ પાકિસ્તાની યુવાનોના એક થવાનાં પરિણામો વિશે ચેતવણી આપી હતી. તેમની ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે સેંકડો વિદ્યાર્થીઓ ઇસ્લામાબાદમાં પીઓકેમાં વિરોધ પ્રદર્શનોને સમર્થન આપવા માટે એકઠા થયા હતા, જ્યાં સરકારને કાર્યવાહીમાં ડઝનેક નાગરિકો માર્યા ગયા હતા. ગુરુવારે ઇસ્લામાબાદમાં પાકિસ્તાન ઈકોનોમિક સમિટને સંબોધતા નકવીએ દલીલ કરી હતી કે અહેવાલો અનુસાર, પાકિસ્તાનનું શાસનનું માળખું ધ્વસ્ત થઈ ગયું છે. આપણે જે સિસ્ટમ હેઠળ જીવી રહ્યા છીએ તે ધ્વસ્ત થઈ ગઈ છે. તેના દ્વારા સમસ્યાઓ ઉકેલી શકાતી નથી. તેમણે ચેતવણી આપી હતી કે પાકિસ્તાન એક દાયકા પછી પણ માળખાકીય સુધારાઓ હાથ ધરવામાં નહીં આવે ત્યાં સુધી તે જ મુદ્દાઓ પર ચર્ચા કરવાનું ચાલુ રાખશે. ■

## આઈબીના અધિકારીના હત્યાના કેસમાં 'આપ'ના નેતાને જનમટીપ

નવી દિલ્હીઃ વર્ષ ૨૦૨૦ના દિલ્હી રમખાણ દરમિયાન આઈબીના અધિકારી અંકિત શર્માની હત્યા સંબંધિત કેસને મામલે દિલ્હી કોર્ટે આમ આદમી પાર્ટી 'આપ'ના ભૂતપૂર્વ નગરસેવક તાહિર હૂસૈન અને અન્ય ચાર જણને આજીવન કારાવાસની સજા આપી હતી. વધારાના સેશન્સ જજ પરવીન સિંહે આ ચુકાદો આપ્યો હતો.

કોર્ટે મૌખિક રીતે જણાવ્યું હતું કે ગુનો અત્યંત ક્રૂર હતો અને લોહી તરસ્યા ટોળાંએ પીડિત અંકિત શર્માની હત્યા કરી હતી. દોષિતોમાં કોઈ સુધારો થઈ શકે એમ નથી અને તેમનો જેલવાસ સમાજ માટે દૂષણ બનશે એવું વકીલ રેકોર્ડ પર લાવી શક્યા નથી, એમ કોર્ટે કહ્યું હતું. રમખાણો દરમિયાન આઈબી અધિકારી અંકિત શર્માની કરવામાં આવેલી હત્યાને મામલે હુસૈન અને અન્ય ચારને મૃત્યુદંડની સજા આપવાની દિલ્હી પોલીસે ગયા અઠવાડિયે માગણી કરી હતી. (એજન્સી) ■

## રાજકોટમાં મકાન અને પાણી વેરા બાકીદારો માટે મનપાની વિશેષ યોજના

### ૧ ઑગસ્ટથી ૩૦ સપ્ટેમ્બર સુધી વ્યાજમાં ₹ પાંચ હજારની રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ મહાનગરપાલિકાએ લાંબા સમયથી મકાન વેરો અને પાણી વેરો બાકી રાખનારા મિલકતધારકોને મોટી રાહત આપવાનો નિર્ણય કર્યો છે. મહાનગરપાલિકા દ્વારા જાહેર કરવામાં આવેલી વિશેષ યોજનાના અંતર્ગત આગામી ૧ ઓગસ્ટથી ૩૦ સપ્ટેમ્બર સુધીના બે મહિનાના સમયગાળામાં જે વેરાદારો પોતાની બાકી રકમ સંપૂર્ણપણે ભરપાઈ કરશે તેમને વ્યાજમાં રૂ. ૫ હજાર સુધીની માફી આપવામાં આવશે.

મહાનગરપાલિકાનાં સૂત્રોએ જણાવ્યું હતું કે, આ યોજનાનો હેતુ વધુમાં વધુ બાકી વેરાની વસૂલાત કરવો અને નાગરિકોને રાહત આપવાનો છે. હવે આ યોજનાના કારણે મહાનગરપાલિકાના ખજાનામાં કેટલી બાકી રકમ જમા થાય છે તેના પર સૌની નજર રહેશે.

આ દરમિયાન શહેરની કેટલીક સરકારી કચેરીઓ અને સંસ્થાઓના મકાન વેરા અને પાણી વેરાના બાકી લેણાં અંગે પણ ચર્ચા થઈ રહી છે.

જોકે, આ અંગે સત્તાવાર રીતે કેટલી રકમ બાકી છે અને તે યોજનાનો લાભ લેશે કે નહીં તે અંગે કોઈ સ્પષ્ટ માહિતી જાહેર કરવામાં આવી નથી. મહાનગરપાલિકા તરફથી આ મુદ્દે આગામી સમયમાં વધુ સ્પષ્ટતા થઈ શકે છે. ■

## કચ્છમાં ₹૩,૦૦૦ કરોડના ખર્ચે બનશે બે નવા હાઈસ્પીડ કોરિડોર, રોડ નેટવર્ક હાઈટેક થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ઔદ્યોગિક અને પ્રવાસન ક્ષેત્રે ઝડપથી વિકસી રહેલા કચ્છમાં આંતરમાળખાકીય સુવિધાઓને વધુ મજબૂત બનાવવાની દિશામાં મોટો વધારો થયો છે. આગામી બે દાયકાના સંભવિત વિકાસ અને વાહનોના સતત વધતા બોજને ધ્યાનમાં રાખીને કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અબજો રૂપિયાના ખર્ચે રોડ નેટવર્કને આધુનિક અને સુગમ બનાવવાની વિવિધ યોજનાઓ પર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

કચ્છમાં રોડ નેટવર્કના આધુનિકીકરણ અને મજબૂતીકરણ માટે રૂ. ૩,૦૦૦ કરોડના ખર્ચે પાંચ મુખ્ય પ્રકલ્પો પર કામ ચાલી રહ્યું છે. જેમાં ભુજ-ભચાઉ અને ભુજ-નખત્રાણા વચ્ચે હાઈસ્પીડ કોરિડોર, 'રોડ ટુ હેવન'નું અપગ્રેડેશન, મુન્દ્રા પોર્ટને જોડતા માર્ગોનું આધુનીકરણ તેમજ ગ્રીન ટેક્નોલોજી આધારિત રોડ નિર્માણનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અન્ય રાષ્ટ્રીય અને રાજ્ય ધોરીમાર્ગોના કામો પણ પ્રગતિ હેઠળ છે.

રાજ્ય સરકાર દ્વારા ભુજ-નખત્રાણા માર્ગ માટે રૂ. ૯૩૭ કરોડ અને ભુજ-ભચાઉ હાઈસ્પીડ કોરિડોર માટે રૂ. ૬૯૦ કરોડનું ભંડોળ ફાળવવામાં આવ્યું છે. આ કોરિડોર અંતર્ગત હયાત રસ્તાઓને પહોળા કરવાની સાથે ટ્રાફિકની સમસ્યા હળવી કરવા અને વાહનવ્યવહારને ગતિ આપવા માટે ઓવરબ્રિજ તથા અંડરપાસનું નિર્માણ કરવામાં આવશે. ભુજ-ભચાઉ કોરિડોરનું કામ માર્ચ ૨૦૨૭ સુધી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રખાયો છે. તાજેતરમાં જિલ્લા કલેક્ટરે પણ સ્થળ મુલાકાત લઈને પ્રગતિની સમીક્ષા કરી હતી.

રસ્તાના નિર્માણમાં ટકાઉપણું લાવવા અને પુનઃપ્રાપ્ય ઊર્જાના ઉપયોગને પ્રોત્સાહન આપવાના હેતુથી સરકારે ગ્રીન ટેક્નોલોજીનો ઉપયોગ શરૂ કર્યો છે. જે અંતર્ગત કચ્છમાં લુણી-ગુંદાલા-બાબિયા માર્ગનું કામ આધુનિક ગ્રીન ટેક્નોલોજીના માધ્યમથી કરવામાં આવશે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઈ-૨૦ પેટ્રોલ વિરોધી આંદોલન, દૂધનો દાઝ્યો છાસ પણ ફૂંકીને પીવે

'નીટ' પેપર મામલે કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના દેખાવોને 'ધુરંધર' સ્ટાઈલની ધાંય ધાંય સફળતા મળી ને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને બિસ્તરાં પોટલાં બાંધીને રવાના થવું પડ્યું તેમાંથી પ્રેરણા લઈને ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલના વિરોધમાં પણ ઓનલાઈન ઝુંબેશ શરૂ થઈ છે. ચળવળકાર તેહસીન પૂનાવાલાના ટીમ ભારત નામના સંગઠને આ આંદોલનના ભાગરૂપે શુક્રવારે દિલ્હીમાં સંસદની સામે ગડ્ડી માર્ચ યોજવાની જાહેરાત કરેલી. પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલની ભેળસેળ કરીને વેચાતા ઈ-૨૦ પેટ્રોલનો વિરોધ કરવા માટેની આ ગડ્ડી માર્ચને પોલીસે મંજૂરી ના આપતાં આ કૂચ મોકૂફ રાખવી પડી પણ સોશ્યલ મીડિયા પર ઈ-૨૦નો વિરોધ જોરશોરથી ચાલુ છે.

દિલ્હીની ચૂંટણીમાં ભાજપ સામે ભૂંડી રીતે હારી ગયા પછી ફરી બેઠા થવા ફાંફાં મારતા આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલ પણ શનિવારે દિલ્હીમાં દેખાવો કરવાના છે. કેજરીવાલ દેખાવો કરી શકશે કે નહીં તેની ખબર આજે પડી જશે પણ ઈ-૨૦ સામેના વિરોધે સરકારને દોડતી કરી દીધી છે તેમાં શંકા નથી. પૂનાવાલાની ટીમ ભારતે સીજેપીમાંથી પ્રેરણા લઈને ઈ -૨૦ પેટ્રોલ વેચવાનું બંધ ના કરાય તો સીજેપીની જેમ જંતર મંતર ખાતે ધરણાં કરવાની પૂરી તૈયારી હોવાનું એલાન કર્યું છે.

સીજેપીની જેમ આ આંદોલન મોટું થાય ને સરકારની આબરૂનો વધારે ફજેતો ના થાય એ માટે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે આ વિરોધને ઉગતો જ ડામી દેવા માટે મથામણ શરૂ કરી છે. તેના ભાગરૂપે કેન્દ્રીય પેટ્રોલીયમ મંત્રી હરદીપસિંહ પુરીને શુક્રવારના દેખાવોના એક દિવસ પહેલાં ટીમ ભારતના પ્રતિનિધીઓને મળવા દોડાવાયા. પુરીની ટીમ ભારતના પ્રતિનિધીઓ સાથેની મીટિંગ લગભગ ચાર કલાક લગી ચાલી. સ્વાભાવિક રીતે જ ચાર કલાક લગી બધાંએ એકબીજાના ખબરઅંતર તો ના જ પૂછ્યા હોય તેથી લાંબી ચર્ચા તો થઈ જ હશે પણ તેની વિગતો બહાર આવી નથી પણ મોટા ભાગે ટીમ ભારતે પોતાની માગો અંગેના પુરાવા રજૂ કર્યા હશે.

ટીમ ભારતનું કહેવું છે કે, ઈ-૨૦ પેટ્રોલના કારણે વાહનોનાં એન્જિનને ભારે નુકસાન થઈ રહ્યું છે ને કારમાલિકોને મોટો આર્થિક ફટકો પડી રહ્યો છે. માઈલેજ ઘટે છે તેથી સરવાળે બોજ વધે છે ને એન્જિનને નુકસાન થાય છે તેથી મેનટેનન્સનો ખર્ચ પણ વધે છે. આમ કારમાલિકોને ઈ-૨૦ પેટ્રોલ વાપરવાથી ચારે બાજુથી ફટકો પડે છે. આ ફટકો ના પડે એ માટે ટીમ ભારતે કેટલીક માગણીઓ પણ મૂકી છે.

ટીમ ભારતની મુખ્ય માગ એ છે કે, ૨૦૨૩ પહેલાં બનેલાં લાખો વાહનો માટે ઇ-૧૦ પેટ્રોલ ઉપલબ્ધ કરાવવામાં આવે. આ વાહનો ઇ-૨૦ પેટ્રોલના સતત ઉપયોગ માટે બનાવવામાં આવ્યા ન હોવાથી તેમને સતત નુકસાન થઈ રહ્યું છે. આ ઉપરાંત દેશભરના પેટ્રોલ પંપ પર શુદ્ધ પેટ્રોલ (ઇઓ) વ્યાજબી ભાવે ઉપલબ્ધ કરાવવામાં આવે જ્યારે ઇ-૨૦ પેટ્રોલના ભાવ શુદ્ધ પેટ્રોલની સરખામણીમાં ૨૦ ટકા ઓછા રાખવા જોઈએ.

ટીમ ભારતનો દાવો તો એવો પણ છે કે, પેટ્રોલમાં ઈથેનોલ ભેળવવાનો આખો ખેલ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીના છોકરાઓની કંપનીઓને ફાયદો કરાવવા કરાઈ રહ્યો છે તેથી ગડકરીને પણ ધર્મેન્દ્ર પ્રધાનની જેમ ઘરભેગા કરી દેવા જોઈએ. આ માગ પુરી સામે મૂકાઈ કે નહીં એ ખબર નથી. પુરીએ બીજી માગો અંગે શું જવાબ આપ્યો એ પણ ખબર નથી પણ પુરી ઈ-૨૦ના ફાયદા ગણાવવાથી વધારે બીજું શું કહેવાના ? પુરી તો ચિઠ્ઠીના ચાકર છે એટલે સાહેબના દોડાવ્યા દોડી આવ્યા ને સાહેબને જઈને બધો રિપોર્ટ આપી દેશે. તેના આધારે હવે પછી શું કરવું એ સરકાર નક્કી કરશે પણ ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલના મુદ્દે સરકાર લાંબુ પહોળું ચિતરામણ કરીને બેસી ગઈ હોવાથી સરકાર પારોઠનાં પગલાં ભરી શકે તેમ નથી એ જોતાં ટીમ ભારતની માંગણીઓ સ્વીકારાય એવી શક્યતા નથી.

સરકારની હાલત અત્યારે દૂધનો દાઝ્યો છાસ ફૂંકી ફૂંકીને પીવે એવી છે. સીજેપીએ ઈજ્જતનો કચરો કરી નાંખ્યો તેથી જેન-ઝી જોરમાં છે. જેન-ઝી હઈસો હઈસો કરીને ઈ-૨૦ પેટ્રોલ વિરોધના આંદોલનમાં પણ કૂદી પડે તો આખી દુનિયામાં હાંસીને પાત્ર થઈ જવું પડે તેથી સરકારે સતર્કતા વાપરીને પહેલેથી આંદોલનને શાંત પાડવા માટે પુરીને દોડાવ્યા, બાકી સરકારે તો આ આંદોલનની હવા કાઢવા માટે પણ નીટ પેપર લીક મુદ્દે અપનાવેલી એ જ રણનીતિ અપનાવી છે. મતલબ કે સોશિયલ મીડિયા પર ધમાધમી બોલાવીને લોકોને ભ્રમિત કરી નાંખવા.

પૂનાવાલા આણિ મંડળીને પાકિસ્તાન-ચીનના એજન્ટ ગણાવવામાં જોખમ છે કેમ કે અભિજીત દીપકેની ટીમને પાકિસ્તાન-ચીનના એજન્ટ ગણાવવા ને દેશદ્રોહી ચિતરવા જતાં જેન-ઝી વધારે ભડકી ગયેલી. આ વખતે એવી સ્થિતી ન થાય એટલે ઈ-૨૦ પેટ્રોલ સામેના વિરોધમાં પૂનાવાલા એન્ડ કંપનીને ટાર્ગેટ નથી કરાઈ પણ ઈથેનોલના ફાયદા ને ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલ વાપરવાથી દેશને કેટલો ફાયદો થઈ રહ્યો છે તેને લગતા જૂઠાણાંનો મારો ચલાવવા માટે ભાજપની સોશ્યલ મીડિયા ટીમને કામે લગાડી જ દેવાઈ છે.

ભાજપની સોશ્યલ મીડિયા ટીમનાં જૂઠાણામાંથી બે મોટાં જૂઠાણાં અત્યારે ચર્ચાનો વિષય બન્યો છે ને સરકારની હાંસી પણ ઊડી રહી છે. તેમાંથી પહેલું જૂઠાણું એ કે, ઈ-૨૦ પેટ્રોલ હાઈ-ઓક્ટેન ફ્યુઅલ છે અને ૧૦૮.૫ ઓક્ટેન ધરાવે છે. કોઈ પણ ફ્યુઅલ કેટલું શક્તિશાળી છે એ ઓક્ટેનમાં મપાય છે. સરળ શબ્દોમાં ઓક્ટેન એ દબાણ હેઠળ બળતણની સ્થિરતાનો માપદંડ છે. હાઈ ઓક્ટેન ફ્યુઅલનો મતલબ એ થયો કે, હાઈ-પર્ફોર્મન્સ એન્જિનમાં અચાનક વિસ્ફોટ અથવા એન્જિન નોકિંગ સામે વાહન વધુ સારી રીતે ટકી રહે છે. ભાજપના દાવા પ્રમાણે, પહેલાં મળતું પેટ્રોલ ૮૪.૪ ઓક્ટેનનું હતું જ્યારે ઈ-૨૦ તો ૧૦૮.૫ ઓક્ટેન ધરાવે છે તેથી તેના કારણે વધારે માઈલેજ મળે. મજાની વાત એ છે કે, કેન્દ્ર સરકારે પોતે જ પીઆઈબી મારફતે સ્પષ્ટતા કરેલી કે, શુદ્ધ ઈથેનોલ ૧૦૮.૫ ઓક્ટેન ધરાવે છે જ્યારે પેટ્રોલ ૮૪.૪ ઓક્ટેન ધરાવે છે. અત્યાર લગી મળતા ઈ-૧૦ પેટ્રોલનો ઓક્ટેન નંબર ૯૧ હતો જ્યારે ઈ-૨૦નો ઓક્ટેન ૯૫ ધરાવે છે. સરકારના પોતાના દાવાથી અલગ દાવો ભાજપ કરે તેનો મતલુ એ જ થાય ને કે ભાજપ જૂઠાણું ચલાવે છે.

ભાજપે બીજું જૂઠાણું એ ચલાવ્યું કે, ઈ-૨૦નો ઉપયોગ કરવાથી ૩૧૦ લાખ મેટ્રિક ટન ક્રૂડ ઓઈલની આયાત ઓછી કરવી પડી તેથી દેશને ૧.૯૦ લાખ કરોડ રૂપિયાનો ફાયદો થયો. સાદા શબ્દોમાં આ વાતનો અર્થ એવો થાય કે, ભારતની ક્રૂડની આયાતમાં ૩૧૦ લાખ મેટ્રિક ટન ક્રુડ ઓછું ખરીદવું પડ્યું. ખરેખર એવું છે ? ના, બિલકુલ નહીં. વાસ્તવમાં ૨૦૧૪થી અત્યાર લગી ભારતમાં ૩૧૦ લાખ મેટ્રિક ટન ઈથેનોલ વપરાયું તેથી એટલું ક્રૂડ ઓછું આયાત કરવુ પડ્યું એવું અર્થઘટન કરી દેવાયું. તેના કારણે થયેલી બચત ૧૨ વર્ષમાં થયેલી છે ત્યારે તેને ઈ-૨૦ના કારણે થયેલી બચત કઈ રીતે ગણી શકાય ? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર વર્ષાઋતુ, શનિવાર, તા. ૧-૮-૨૦૨૬, લોકમાન્ય ટિળક પુણ્યતિથિ, ગુજરાતમાં મોળાકત અને જયાપાર્વતી વ્રતના પારણાં

- ભારતીય દિનાંક ૧૦, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અષાઢ વદ -૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અષાઢ, તિથિ વદ -૩
- પારસી શહેનશાહી રોજ ૨૨મો ગોવાદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૭મો સરોશ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૧૪મો ગોશ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૭મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૮મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર શતભિષા રાત્રે ક. ૨૦-૪૪ સુધી, પછી પૂર્વાભાદ્રપદા

ચંદ્ર કુંભમાં

- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૨, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૦, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-ૠ
- ભરતી : બપોરે ક. ૧૩-૪૩, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૫૦ (તા. ૨)
- ઓટઃ સવારે ક. ૦૭-૦૭, રાત્રે ક. ૧૯-૫૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, અષાઢ કૃષ્ણ - તૃતીયા. લોકમાન્ય ટિળક પુણ્યતિથિ, ગુજરાતમાં મોળાકત અને જયાપાર્વતી વ્રતના પારણાં, ભદ્રા સવારે ક. ૧૦-૫૨થી રાત્રે ક. ૨૩-૦૭.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃ ગુજરાતમાં આજે મોળાકત અને જયાપાર્વતી વ્રતના પારણાનો મહિમા છે. લોકમાન્ય ટિળક પુણ્યતિથિની ઉજવણી થશે. વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, શનિ-રાહુ દેવતાનુ પૂજન, વરુણ દેવતાનું પૂજન, કદંબનું વૃક્ષ વાવવું, હનુમાનચાલીસા સુંદર કાંડ, શનિ-મંદિરમાં પાટ-અભિષેક પૂજા, ધજા કળશ પતાકા ચઢાવવી, વૃક્ષ વાવવા, પશુ લેવડદેવડ.

ઓગસ્ટ-૨૦૨૬નાં સંક્ષિપ્તઃ ગ્રહ-રાશિ-નક્ષત્ર, ઉદય -અસ્તઃ તા. ૧ ઓગસ્ટના ૨૦૨૬નાં સૂર્યાદિ ગ્રહનાં ઉદય અસ્તઃ મુંબઇ સૂર્યોદયઃ ક. ૦૬ મિ. ૧૬, સૂર્યાસ્તઃ ક. ૧૯ મિ. ૧૨, ચંદ્ર ઉદયઃ ક. ૨૧-૦૫, ચંદ્ર અસ્તઃ ક. ૦૮-૨૪, બુધ ઉદય ક. ૦૪-૫૧, બુધ અસ્તઃ ક. ૦૫-૫૦. શુક્ર ઉદય ક. ૦૯-૩૩, અસ્તઃ ક. ૦૯-૩૯, મંગળ ઉદયઃ ક. ૦૨-૫૨, અસ્તઃ ક. ૧૬-૦૨, ગુરુ ઉદયઃ ક. ૦૬-૦૮, અસ્તઃ ક. ૧૯-૦૨, શનિ ઉદયઃ ક. ૨૨-૪૯, અસ્તઃ ક. ૧૧-૦૦ તા. ૧ ઓગસ્ટ સૂર્યોદયના સમયે કર્ક રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્યાસ્તના સમયે ધનુ રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્ય પ્રારંભે તા. ૩જીએ આશ્લેષામાં, તા. ૧૭મીએ મઘામાં પ્રવેશે છે. મંગળ તા. ૧૨મીએ આર્દ્રામાં પ્રવેશે. બુધ તા. ૮મીએ પુષ્ય, તા. ૧૬મીએ આશ્લેષા, તા. ૨૨મીએ મઘા નક્ષત્ર, તા. ૨૯મીએ પૂર્વાફાલ્ગુની નક્ષત્રમાં પ્રવેશે છે.

માર્ગી ગુરુ સમગ્ર તા. ૧૯મીએ આશ્લેષામાં પ્રવેશે છે. શુક્ર તા. ૧૧મીએ હસ્ત, તા. ૨૫મીએ ચિત્રામાં પ્રવેશે છે. વક્રી શનિ રેવતી નક્ષત્રમાં સમગ્ર માસમાં રહે છે. રાહુ ઘનિષ્ઠા ૪થા ચરણમાં નક્ષત્રમાં તા. ૨જીએ પ્રવેશે છે. કેતુ મઘા નક્ષત્ર ૨જા ચરણમાં પ્રવેશે.

- આચમનઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવના
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-વૃષભ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-સિંહ/ કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## વાચકની કલમે

ભૂપેન્દ્ર રતિલાલ દોશી

# યુગપુરુષ બાળ ગંગાધર ટિળક



**'સ્વાતંત્ર્ય** એ મારો જન્મસિદ્ધ અધિકાર છે અને તે હું મેળવીશ જ' એવી સિંહ ગર્જના કરનાર બાળ ગંગાધર ટિળકનો જન્મ મહારાષ્ટ્રના દાપોલી તાલુકામાં ચિખલગાંવ ગામમાં ૨૩ જુલાઇ, ૧૮૫૬ના રોજ થયો હતો.

પુણેમાં તેમનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ થયું હતું. વાંચન તેમને ખૂબ જ પ્રિય હતું. ગણિત વિષય પર તેમને વિશેષ પ્રેમ હતો. વિદ્યાર્થી કાળમાં તેમને આગરકર ઉપર વિશેષ સ્નેહ હતો. ચિંપળુણકર નવી શાળા શરૂ કરવાના છે જાણીને તેઓ તત્પરતાથી મળવા માટે ગયા. ૧ જાન્યુઆરી, ૧૮૮૦ના રોજ ન્યૂ ઇંગ્લિશ સ્કૂલની શરૂઆત થઇ. ટિળક મેઘદૂત અને નીતિશતક શિખવતા હતા. ચિંપળુણકરના નિધન પછી સંસ્થાને અધિક નિયમબદ્ધ અને સ્થાનિક સ્વરૂપ દેવાના હેતુથી ડેક્કન એજ્યુકેશન સોસાયટી સ્થાપન કરવામાં આવી. ત્યારબાદ બે મહિના જ ફર્ગ્યુશેન કૉલેજને મૂર્ત સ્વરૂપ ધારણ કરેલ.

શાળા, કૉલેજના વિદ્યાર્થીઓ પર સંસ્કાર માટે તથા આ સંસ્થાની બહાર લાખો દેશબાંધવોને સુશિક્ષિત કરવું જરૂરી હોવાને લીધે તેમના માટે 'કેસરી' અને 'મરાઠા' અનુક્રમે મરાઠી અને ઇંગ્લિશ પ્રકાશનો શરૂ કરવામાં આવ્યાં. આ વર્તમાનપત્ર રોજિંદા પ્રશ્નો ઉપરાંત લોકસ્થિતિ પર નિબંધ, નવીન ગ્રંથો ઉપર ટીકા તેમ જ વિલાયતનાં રાજ્ય પ્રકરણના વાટાઘાટોના સારાંશ આપવામાં આવશે એમ તંત્રીશ્રીએ જાહેર કરેલ હતું.

'કેસરી' એ લોકશિક્ષણના હેતુથી રાજકારણ, સમાજકારણ અને અર્થકારણ એવા વિવિધ વિષયો ઉપર નિઃપક્ષપાતી તેમ જ કાલસંગત લેખ વાચકો સામે રાખ્યા. લોકોમાં નિષ્કામ લોકસેવા, સ્વાવલંબન વિ. ગુણોની વૃદ્ધિ માટે પોતાની કલમ ઘસી નાખી.

લોકોમાં એકેયની ભાવના વૃદ્ધિ માટે જે અનેક સાધનો હોય છે. તેમાંનું એક ઉપાસ્ય દૈવત હોવું જરૂરી છે. એક ધર્મ, એક રાજા, એક ભાષા એ રાષ્ટ્રીયત્વનું પ્રધાન અંગ છે. તેથી તેમણે સાર્વજનિક ગણેશ ઉત્સવ શરૂ કર્યો હતો. તેમ જ શિવજયંતી ઉત્સવને પણ ટેકો આપેલ હતો. જે શૂરવીર પુરુષે દેશનું નામ અજરામર કર્યું તેના માટે કૃતજ્ઞતા બુદ્ધિ વ્યક્ત કરવાની ભાવના હતી. તેનાથી પણ મહત્ત્વનો હેતુ એ હતો કે રાષ્ટ્રના મહાપુરુષનું સ્મરણ એ રાષ્ટ્રીયત્વ કાયમ રહેવા માટે ઉત્તમ સાધન છે.

૧૮૯૫માં ટિળકે શિવ સમાધીના જિર્ણોદ્ધાર માટે ચળવળ શરૂ કરીને શિવજયંતીને રાષ્ટ્રીય ઉત્સવનું સ્વરૂપ આપ્યું. મહારાષ્ટ્રના અલગ-અલગ જાતિના લોકો એક ઠેકાણે બેસવાનું સ્થાન હોય તો તે શિવ છત્રપતિનું ચરિત્ર જ હોઇ શકે એવો વિચાર કેસરીમાં વ્યક્ત કર્યો.

ટિળકના નેતૃત્વને આવાહન આપનારી બાબત પ્લેગ અને દુષ્કાળનું સંકટ. સાર્વજનિક સભા દ્વારા દુષ્કાળની માહિતી ભેગી કરીને સરકાર આગળ પ્રસ્તુત કરવી, દુષ્કાળગ્રસ્ત લોકોને મદદ કરવી. તેમને કામ આપવું વિ. જવાબદારી ટિળકે પોતાના ખભા ઉપર લીધી. લોકોને તેમના હક્ક સમજાય માટે 'ફેમિન રિલીફ કોડ'નું ભાષાંતર મરાઠીમાં તૈયાર કર્યું.

પ્લેગ નિવારણાર્થે સરકારે નિમેલ્યા સમિતિના અધ્યક્ષ વૉલ્ટર રૅન નામના અધિકારી હતા. ટિળકે રૅન શાહીનું નગ્ન, બીભત્સ સ્વરૂપ કેસરી દ્વારા લોકોને જણાવ્યું રૅન શાહીના જુલમ શાહીના લીધે રૅનનું ખૂન થયું. ત્યારે ટિળકનો સંબંધ રૅન ખૂન સાથે જોડવા માટે સરકારે આકાશ-પાતળ એક કર્યું, પરંતુ સરકારને આ પ્રયત્નમાં યશ ન મળ્યો. ત્યારે શાસને તેમની ઉપર રાજદ્રોહનો આરોપ લગાડીને ટિળકને દોઢ વર્ષની શખત મજૂરીની શિક્ષા થઇ.

૧૯૦૫થી ૧૯૦૮ આ કાળખંડ ભારતના ઇતિહાસમાં મહત્ત્વનું ગણવામાં આવે છે. ટિળકની કારકિર્દી રોમાંચકારી ઘટનાથી ભરેલ છે. આ ચાર વર્ષમાં તેમની કિર્તીએ પ્રાંતીય સીમા પાર કરીને આખા ભારત દેશના ખૂણેખાંચરે ફેલાઇ ગઇ.

સ્વદેશી બહિષ્કારની ચળવળ દેશવ્યાપી થઇ. આ સંદર્ભમાં ટિળકનું કાર્ય આકાશ જેવડું મોટું છે. દીર્ઘકાલીન દાસત્વના લીધે લોકોનું નીતિ ધૈર્ય ખલાસ થયેલ હતું. એવા કાળમાં નીતિ ધૈર્ય વધારવામાં ટિળકે સર્વ પ્રયત્નો કર્યા.

ટિળકના રાજકીય જીવનનું મહત્ત્વ બાબત એટલે હોમરૂલની ચળવળ, આર્યર્લેન્ડના પદ્ધતિ પ્રમાણે હોમરૂલ ચળવળ ઊભી કરવાની ઘોષણા ટિળકે ૧ મે ૧૯૧૬ના રોજ બેલગાંવના પ્રાંતિક પરિષદમાં કરી. 'સ્વરાજય આ મારો જન્મસદ્ધિ હકક છે.' એ કલ્પનાં આ ચળવળ દ્વારા લોકોને ગળે ઉતારી.

સ્વાતંત્ર્ય પ્રાપ્તી માટે ચાર સૂત્રી કાર્યક્રમ ટિળકે તૈયાર કરેલ હતો. સ્વદેશી, બહિષ્કાર, રાષ્ટ્રીય શિક્ષણ અને સ્વરાજય આ ચાર સાધનોનો પુરસ્કાર ટિળક કરતા હતા. જનસામાન્ય લોકોમાં રાષ્ટ્રપ્રેમ, સ્વતંત્રતા, સંઘટન જેવા ગુણો વિકસિત થાય તે માટે તેમણે સાર્વજનિક ગણેશ ઉત્સવ અને શિવજયંતી ઉત્સવોની શરૂઆત કરેલ હતી.

લોકમાન્ય ટિળક વિશે ઘણું લખી શકાય, પરંતુ સ્થળ-સંકોચને લીધે કલમને વિરામ આપું છું.

૧ ઑગસ્ટ, ૧૯૨૦ના રોજ મુંબઇ ખાતે આ મહાન વ્યક્તિએ છેલ્લા શ્વાસ લીધા અને આખો દેશ શોક સાગરમાં ડૂબી ગયો. ■

## પહેલા પાનાનું ચાલુ

### ખેલો ઈન્ડિયા

૨,૮૦૦ ઍથ્લીટ તૈયાર કરાઇ રહ્યા છે. ખેડૂતો માટેની 'પીએમ-કિસાન યોજના'ને આગામી પાંચ વર્ષ માટે લંબાવાઇ છે. તેમાં ખેડૂતોને અપાતો આર્થિક લાભ સીધો તેઓના ખાતામાં જમા કરાય છે. 'સમુદ્ર મંથન' યોજના હેઠળ દરિયામાં ઊંડાણમાં ગૅસ અને તેલ શોધવા શારકામ કરવા જંગી રકમ ફાળવાશે. આ યોજના હેઠળ સરકાર દરેક વૅલ (તેલ અને ગૅસના કૂવા)ને રૂપિયા ૬૫૦ કરોડની સહાય આપશે. આ યોજના હેઠળ દરિયામાં અંદાજે ૧,૫૦૦ મીટરથી વધુ ઊંડાઇએ ગૅસ અને તેલ શોધવા શારકામ કરાશે. (એજન્સી)■

### મોદીએ વ્યક્ત કર્યું દુઃખ

ઇમારત ધરાશાયી થવાની દુર્ઘટનામાં થયેલા મૃત્યુ વિશે સાંભળીને દુઃખ થયું. આ દુઃખની ક્ષણમાં મારી સંવેદનાઓ શોકગ્રસ્ત પરિવારો સાથે છે. તેમણે ઘાયલોના જલદી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી હતી. તેમજ વડા પ્રધાને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી દરેક મૃતકના પરિવારને બે લાખ રૂપિયા અને દરેક ઘાયલ વ્યક્તિને ૫૦,૦૦૦ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી હતી. આ ઇમારતને નગર અધિકારીઓએ ખતરનાક જાહેર કરી હતી. દુર્ઘટના સમયે પરિસરમાં સમારકામનું કામ ચાલી રહ્યું હતું. ■

### અમેરિકામાં ભણતા

અને અમેરિકાનો નાગરિક બને, તે પછી તેને પાછી અપાશે. અમેરિકામાં અભ્યાસ કરી રહેલા વિદેશી વિદ્યાર્થીઓમાં ઑપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (ઓપીટી) વિઝા પ્રોગ્રામ લોકપ્રિય છે. અમેરિકા ભણવા જતાં વિદ્યાર્થીઓમાં ભારતીયો અને ચીનના સ્ટુડન્ટ્સની સંખ્યા ઘણી વધુ છે. વિદેશી વિદ્યાર્થીએ ઑપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (ઓપીટી) વિઝા પ્રોગ્રામ લીધો ન હોય, તો તેણે ગ્રેજ્યુએશન પછી તાત્કાલિક અમેરિકા છોડવું પડે છે.

ટ્રમ્પ વહીવટીતંત્રની આવી નીતિને લીધે અમેરિકા ભણવા જતાં વિદેશી, ખાસ કરીને ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી ઘટી ગઇ છે. અમેરિકાની યુનિવર્સિટીઓ પણ સ્ટુડન્ટ્સ વિઝા ફીમાંના સૂચિત વધારાનો વિરોધ કરી રહી છે. (એજન્સી)■

### ભાજપના ગુંડાઓએ

વિરોધપ્રદર્શનને ખોરવી નાખવા અસામાજિક તત્ત્વોને મોકલવામાં આવશે.

ભાજપના ગુંડાઓ દ્વારા જ આ કરવામાં આવ્યું હતું એમ જણાવતાં દીપકેએ કહ્યું હતું કે હું પહેલા દિવસથી જ કહેતો હતો કે આંદોલનને વિખેરવા ભાજપ દ્વારા ગુંડાઓ મોકલવામાં આવશે. સરકાર સામે સવાલ ઉઠાવી રહેલા અને પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓને નિરુત્સાહ કરવા પોલીસ દ્વારા ગુંડાઓને બદલે નિર્દોષ વિદ્યાર્થીઓને નિશાન બનાવવામાં આવ્યા હોવાનો દીપકેએ આક્ષેપ કર્યો હતો અને કહ્યું હતું કે આ ગુંડાઓ વિરુદ્ધ કાનૂની કાર્યવાહી કરવામાં આવવી જોઈએ. ■

### ભિવંડીમાં ઈમારત તૂટી પડી

કેટલાક રહેવાસીઓ બહાર નીકળી રહ્યા હતા ત્યારે જ બિલ્ડિંગની 'બી' વિંગ ધરાશાયી થઈ ગઈ હતી અને અમુક રહેવાસીઓએ અંદર ફસાઈ ગયા હતા.

બિલ્ડિંગ ધરાશાયી થવાની જાણ થતા જ તાત્કાલિક ઘટના સ્થળે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ, થાણે ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ અને સ્થાનિક ફાયર બ્રિગ્રેડે પહોંચીને બચાવ કામગીરી હાથ ધરી હતી. કાટમાળ હેઠળ રહેવાસીઓ ફસાયા હોવાના ડરે ડૉગ સ્ક્વોડ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ચાર ફાયર ઍન્જિન, બે ઍમ્બ્યુલન્સ અને જેસીબીની મદદ લેવામાં આવી હતી. સવાર સુધીમાં એક પછી એક નવ મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. આ દરમ્યાન બિલ્ડિંગના કાટમાળ હેઠળ વધુ લોકો ફસાયા હોવાના ડરે સાંજ સુધી બચાવ કામગીરી ચાલુ હતી. સાંજના કાટમાળ હેઠળથી વધુ એક મૃતદેહ મળતા મૃત્યુઆંક સાંજ સુધીમાં ૧૦ થઈ ગયો હતો. ભિવંડીમાં થયેલી દુર્ઘટના બાબતે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે દુઃખ વ્યક્ત કર્યું હતું અને પાલિકા કમિશનરને જવાબદાર વ્યક્તિઓ સામે કેસ નોંધવા અને ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપી હતી. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સોશ્યલ મિડિયા પર ટ્વીટ કર્યું હતું કે બિલ્ડિંગનું સમારકામ ચાલી રહ્યું હતું ત્યારે આ દુર્ઘટના બની હતી. જખમીઓની સારવાર ચાલી રહી છે. બિલ્ડિંગના રહેવાસીઓને સ્થળાંતરિત કરવામાં આવ્યા છે અને મૃતકોના પરિવારોને સરકારી નિયમો અનુસાર સહાય પૂરી પાડવામાં આવશે. ભિવંડી નિઝામપુર પાલિકા પ્રશાસને જણાવ્યું હતું કે સાત, સપ્ટેમ્બર, ૨૦૨૦માં આ બિલ્ડિંગને જોખમી તરીકે ઓળખી કાઢી હતી અને તેના માલિકને સ્ટ્રક્ટરલ ઓડિટનો રિપોર્ટ સબમિટ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. એ બાદ બાવીસ એપ્રિલ, ૨૦૨૨ના તેને ફરી સ્ટ્રક્ચરલ ઓડિટ માટે રીમાઈન્ડર મોકલવામાં આવ્યું હતું પણ તેણે પાલિકાના આદેશને ગણકાયારાયો નહોતો અને બિલ્ડિંગમાં લોકોએ રહેવાનું ચાલુ જ રાખ્યું હતું. તેથી ચાલુ વર્ષે પાંચ જૂનના બિલ્ડિંગને ખાલી કરવાની નોટિસ જારી કરી હતી અને ત્યારબાદ વીજળી અને પાણી પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો. તેમ છતાં પ્રોપર્ટીના માલિકે પાલિકા પ્રશાસન પાસેથી કોઈપણ પ્રકારની પરવાનગી નહીં લેતા ગેરકાયદે રીતે બિલ્ડિંગનું સમારકામ શરૂ કર્યું હતું. ગુરુવાર, ૩૦ જુલાઈ, ૨૦૨૬ના સવારના આસિસ્ટન્ટ કમિશનરે અધિકારીઓ સાથે બિલ્ડિંગની મુલાકાત લીધી હતી અને બિલ્ડિંગ સુરક્ષિત ન હોવાનું કહીને તેને તાત્કાલિક ખાલી કરવાની નોટિસ પણ આપી હતી. એ બાદ પાલિકાની ટીમે તાત્કાલિક બિલ્ડિંગમાં રહેતા ૩૫થી ૪૦ રહેવાસીઓ અને સમારકામ કરી રહેલા મજૂરોને ત્યાંથી હટાવ્યા હતા. કૉન્ટ્રેક્ટર અને વર્કરને કામ બંધ કરવાનું પણ કહેવામાં આવ્યું હતું, છતાં તે લોકોએ વાત સાંભળી નહોતી. તેમ જ અમુક રહેવાસીઓએ પણ બિલ્ડિંગ ખાલી કરવાનો ઈનકાર કર્યો હતો. પાલિકા કમિશનરે મંજૂરી વગર ગેરકાયદે રીતે સમારકામ કરવા બદલ કૉન્ટ્રેક્ટર સામે સખત દંડાત્મક પગલા લેવાની સાથે જ તેની સામે ફોજદારીનો ગુનો નોંધવાનો આદેશ આપ્યો હતો. ભિવંડીના મેયર નારાયણ ચૌધરીએ શુક્રવારે જણાવ્યું હતું કે ભિવંડીમાં ઓછામાં ઓછી ૧૩૦ થી ૧૪૦ સૌથી જોખમી બિલ્ડિંગ આવેલી છે જેને તાત્કાલિક ખાલી કરાવવાની જરૂર છે. ■

### મોરક્કોથી ૬૦,૦૦૦થી વધુ

છે. અહીં ઓછામાં ઓછા ૩૪ માઇગ્રન્ટ માર્યા ગયા હતા. તેઓમાંના મોટા ભાગના તણાઇ ગયા હતા, જ્યારે કેટલાક તરાજલ બીચના (ખાડીના) કિનારે બાંધવામાં આવેલી વાડ તોડીને સ્પેનના સેઉટામાં ઘૂસવાનો પ્રયાસ કરતા અમુક લોકો દરિયામાં તણાઇ ગયા હતા.

માઇગ્રન્ટ્સમાંના મોટા ભાગના લોકો મોરક્કોના નાગરિકો હોવાનું કહેવાય છે. માઇગ્રન્ટ્સનાં અનેક ટોળાં તરાજલ બીચ અને સ્પેનના સેઉટાના રસ્તા પર ફરતા જોવા મળતા હતા.

મોરક્કોમાંથી સ્પેનમાં મોટી સંખ્યામાં ઘૂસેલા માઇગ્રન્ટ્સમાં યુવાનોની સંખ્યા ઘણી વધુ છે અને તેઓની સાથે પરિવારમાં મહિલાઓ અને નાના બાળકો પણ છે.

મોરક્કોમાંથી ઘૂસેલા માઇગ્રન્ટ્સ 'વિવા એસ્પાના' (સ્પેનની જય હો અથવા સ્પેન અમર રહે) કહેતા નારા પોકારતા હતા. સ્પેનના સેઉટામાં ઘૂસેલા શરણાર્થીઓને પાછા મોરક્કો મોકલવા મોટા પાયે પગલાં લેવાનું શરૂ કરાયું હતું. મોરક્કોના ગૃહ મંત્રાલય કે મોરક્કોના અન્ય કોઇ સત્તાવાળાએ શુક્રવારે મોડી રાત સુધી આ સંબંધમાં કોઇ સ્પષ્ટતા નહોતી કરી. મોરક્કોમાંથી મોટી સંખ્યામાં માઇગ્રન્ટ્સ જિબ્રાલ્ટર ખાડીમાં તરીને સ્પેનના સેઉટામાં ઘૂસવા પ્રયાસ કરે છે. સ્પેનનું સેઉટા ઉત્તર આફ્રિકાના કાંઠા પર આવેલું છે અને તે મોરક્કોના શહેર ફનિડેકથી અંદાજે ત્રણ માઇલ (પાંચ કિલોમીટર) દૂર છે અને તેથી અવારનવાર લોકો ખાડીમાં તરીને સ્પેનમાં ઘૂસે છે.(એજન્સી)■

### ગુજરાતમાં વરસાદનો આતંક

જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી.

૧૨ કલાકના ડેટાનું વિશ્લેપણ કરવામાં આવે તો સુરત, ભરૂચ, નવસારી, તાપી, ડાંગ, વલસાડ જિલ્લામાં મેઘરાજા મહેરબાન રહ્યા હતા. સમગ્ર રાજ્યમાં સૌથી વધુ વરસાદ સુરત જિલ્લાના અંબિકા તાલુકામાં ૧૧.૪૬ ઇંચ નોંધાયો હતો. આ સિવાય ભરૂચની નેત્રંગમાં ૧૧.૦૨ ઇંચ, સુરતના ઉમરપાડામાં ૧૦ ઈંચ, સુરતના માંગરોળમાં ૯.૮૮ ઈંચ, નવસારીના વાંસદામાં ૯.૮૪ ઈંચ, ખેડાના વસોમાં ૯.૫૩ ઈંચ, તાપીના ડોલવણમાં ૯.૩૭ ઈંચ, ડાંગના સુબીરમાં ૮.૫ ઈંચ વરસાદ ખાબક્યો હતો.

રાજ્યના અન્ય તાલુકાની પરિસ્થિતિ પર નજર કરીએ તો ખેડાના નડિયાદમાં ૭.૯૧ ઈંચ, વલસાડના ધરમપુરમાં ૭.૮ ઈંચ, સુરતના અરેઠમાં ૭.૭૨ ઈંચ, આણંદના ખંભાતમાં ૭.૫૬ ઈંચ, સુરતના પલસાણામાં ૭.૫૨ ઈંચ, નવસારી તાલુકામાં ૭.૪૪ ઈંચ, ખેરગામમાં ૭.૨૮ ઈંચ વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત સુરતના બારડોલી અને આણંદના બોરસદમાં ૭.૨૪-૭.૨૪ ઈંચ વરસાદ ખાબક્યો હતો. તે જ પ્રકારે અમદાવાદમાં પણ હવામાન વિભાગ દ્વારા રેડ અલર્ટ જાહેર કરાયું હતું. એટલે કે શહેર અને જિલ્લાના વિસ્તારોમાં અત્યંત ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. ત્યારે ૩૧ જુલાઈએ બપોરના સમયે અમદાવાદ શહેરના પૂર્વ અને પશ્ચિમના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેમાં એસજી હાઈવેના પેલેડિયમ મોલ પાસે અને ઈન્ડિયા કોલોની તેમ જ સરસપુર વિસ્તારમાં પાણી ભરાયા હતા. બોપલ અને ઘુમામાં બે ઇંચ વરસાદથી પાણી ભરાયા હતા.

શહેરના શાહીબાગ વિસ્તારમાં ૩૦ મિનિટ સુધી મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી હતી ત્યારે રચના સ્કૂલ બહાર વરસાદી પાણી ભરાઈ ગયા હતા. જેના કારણે વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સોલા બ્રિજ પર વરસાદના કારણે વિઝિબિલિટીમાં પણ ઘટાડો થયો હતો. તો સરસપુરમાં વોરાના રોજા પાસે, ચેનપુર અંડરપાસ પાસે સામાન્ય વરસાદમાં પાણી ભરાતા વાહનચાલકોને મુશ્કેલી પડી હતી. વોરાના રોજા પાસે ટ્રાફિક થતા એમ્બ્યુલન્સ ફસાઈ હતી. ■

# સુરતીઓના માથે ફરી સંકટઃ શાળાઓ, કારખાના બંધ, એક એનડીઆરએફ અને બે એસડીઆરએફની ટીમ તહેનાત






(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં ભારે વરસાદના રેડ એલર્ટ વચ્ચે શુક્રવારે કલેક્ટરે શાળાઓ અને કારખાના બંધ રાખવાનો હુકમ કર્યો હતો. કલેક્ટરે લોકોને જરુરિયાત ન હોય તો ઘરની બહાર ન નીકળવાની અપીલ કરી હતી. શહેરમાં ૧ એનડીઆરએફ અને ૨ એસડીઆરએફની ટીમ તૈનાત કરવામાં આવી હતી.

ડુમસ અને સુવાલી બીચ પર લોકોને ન જવાની સૂચના આપવામાં આવી હતી. સુરતમાં અચાનક વરસાદ શરુ થતા નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઇ જવાની સમસ્યા સર્જાઇ હતી. સુરતનું સુર્યપુર ગરનાળુ વરસાદી પાણીથી ભરાઇ જતા વાહનચાલકોને હાલાકી પડી હતી.

સુરતના કલેક્ટરે તેજસ પરમારે જણાવ્યું હતું કે બંગાળની ખાડીમાં જે ડીપ ડીપ્રેશન થયું હતું તે ગુજરાત નજીક આવી પહોંચ્યું છે જેના કારણે સુરત શહેર અને જિલ્લામાં વરસાદની તીવ્રતા વધવાની સંભાવના છે. તકેદારીના ભાગ રૂપે તમામ તાલુકા વિકાસ અધિકારીઓ, મામલતદાર અને પ્રાંત અધિકારીને એલર્ટ કરાયા હતા.

સુરત શહેરમાં વરસાદી માહોલને અનુસંધાને જાહેર કરાયેલા રેડ એલર્ટને ધ્યાને લઇ મ્યુ. કમિશનર એમ.નાગરાજને પાલિકાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા સ્થાનિક કક્ષાએથી વરસાદી પરિસ્થિતિનું સતત મોનીટરીંગ કરવામાં આવ્યું હતું. તેમણે સુરત મનપા દ્વારા લેવાઈ રહેલા પગલાં અંગે જાણકારી આપતા જણાવ્યું હતું કે, શહેરના લો લાઈન વિસ્તારમાંથી લોકોને સ્થળાંતર કરવાનું કાર્ય સતત ચાલી રહ્યું છે. વિદ્યાથીઓ, નાગરિકો, કામદારોની સુરક્ષાને ધ્યાને લેતા શાળા-કોલેજોની સાથે ડાયમંડ યુનિટો, ફેક્ટરીઓ કાપડ માર્કેટમાં પણ રજા જાહેર કરાઈ અને કોલેજોની સાથે માર્કેટ એસોસિયેશન દ્વારા પણ રજા જાહેર કરાઈ હતી. ■

## અમદાવાદ આરટીઓની ડીલરોને વાહનોમાં હાઇ સિક્યુરિટી નંબર પ્લેટ લગાવવા તાકીદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી (આરટીઓ) દ્વારા અમદાવાદ શહેર તથા ગ્રામ્યના તમામ ઓટોમોબાઈલ ડીલરોને વાહનોમાં હાઈ સિક્યુરિટી નંબર પ્લેટ (એચએસઆરપી) નિયમાનુસાર અને ગુણવત્તાયુક્ત રીતે લગાવવા અંગે અમદાવાદ આરટીઓ કચેરી દ્વારા તાકીદ કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કેન્દ્રીય મોટર વાહન નિયમ ૫૦(વી) મુજબ વાહનોમાં એચએસઆરપી નંબર પ્લેટ સ્નેપ લોક ફિટિંગ સિસ્ટમથી જ લગાડવી ફરજિયાત છે. અવારનવાર મળતી રજૂઆતો મુજબ આરટીઓ કચેરીના ધ્યાને આવ્યું હતું કે સ્નેપ લોકના બદલે સામાન્ય પ્રકારના રીવેટ લગાવવામાં આવે છે, જેના કારણે નંબર પ્લેટ ટકાઉ રહેતી નથી. ભારે વરસાદ કે ગરમીની સીઝન દરમિયાન નંબર પ્લેટનો કલર ફેડ થઈ જવો, નંબર પ્લેટ નીકળી જવી કે તૂટી જવાના કિસ્સાઓ બને છે. આ પરિસ્થિતિના કારણે ગુન્હાહિત કૃત્યો કરનારા તત્ત્વોને અવકાશ મળે છે અને વાહનનો દુરુપયોગ કરીને ગુન્હો આચરવાની સંભાવનાઓ રહે છે. આથી પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, અમદાવાદ દ્વારા અમદાવાદના તમામ ડીલરોને સરકારના નિયમો મુજબ ગુણવત્તાયુક્ત એચએસઆરપી નંબર પ્લેટ ફિટ કરવા જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત ઓનલાઈન કામગીરી દરમિયાન અરજદારો પાસેથી નિયત ધોરણસરની જ ફી અને કાગળો માંગવા જેથી અરજદારોને કોઈ બિનજરૂરી મુશ્કેલી ન પડે. વાહનમાં ટકાઉ અને ગુણવત્તાયુક્ત નંબર પ્લેટ લગાવેલી હશે તો કોઈપણ ગુનાહિત કામગીરી દરમિયાન વાહનની ઓળખ સરળતાથી કરી શકાશે. આ સૂચનાઓનો ચુસ્તપણે અમલવારી કરવા દરેક ડીલરોને આદેશ આપવામાં આવ્યો છે. ■

## મહેસાણામાં ચાર મહિનામાં ૧૩૧ સગીરા ગર્ભવતી બનતા ખળભળાટઃ સરકારી વિભાગોની કામગીરી સામે ઉઠ્યા સવાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણામાં ૪ મહિનામાં ૧૩૧ સગીરાઓ ગર્ભવતી બનવાના ચોંકાવનારા આંકડા બહાર આવ્યા છે. જિલ્લા આરોગ્ય વિભાગના એપ્રિલ ૨૦૨૬થી જુલાઈ ૨૦૨૬ના ૪ મહિનાના ડેટા અનુસાર, ૧૩૧ સગીરાઓ ચોપડે ગર્ભવતી નોંધાઈ હોવાની માહિતી સામે આવી છે. ત્યારે આ તમામ ૧૩૧ સગીરાઓ બાળ લગ્ન કે અન્ય કારણોસર ગર્ભવતી બની તે અંગે આરોગ્ય વિભાગે તપાસ શરૂ કરી છે. રાજ્ય સરકારની આરોગ્ય વિષયક કામગીરી અને ટ્રેકિંગ માટે ઉપયોગમાં લેવાતી 'ટેકો' એપ્લિકેશનમાં નોંધાયેલા આંકડા મુજબ, જિલ્લામાં છેલ્લાં ચાર મહિના દરમિયાન ૧૩૧ જેટલી સગીરાઓ ગર્ભવતી થઈ હોવાનું બહાર આવ્યું છે. એપ્રિલ ૨૦૨૬ થી જુલાઈ ૨૦૨૬ સુધીના ટૂંકા સમયગાળામાં જ ૧૩૧ જેટલી વયસ્ક ન થયેલી કિશોરીઓની ગર્ભવતી તરીકે નોંધણી કરવામાં આવી છે. આ આંકડો જાહેર થતાં જ જિલ્લાનું સરકારી તંત્ર,સામાજિક સંગઠનો અને ચાઇલ્ડ પ્રોટેક્શન ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ હરકતમાં આવી ગઈ છે. સગીર વયે થતાં બાળલગ્નો અથવા અન્ય કારણોસર આટલી મોટી સંખ્યામાં ગર્ભવતી થયેલી કિશોરીઓની વિગતો બહાર આવતાં સમગ્ર જિલ્લામાં ભારે ખળભળાટ મચી ગયો છે.

માત્ર ૪ મહિનામાં ૧૩૧ જેટલી સગીરા ગર્ભવતી બનવા પાછળ બે કારણો સામે આવી રહ્યા છે. દાવો થઈ રહ્યો છે કે, આટલો આંકડો સામે આવતા જિલ્લામાં મોટી માત્રામાં બાળ લગ્ન થયા હોઈ શકે છે, અથવા તો જિલ્લામાં દુષ્કર્મના કેસમાં વધારો થયો હોઈ શકે છે. ત્યારે હાલ તો આરોગ્ય વિભાગ આ ૧૩૧ સગીરાઓ બાળ લગ્નનો શિકાર થઈ છે કે પછી કોઈ અન્ય કારણોસર તે ગર્ભવતી બની તે અંગે તપાસ શરૂ કરાઈ છે અને નિયમ અનુસાર સમાજ કલ્યાણ વિભાગને આગળની કાર્યવાહી સોંપાઈ છે. ■

## ગુજરાતમાં ફરી કોરોનાનો પગપેસારોઃ વડોદરાની એસએસજીમાં પેટલાદનો સંક્રમીત દર્દી આઈસોલેટ, આરોગ્ય તંત્રમાં દોડધામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ફરી એકવાર જીવલેણ કોરોના વાયરસની એન્ટ્રી થઇ છે. મોરબીના વાંકાનેરમાં પણ ખેડાથી પહોંચેલી મહિલાનો કોવિડ રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ આણંદના પેટલાદમાંથી વધુ એક સંક્રમિત દર્દી મળી આવતા આરોગ્ય તંત્ર એલર્ટ થઈ ગયું હતું.

કોરોના પોઝિટિવ દર્દીને વડોદરાની એસ.એસ.જી. (એસએસજી) હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ કેસ સામે આવતાની સાથે જ આરોગ્ય વિભાગ અને હોસ્પિટલ પ્રશાસનમાં ભારે હડકંપ મચી ગયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, દર્દીને છેલ્લા કેટલાક દિવસોથી શ્વાસ લેવામાં તકલીફ અને તીવ્ર લક્ષણો જણાતા સ્થાનિક કક્ષાએ સારવાર અપાઈ હતી, પરંતુ સ્થિતિ નાજુક બનતાં આખરે વડોદરા લાવવાની નોબત આવી હતી. અહીં ટેસ્ટિંગ દરમિયાન કોરોનાની પુષ્ટિ થતાં જ તબીબો પણ ચોંકી ઊઠ્યા હતા. દર્દીને તાત્કાલિક વિશેષ આઈસોલેશન વોર્ડમાં ખસેડીને નિષ્ણાત તબીબોની ટીમ હેઠળ સતત ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવ્યો છે.

કેસ એ વાતનો સ્પષ્ટ સંકેત છે કે, વાયરસ હજી સંપૂર્ણપણે નાબૂદ થયો નથી. જો સામાન્ય નાગરિકો દ્વારા માસ્ક, ભીડથી અંતર અને સ્વચ્છતા જેવા નિયમોનું પાલન કરવામાં બેદરકારી દાખવવામાં આવશે, તો પરિસ્થિતિ ફરી એકવાર હાથ બહાર જઈ શકે છે. આરોગ્ય વિભાગે લોકોને કોરોનાના કોઈપણ લક્ષણ દેખાય તો તેને હળવાશથી ન લેવા આકરી ચેતવણી આપી છે.

આ અંગે પ્રાપ્ત વિગતો પ્રમાણે, વાંકાનેરના હનુમાન શેરી મેઈન રોડ પર રહેતી એક મહિલા તાજેતરમાં જ ખેડા જિલ્લાની મુસાફરી કરીને પરત આવી હતી. ખેડાથી પરત આવ્યા બાદ મહિલાને શારીરિક અસ્વસ્થતા અને તાવના લક્ષણો જણાતા તેઓ સારવાર અર્થે સ્થાનિક સરકારી હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે દર્દીની પ્રાથમિક તપાસ દરમિયાન કોવિડ-૧૯ના લક્ષણો જણાતા ત્વરિત કોરોના ટેસ્ટ કરાવ્યો હતો.

હાલ દર્દીની સ્થિતિ કાબૂ હેઠળ હોવાનું કહેવાય છે, પરંતુ કોરોનાની આ નવી એન્ટ્રીએ જૂના કાળજા કંપાવનારા દિવસોની યાદ અપાવી દીધી છે. આરોગ્ય વિભાગે પરિસ્થિતિની ગંભીરતા જોઈને દર્દીના સંપર્કમાં આવેલા લોકોનું તાકીદે કન્ટેક્ટ ટ્રેસિંગ શરૂ કરી દીધું છે. ■

## નર્મદા જિલ્લામાં ભારે વરસાદઃ કરજણ ડેમના ૭ દરવાજા ખોલી ૮૦,૭૨૧ ક્યુસેક પાણી છોડાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન વિભાગની આગાહીના પગલે નર્મદા જિલ્લાના ડેડીયાપાડા અને સાગબારા તાલુકામાં ભારે વરસાદને પગલે કરજણ ડેમમાં જળસ્તર વધ્યું છે. ઉપરવાસમાંથી લગભગ એક લાખ ક્યુસેક પાણી ઠલવાતા કરજણ ડેમનું રૂલ લેવલ જાળવી રાખવા માટે તંત્રએ ડેમના ૭ દરવાજા ૩ મીટર સુધી ખોલ્યા હતા. ડેમમાંથી મોટા પ્રમાણમાં પાણી છોડવામાં આવી રહ્યું હોવાથી નીચાણવાળા વિસ્તારો અને નદીકાંઠાના ૭ ગામોને હાઈ એલર્ટ પર જાહેર કરવામાં આવ્યું છે. તંત્ર દ્વારા સતત ડેમના જળ સ્તરનું મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. જો વરસાદ ચાલુ રહેશે તો આગામી સમયમાં ડેમમાંથી વધુ પાણી છોડવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે.

કરજણ ડેમની કુલ ક્ષમતા ૧૧૬ મીટર સામે જળસપાટી વધીને ૧૦૮.૦૪ મીટરે પહોંચી ગઈ છે, જેના કારણે ડેમ મેનેજમેન્ટ અને સ્થાનિક તંત્ર હરકતમાં આવ્યું હતું. સલામતીના ભાગરૂપે તંત્ર દ્વારા કરજણ ડેમના ૭ દરવાજા ૩ મીટર સુધી ખોલીને હાલ ૮૦,૭૨૧ ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. પાણીના આટલા મોટા જથ્થાની જાવકને કારણે કરજણ નદીના પટમાં પાણીની સપાટીમાં મોટો ઉછાળો આવ્યો છે. ■

## ગુજરાત પોલીસમાં ૨૫,૬૦૦ પદો પર ભરતીનું આયોજન, હાઇ કોર્ટમાં સરકારનું સોગંદનામું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારના પોલીસ વિભાગમાં ખાલી પડેલી જગ્યાઓમાં ભરતી મામલે ગુજરાત હાઇકોર્ટમાં ચાલી રહેલી જાહેર હિતની અરજી પર સુનાવણી હાથ ધરાઈ હતી. આ દરમિયાન રાજ્ય સરકારે ભવિષ્યમાં પોલીસ દળને વધુ મજબૂત બનાવવા માટેનું આયોજન દર્શાવતું સોગંદનામું હાઇકોર્ટમાં રજૂ કર્યું હતું. સરકારે એફિડેવિટમાં જણાવ્યું હતું કે, આગામી સમયમાં ગુજરાત પોલીસમાં ૨૧૦૯ કોન્સ્ટેબલ સહિત કુલ ૨૫,૬૦૦ પોલીસકર્મીઓની નવી ભરતી કરાશે. જેમાં પ્રોસિક્યુશન અને ક્રાઇમ વિભાગમાં ૩૨ નવા પદો પણ ઉભા કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

સરકાર નાર્કોટિક્સ અને સાયબર ક્રાઇમ ગુનાઓના નિવારણ માટે ઉચ્ચ શિક્ષિત વ્યકિતને આઉટ સોર્સિંગ દ્વારા ભરતી કરશે. હાઇકોર્ટે એવો સવાલ કર્યો હતો કે, 'તમે તેમને નિયમિત ભરતી કરશો? જો તમે કરાર આધારિત ભરતી કરશો તો તેમની સામે કેટલીક શરતો પણ કડક રાખવી પડશે નહીંતર જવાબદારીમાંથી છટકી શકશે.

સરકારે એવી રજૂઆત કરી હતી કે, આઉટ સોર્સિંગથી ભરતી કરાયેલા અધિકારીઓને ડીજીપી સાથે બેઠક કરીને તેમના મોનિટરીંગ હેઠળ કામગીરી સોપવામાં આવશે. જેથી કરીને યોગ્ય દિશામાં ઝડપી તપાસ નિષ્ણાતો કરી શકે.

પોલીસ બેડામાં ૧૪,૨૮૩ જગ્યા માટે બીજા તબક્કાની ભરતી ઓગસ્ટ/સપ્ટેમ્બરમાં આવશે. કુલ ૨૫,૬૦૦ જગ્યા પર સીધી ભરતી થવાની છે. ■

## વડોદરામાં નવજાત બાળકની તસ્કરીનું રેકેટ ઝડપાયું

### મુંબઈના ડૉક્ટર સહિત આઠ સામે ગુનો, આઠ દિવસના નવજાતનો ₹ ત્રણ લાખમાં સોદો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા ક્રાઇમ બ્રાન્ચે નવજાત બાળકોની તસ્કરીના એક મોટો રેકેટનો પર્દાફાશ કર્યો હતો. માત્ર ૮ દિવસના માસૂમને વેચવા માટે મુંબઇ લઇ જવાતું હતું ત્યારે જ ક્રાઇમ બ્રાન્ચે બાતમીને આધારે વોચ ગોઠવી તરસાલી હાઇવે પરથી એક દંપત્તિને ઝડપી પાડી બાળકને મુક્ત કરાવ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર માસૂમ બાળકનો સોદો ૩ લાખમાં નક્કી કરવામાં આવ્યો હતો. પાટણના સુનિલ રાવળ નામના શખ્સે ૮ દિવસના નવજાત બાળકને મુંબઇના એક ડોક્ટરને સોંપવા માટે આપ્યું હતું. જો કે વડોદરા ક્રાઇમ બ્રાન્ચને ચોક્કસ બાતમી મળી જતા તરસાલી હાઇવે પરથી દંપત્તિને ઝડપી લીધું હતું.

પોલીસે સમગ્ર કેસમાં કડક કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે નવજાતના માતા-પિતા, પાટણના સુનિલ રાવળ, બાળકની ખરીદી કરનાર મુંબઇના ડોક્ટર અને બાળકની હેરાફેરી કરનારા દંપત્તિ સહિત ૮ લોકો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બાળકને હાલ વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું છે. ■

## અમદાવાદના ધોળકામાં પિતા-પુત્રએ ચાંદીમાં ઊંચા વળતરની લાલચ આપી ૩૪ રોકાણકારના ₹૧૦.૬૭ કરોડ ખંખેર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જિલ્લાના ધોળકામાં પિતા-પુત્રની જોડીએ ચાંદીમાં રોકાણ કરી ઊંચા વળતરની લાલચ આપી લોકો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ધોળકામાં આવેલી વર્ષો જૂની 'હરિ જ્વેલર્સ'ના માલિક પિતા-પુત્રએ વર્ષ ૨૦૨૫માં ચાંદીના વધી રહેલા ભાવનો ફાયદો ઉઠાવી લોકોને રોકાણ કરવા માટે આકર્ષિત કર્યા હતા. તેમણે ચાંદીમાં રોકાણ પર દર મહિને ૨૦થી ૩૦ ટકા વળતર આપવાની લાલચ આપી ૩૪થી વધુ રોકાણકારો પાસેથી રૂ. ૧૦.૬૭ કરોડ ખંખેરી લીધા હતા. માત્ર બે મહિના વળતર આપ્યા બાદ ત્રણેય આરોપીઓ ફરાર થઈ ગયા હતા, જે પૈકી મુખ્ય બંને આરોપી ઘનશ્યામ સોની અને તેના પુત્ર યશ સોનીને પોલીસે ગુપ્ત બાતમીના આધારે ઝડપી પાડ્યા હતા. જ્યારે ત્રીજો આરોપી દીપ સોની હજુ પણ ફરાર હોય તેની શોધખોળ ચાલુ છે. હાલ બંને અમદાવાદ ગ્રામ્ય એલસીબીની કસ્ટડીમાં છે.

મળતી વિગત મુજબ લોકોએ ₹૪૦,૦૦૦થી લઈને ₹૫૦ લાખ સુધીનું રોકાણ કર્યું હતું. શરૂઆતના બે મહિના વળતર આપ્યા બાદ, ડિસેમ્બર ૨૦૨૫થી ત્રણેય આરોપીઓ ધોળકા છોડીને રાતોરાત ફરાર થઈ ગયા હતા. રોકાણકારોના નાણાં ડૂબતાં આંગણે ધોળકા ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. જેના આધારે પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી. પોલીસે છેતરપિંડીની રકમમાંથી આરોપીઓએ કેટલી અને ક્યાં-ક્યાં રોકાણ કર્યું છે તે દિશામાં તપાસ હાથ ધરી છે. ■

## ગુજરાતમાં છ મહિનામાં ₹૩૮૦૪ કરોડના સોનાનું વેચાણ, પીળી ધાતુનો ભાવ વધતા લોકોએ રોકડી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વૈશ્વિક બુલિયન માર્કેટમાં સોનાના ભાવ આસમાને પહોંચ્યા છે અને તેના કારણે ગુજરાત સહિત સમગ્ર દેશમાં સોનાનો ભાવ વધતા લોકોએ જૂનું સોનું વેચી રોકડી કરવાનું મુનાસિબ સમજ્યું છે, આ જ કારણે ૨૦૨૬ ના પ્રથમ છ મહિનામાં ગુજરાતમાં લગભગ ૩,૮૦૪ કરોડ રૂપિયાનું સોનું રોકડમાં વેચાયું છે. બીજી તરફ સોનાના ભાવમાં થયેલા તીવ્ર વધારાથી ઘરેણાની ખરીદી પર સ્પષ્ટ અસર પડી છે. ઘણા ગ્રાહકોએ કિમતો ઓછી થવાની આશામાં ખરીદી મુલતવી રાખી છે.

જો કે દેશના અન્ય રાજ્યોની તુલનામાં ગુજરાતમાં રોકડમાં સોનું વેચવાનું વલણ ઘણું ઓછું છે. અહીંના લોકો સામાન્ય રીતે રોકાણ કરવાની માનસિકતા ધરાવે છે. જોકે, ઘણા લોકોને ભંડોળની જરૂર હતી તેમણે સોનાના વેચાણ માટે રેકોર્ડ ભાવનો લાભ લીધો છે.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (ડબલ્યુજીસી) ના તાજેતરના રિપોર્ટ મુજબ, ભારતીયોએ આ વર્ષે જાન્યુઆરીથી જૂન દરમિયાન ૫૦.૪ મેટ્રિક ટન (એમટી) સ્ક્રેપ સોનું (રોકડમાં સોનું વેચવું) હતું. મલ્ટી કોમોડિટી એક્સ ચેન્જ (એમસીએક્સ) પર સરેરાશ ત્રિમાસિક ભાવોના આધારે, રિસાયકલ કરેલા સોનાનું મૂલ્ય લગભગ રૂ. ૭૬,૦૮૭ કરોડ આંકવામાં આવ્યું હતું. ડબલ્યુજીસીના અહેવાલ મુજબ, ઘણા ગ્રાહકોએ જૂનાં ઘરેણાંને નવાં ઘરેણાં માટે બદલવાનું અથવા લોન માટે સોનું ગીરવે મૂકવાનું પસંદ કર્યું, તેના બદલે તેને વેચવાનું પસંદ કર્યું, જ્યારે અન્ય લોકોએ ભાવમાં વધુ વધારો થવાની અપેક્ષા રાખીને તેમના હોલ્ડિંગ્સ જાળવી રાખ્યાં છે.

લોકોના આ વલણ અંગે સોનાના વેપારીઓએ

જણાવ્યું હતું કે ગુજરાતમાં પસંદગીના રોકડ વેચાણની સાથે સોનાના વિનિમય વ્યવહારોમાં પણ તેજી જોવા મળી રહી છે, ઘણા પરિવારો સોનાના ભાવમાં વધુ વૃદ્ધિની અપેક્ષાઓ સામે તાત્કાલિક નાણાકીય જરૂરિયાતોને સંતુલિત કરી રહ્યા છે. જો આગામી સમયમાં ભાવ વધશે તો હજુ પણ લોકો તેમના સોનાનું સારા ભાવે વેચાણ કરશે તેવી પણ વેપારીઓએ આશા વ્યક્ત કરી છે. ■

## મહેસાણા મનપાની સામાન્ય સભામાં હોબાળોઃ માત્ર 30 સેકન્ડમાં ૨૭ મુદ્દા મંજૂર કરી શાસકો ચાલ્યા ગયાનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણા મહાનગરપાલિકાની ટાઉન હોલ ખાતે શુક્રવારે યોજાયેલી સાધારણ સભામાં ભારે હોબાળો જોવા મળ્યો હતો. સભા શરૂ થતાંની સાથે જ માત્ર એક જ વાક્યમાં ૧થી ૨૭ જેટલા મુદ્દા મંજૂર કરી દઈને માત્ર ૩૦ સેકન્ડમાં જ સભા પૂર્ણ કરી દેવામાં આવતા વિપક્ષી કોર્પોરેટરોએ ભારે રોષ વ્યક્ત કર્યો હતો.

સાધારણ સભા પૂર્ણ જાહેર થતાં જ વિપક્ષના નગરસેવકો રજૂઆત કરવા માટે સ્ટેજ તરફ પહોંચે તે પહેલાં જ સભા હોલમાં રાષ્ટ્રીય ગીત શરૂ કરી દેવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય ગીત પૂર્ણ થતાં જ વિપક્ષી નેતા અમિત પટેલ, કમલેશ સુતરિયા અને હાર્દિક સુતરિયા સહિતના નેતાઓએ સ્ટેજ પર પહોંચી મેયર સોનલ ઓઝા અને ડેપ્યુટી મેયરને ઘેરી લીધા હતા અને સભા આટલી વહેલી કેમ આટોપી લેવાઈ તથા વિપક્ષની દલીલો કેમ ન સાંભળવામાં આવી તે અંગે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

સ્થિતિ વધુ વણસતાં સ્ટેજ પર હાજર કમિશનર, ડેપ્યુટી કમિશનર, મેયર અને ડેપ્યુટી મેયર સહિતના તમામ અધિકારીઓ તથા પદાધિકારીઓ સ્ટેજ છોડીને બહાર નીકળી ગયા હતા, ત્યાર બાદ વિપક્ષ દ્વારા ''મેયર ભાગેડુ''ના જોરદાર સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

કોંગ્રેસના વિપક્ષ નેતા અમિત પટેલે આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, આ શાસન ભ્રષ્ટાચારથી ભરેલું છે અને તેઓ ક્યારેય વિરોધ પક્ષને સાથે રાખતા નથી. પ્રજાના રોડ, લાઈટ, ગટર અને વરસાદી પાણીના નિકાલ જેવા પ્રાથમિક પ્રશ્નો અંગે ચર્ચા કરવાની હતી. મોટી બહુમતી હોવા છતાં મેયર અને તેમના સભ્યો બોર્ડ છોડીને ભાગી જાય તે નામોશીભરી બાબત છે. ટેક્સ ભરતી પ્રજા આવનારા દિવસોમાં જવાબ માગશે.

તેમણે વધુમાં આક્ષેપ કર્યો હતો કે, માઈક ચાલુ-બંધ કરીને લાઈટ વિભાગના આઉટસોર્સિંગ કર્મચારી કમિશનર અને મેયરને ઊભા થઈ જવાની સૂચના આપતા હતા. આ શાસન ભાજપના શાસકો ચલાવે છે કે આઉટસોર્સિંગના કર્મચારી, તે નક્કી થતું નથી. રાષ્ટ્રગીતનો ઉપયોગ સભા વહેલી આટોપી લેવા માટે કરાયો હોવાનો પણ તેમણે આરોપ લગાવ્યો હતો.

કોંગ્રેસના કોર્પોરેટર કમલેશ સુતરિયાએ ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, મહેસાણાના શોભાસણ કુકસ રોડ પર આવેલા ટી.પી. ૪ના પાલિકાના પ્લોટમાં છેલ્લા ૨થી ૩ વર્ષથી કોઈ પણ એગ્રીમેન્ટ કે પરમિશન વિના ગેરકાયદે કબજો જમાવીને રેતી, સિમેન્ટ, કપચી અને પાઈપો જેવી સામગ્રી મૂકી કોમર્શિયલ ઉપયોગ કરાઈ રહ્યો છે. ■

## રાજયના ૧૩ જિલ્લામાં રેડ, સાત જિલ્લામાં ઓરેન્જ અલર્ટઃ એનડીઆરએફ, એસડીઆરએફની ૫૦ ટીમ તહેનાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતીય હવામાન વિભાગ દ્વારા ભારેથી અતિભારે વરસાદની ગંભીર ચેતવણીને પગલે રાજ્ય સરકારે પૂર્વ તૈયારીઓ આરંભી છે. સંભવિત આપત્તિને પહોંચી વળવા અને નાગરિકોની સુરક્ષાને સુનિશ્ચિત કરવા રાજયના તમામ સંબંધિત વિભાગો અને તમામ જિલ્લા વહીવટી તંત્રોને એકશન મોડમાં રહેવા કડક સૂચના આપવામાં આવી છે.

રાહત કમિશનર ગૌરાંગ મકવાણાએ જણાવ્યું હતું કે હવામાન વિભાગની આગાહી મુજબ ૧૩ જિલ્લામાં રેડ એલર્ટ અને ૭ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

સરકાર વરસાદની પરિસ્થિતિ પર ૨૪ કલાકથી સતત નજર રાખી રહી છે. નર્મદા, આણંદ, ખેડા, છોટાઉદેપુર, વડોદરા, સુરત સહિતના જિલ્લાઓમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો છે.

તેમણે ઉમેર્યું હતું કે મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાનના નેતૃત્વ હેઠળ રાજ્યભરમાં રાહત, બચાવ અને સાવચેતીનાં પગલાં અસરકારક રીતે અમલમાં મૂકવામાં આવ્યા છે. નીચાણવાળા વિસ્તારોના નાગરિકોને સલામત સ્થળે ખસેડવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. એટલું જ નહીં, જરૂરિયાત મુજબ આ કામગીરી ચાલુ રાખવામાં આવશે. ■

# પ્રોપર્ટી લેવડદેવડ માટે નવો કાયદો આવશે

થાણે: વૈશ્વિક ધોરણો અનુસાર પ્રોપર્ટીની લેવડદેવડમાં સંપૂર્ણ પારદર્શિતા જળવાય એ માટે મહારાષ્ટ્ર ટૂંક સમયમાં જમીન માલિકી હક કાયદો રજૂ કરશે એમ રાજ્યના મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ જણાવ્યું છે. ગુરુવારે થાણેમાં એક કાર્યક્રમને સંબોધતા બાવનકુળેએ જણાવ્યું હતું કે આ પ્રકારનો કાયદો ઘડનાર મહારાષ્ટ્ર દેશનું પ્રથમ રાજ્ય બનશે. આ અંગેનો નિર્ણય આ ડિસેમ્બરમાં નાગપુરમાં યોજાનાર રાજ્ય વિધાનસભાના આગામી શિયાળુ સત્ર દરમિયાન લેવામાં આવશે.

'પ્રસ્તાવિત આયોજન અનુસાર દરેક મિલકત ધારકને સરકાર દ્વારા સમર્થિત ડિજિટલ પ્રોપર્ટી કાર્ડ આપવામાં આવશે. ભૂતકાળના તમામ ટ્રાન્સફર રેકોર્ડને ટ્રેક કરવાની હાલની પ્રથાને બદલે નવા કાર્ડમાં વર્તમાન માલિક, કાનૂની વારસદારો, જમીન મહેસૂલ રેકોર્ડ અને મિલકતની વિગતોની સંપૂર્ણ વિગતો હશે. આ સરકાર દ્વારા ગેરંટીકૃત કાર્ડ ડેબિટ અને ક્રેડિટ કાર્ડની જેમ જ વિશ્વસનીય, વૈશ્વિક સ્તરે સ્વીકૃત દસ્તાવેજ તરીકે સેવા આપશે, જેનો ઉપયોગ ભારત અને વિદેશમાં બંને જ્યાએ થઈ શકશે.' તેમણે એમ પણ જણાવ્યું હતું કે 'રાજ્ય પહેલા માપણી, પછી નોંધણીનો નિયમ પણ લાગુ કરશે જેથી જમીન સર્વેક્ષણ વિના કોઈ મિલકતનો વ્યવહાર ન થાય. શહેરી સહકારી ગૃહનિર્માણ મંડળીઓમાં ફ્લેટ માલિકોને સ્વતંત્ર 'વર્ટિકલ પ્રોપર્ટી કાર્ડ' આપવામાં આવશે.' ■

# ૧૫ ઓગસ્ટથી ક્યૂઆર કોડ આધારિત રેશનિંગ

મુંબઈ: રાજ્યના નાગરિકોને વધુ સુરક્ષિત, સરળ અને આધુનિક રેશનકાર્ડ પૂરા પાડવા રાજ્ય સરકારે ક્યુઆર કોડ આધારિત સ્માર્ટ રેશનકાર્ડનું વિતરણ કરવાનો મહત્વાકાંક્ષી નિર્ણય લીધો છે. રેશનકાર્ડ વિતરણ અભિયાન ૧૫ ઓગસ્ટથી શરૂ થશે. રાજ્યના લગભગ ૧ કરોડ ૮૬ લાખ પરિવારોને સ્માર્ટ રેશનકાર્ડનું વિતરણ કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. પ્રથમ વખત ફક્ત કેસરી અને પીળા રેશનકાર્ડ ધારકોને જ આ સ્માર્ટ રેશનકાર્ડ આપવામાં આવશે. એની શરૂઆત ગઢચિરોલી અને સિંધુદુર્ગ જિલ્લામાંથી કરવામાં આવશે.

આ પ્રોજેક્ટ રાજ્યના ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગ દ્વારા અમલમાં મૂકવામાં આવશે. શરૂઆતમાં આ યોજના ગઢચિરોલી અને સિંધુદુર્ગ જિલ્લામાં પાયલટ ધોરણે લાગુ કરવામાં આવશે. આ તબક્કાના અનુભવના આધારે આ યોજના આગામી તબક્કામાં જરૂરી ફેરફાર કરી સમગ્ર રાજ્યમાં લાગુ કરવામાં આવશે. ઘણા વર્ષોથી ઉપયોગમાં લેવાતા કાગળના રેશનકાર્ડ ફાટી જવા, નુકસાન થવા અથવા ખોવાઈ જવા જેવી સમસ્યાઓના કારણે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. ■

# પત્નીને પાઠ ભણાવવા પતિએ દીકરાને દરિયામાં ડુબાડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પત્ની સાથે થયેલા ઝઘડા બાદ તેને પાઠ ભણાવવાને ઇરાદે પતિએ ૧૦ વર્ષના માસૂમ દીકરાનો ભોગ લીધો હોવાની આંચકાજનક ઘટના બોરીવલીમાં બની હતી. મનોરી પાસે દરિયામાં ડુબાડી પુત્રની કથિત હત્યા કર્યા પછી વર્સોવામાં બહેનના ઘરે સંતાયેલા આરોપી પિતાને પોલીસે પકડી પાડ્યો હતો. અધિકારીના જણાવ્યા મુજબ ગુરુવારે ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ બંટી કાલિદાસ રાવ (૪૦) તરીકે થઈ હતી. રાવ જૂહુ બીચ પર ફોટોગ્રાફર તરીકે કામ કરે છે. દરિયાકિનારે ફરવા આવનારા સહેલાણીઓના ફોટા પાડી પરિવારનું ગુજરાન ચલાવતો રાવ પત્ની, ૧૮ વર્ષની દીકરી અને ૧૦ વર્ષના પુત્ર યુવરાજ સાથે મલાડ નજીકના મઢ વિસ્તારમાં રહેતો હતો.

ગોરાઈ પોલીસના જણાવ્યા મુજબ ઘટના મંગળવારે પ્રકાશમાં આવી હતી. ગોરાઈ પાસેના કોલેવમ બીચ પરથી બાળકનો મૃતદેહ મળી આવતાં ગોરાઈ પોલીસે તપાસ હાથ ધરી હતી. અધિકારીઓએ આસપાસનાં પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી મિસિંગ પર્સનની ફરિયાદોની ચકાસણી કરી હતી. ચકાસણી દરમિયાન બાળક અને તેના પિતા ગુમ હોવાની ફરિયાદ માલવણી પોલીસમાં નોંધાઈ હતી. રાવ અને પુત્ર ગુમ થયાની ફરિયાદ રાવની પત્નીએ નોંધાવી હતી. પોલીસ પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે દંપતી વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા. સોમવારે પણ દંપતી વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. પછી ગુસ્સામાં રાવ પુત્ર સાથે ઘરની બહાર જતો રહ્યો હતો. મોડી સાંજ સુધી બન્ને ઘરે પાછા ફર્યા નહોતા અને રાવનો સંપર્ક પણ થઈ શકતો નથી. પરિણામે પત્નીએ માલવણી પોલીસને જાણ કરી હતી. દરમિયાન માલવણી પોલીસે રાવ અંધેરીના વર્સોવામાં હોવાનું શોધી કાઢ્યું હતું. પોલીસે તેને બહેનના ઘરેથી તાબામાં લીધો હતો.

## ડૉક્ટરો પર હુમલાનો કેસ

# પોલીસે હાઇ કોર્ટને બે સપ્તાહમાં તપાસ પૂર્ણ કરવાની ખાતરી આપી

મુંબઈ: ડોંબિવલીમાં પાલિકાની હોસ્પિટલના ડોક્ટરો પર હુમલાના આરોપી શિવસેનાના નગરસેવક રમેશ મ્હાત્રે સામે ફાસ્ટ-ટ્રેક અને બે સપ્તાહમાં તપાસ પૂર્ણ કરવાની ખાતરી પોલીસે શુક્રવારે હાઇ કોર્ટને આપી હતી.

ડોક્ટરો પર હુમલાની ઘટના ૬ જુલાઇએ બની હતી અને બે દિવસ બાદ મ્હાત્રેની ધરપકડ કરવામાં આવી હતી. મજિસ્ટ્રેટ કોર્ટે ૧૪ જુલાઇએ મ્હાત્રેના જામીન મંજૂર કર્યા હતા, પણ ચાર દિવસ બાદ હાઇ કોર્ટે જામીન પર સ્ટે આપ્યો હતો અને હાઇ કોર્ટના નિર્દેશ મુજબ મ્હાત્રેએ સત્તાવાળાઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. તેઓ હાલ અદાલતી કસ્ટડીમાં છે.

મ્હાત્રેના વકીલ આબાદ પોન્ડાએ કોર્ટને વિનંતી કરી હતી કે મ્હાત્રેને આકરી શરતો સાથે જેલમાંથી મુક્ત કરવા પર વિચાર કરવામાં આવે અને તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેઓ મહારાષ્ટ્રની બહાર રહેવા પણ તૈયાર છે. કોર્ટને મદદ કરવા નિયુક્ત કરાયેલા વકીલ અશોક મુંદર્ગી અને ઇન્ડિયન મેડિકલ એસોસિયેશન વતી હાજર રહેલા એસ.યુ. કામદારે આનો વિરોધ કર્યો હતો અને જણાવ્યું હતું કે તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી મ્હાત્રેને મ્હાત્રેને જામીન પર મુક્ત ન કરવા જોઇએ.એડવોકેટ જનરલ મિલિંદ સાઠેએ ખંડપીઠને જણાવ્યું હતું કે ગયા સપ્તાહે કોર્ટે આપેલા આદેશ મુજબ તપાસ ડેપ્યુટી પોલીસ કમિશનરે સોંપવામાં આવી હતી. (પીટીઆઇ)

# થાણેમાં તડીપાર કરાયેલો આરોપી બે પિસ્તોલ, કારતૂસો સાથે ઝડપાયો

થાણે: થાણેમાં એક વર્ષ માટે તડીપાર કરાયેલો આરોપી બે પિસ્તોલ અને કારતૂસો સાથે ઝડપાયો હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

સેન્ટ્રલ ક્રાઇમ સર્ચ સેલની ટીમે મળેલી માહિતીને આધારે બુધવારે કલવામાં રેતીબંદર ખાતે આવેલા સર્વિસ રોડ પર પાલિકાના ફાયર સ્ટેશન પાસે છટકું ગોઠવ્યું હતું અને આરોપીને ઝડપી પાડ્યો હતો. આરોપીની ઓળખ વાહિદ મંઝુર ખાન તરીકે થઇ હોઇ તે કલ્યાણના આંબિવલીનો રહેવાસી છે. વાહિદની તલાશી લેવાતાં બે દેશી બનાવટની પિસ્તોલ અને ચાર જીવંત કારતૂસ મળી આવી હતી, જે તે વેચવા માટે આવ્યો હતો. વાહિદ વિરુદ્ધ આર્મ્સ એક્ટ અને મહારાષ્ટ્ર પોલીસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી. વાહિદને એક વર્ષ માટે થાણે જિલ્લા, મુંબઇ શહેર અને મુંબઈ ઉપનગરોમાંથી તડીપાર કરવામાં આવ્યો હતો. જોકે તેણે આદેશનું ઉલ્લંઘન કર્યું હતું અને સરકાર, કોર્ટ તથા પોલીસની પરવાનગી વિના તે થાણેમાં પ્રવેશ્યો હતો, વાહિદે પિસ્તોલ અને કારતૂસો ક્યાંથી મેળવી હતી તેની તપાસ કરવામાં આવી રહી છે. (પીટીઆઇ)

# નાશિકને ભગવાન ભરોસે છોડી દેવાયું છે?: છગન ભુજબળ

નાશિક: નાશિક શહેરમાં રસ્તાઓની બગડતી હાલત અને ખાડાઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને, ખાદ્ય અને નાગરિક પુરવઠા પ્રધાન છગન ભુજબળે વહીવટીતંત્રની આકરી ટીકા કરતા, આ મુદ્દો કેબિનેટ બેઠકમાં ઉઠાવવાની વાત કરી હતી. આ સાથે જ, તેમણે કડક કાર્યવાહી કરી રહેલા એફડીએ કમિશનર તુકારામ મુંઢેને જાહેર ટેકો આપતા કહ્યું કે, તેમને કામ કરવા દો, મારો પૂરેપૂરો સપોર્ટ છે. છગન ભુજબળે નાશિકના રસ્તાઓની દયનીય હાલત અને કુંભમેળાનાં કામોમાં આયોજનના અભાવ અંગે પ્રશાસનની ઝાટકણી કાઢી હતી અને તાત્કાલિક ખાડા પૂરવાની માંગ કરી હતી. તેમ જ અધિકારીઓ જનપ્રતિનિધિઓનું સાંભળતા ન હોવાનો આરોપ લગાવતા સવાલ કર્યો હતો કે, શું શહેરને ભગવાન ભરોસે છોડી દેવામાં આવ્યું છે?

# ૨૪ કલાકમાં મહારાષ્ટ્ર સરકારે નિર્ણય બદલ્યો: પ્રધાનોને અખબારો પસંદ કરવા મંજૂરી આપી

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે શુક્રવારે નાયબ મુખ્ય પ્રધાનો અને અન્ય પ્રધાનોને છાપેલા અખબારો અને સામયિકોની નકલ મોકલવાનું બંધ કરવાના પોતાના નિર્ણયને આંશિક રીતે પાછો ખેંચી લીધો છે. પ્રધાનોને ઓનલાઈન સબ્સ્ક્રિપ્શન અથવા અખબારની નકલનો વિકલ્પ પસંદ કરી શકશે.

જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ (જીએડી)એ જાહેરાત કર્યાના એક દિવસ પછી આ સુધારો કર્યો છે. ગુરુવારે જણાવવામાં આવ્યું હતું કે પહેલી સપ્ટેમ્બરથી પ્રધાનોએ અખબારો અને સામયિકો માટે ફક્ત ઓનલાઈન સબ્સ્ક્રિપ્શન્સ પર આધાર રાખવો પડશે અને એનો ખર્ચ તેમના સંબંધિત વહીવટી વિભાગો દ્વારા ઉઠાવવામાં આવશે.

સુધારામાં કહેવામાં આવ્યું છે કે ત્રીસમી જુલાઈએ જારી કરાયેલા સરકારી ઠરાવ (જીઆર)ના ત્રીજા ફકરામાં ફેરફાર કરવામાં આવ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે નાયબ મુખ્ય પ્રધાનો, પ્રધાનો અને રાજ્ય પ્રધાનોએ તેમના કાર્યાલયો અને સત્તાવાર નિવાસસ્થાનો પર અખબારો અને સામયિકો માટે ઓનલાઈન સબ્સ્ક્રિપ્શન મેળવવાને બદલે, તેઓ હવે ઓનલાઈન અથવા પ્રિન્ટેડ સબ્સ્ક્રિપ્શન, અથવા જે પણ અનુકૂળ હોય એના દ્વારા અખબારો અને સામયિકો મેળવી શકે છે.

ગુરુવારે જીએડીના એક અધિકારીએ જણાવ્યું હતું કે અખબારો અને સામયિકો પર વાર્ષિક ખર્ચ લગભગ ૨૨ લાખ રૂપિયા છે, જેમાંથી મુખ્ય પ્રધાન કાર્યાલય દર મહિને લગભગ ૧૨,૦૦૦ થી ૧૫,૦૦૦ રૂપિયા ખર્ચ કરે છે. નવી સિસ્ટમ અમલમાં આવે તે પહેલાં પ્રધાનોને એક મહિનાનો સમય આપવામાં આવી રહ્યો છે. (પીટીઆઈ)

# નવી મુંબઈ પાલિકા પ્રશાસન ક્લાઈમેટ ઍક્શન પ્લાન બનાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નવી મુંબઈ મહાનગરપાલિકા દરિયાઈ સપાટીમાં વધારો થવાના જોખમનો સામનો કરવા માટે એક વ્યાપક ક્લાઈમેટ ચેન્જ ઍક્શન પ્લાન (આબોહવા પરિવર્તન કાર્ય યોજના) ઘડવા જઈ રહી છે.

સ્થાનિક સંગઠન નેટકનેક્ટ ફાઉન્ડેશને વડા પ્રધાન કાર્યાલયને પત્ર લખીને દરિયાઈ સપાટીમાં વધારો, દરિયાકાંઠાના ધોવાણ અને બિનઆયોજિત વિકાસથી દરિયાકાંઠાના ગામડાઓ, નગરો અને શહેરોના રક્ષણ માટે હસ્તક્ષેપની માગ કરી હતી.ફાઉન્ડેશનને લખેલા પત્રમાં નવી મુંબઈ મહાનગરપાલિકાએ જણાવ્યું હતું કે પ્રસ્તાવિત યોજના આબોહવા સ્થિતિ સ્થાપકતા સુધારવા, ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડવા, ગ્રીન હાઉસ જગ્યાઓ અને જળાશયોનું સંરક્ષણ કરવા, ટકાઉ શહેરી વિકાસને પ્રોત્સાહન આપવા અને આબોહવા અનુકૂલન પગલાં અમલમાં મૂકવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

# નગરસેવકોની મુંબઈમાં દિવ્યાંગ પેન્શન યોજના તાત્કાલિક શરૂ કરવાની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના દિવ્યાંગ નાગરિકોને થઈ રહેલી અડચણને ધ્યાનમાં રાખીને મુંબઈ મહાનગરપાલિકાની ધર્મવીર આનંદ દિઘે દિવ્યાંગ પેન્શન યોજના તાત્કાલિક શરૂ કરવી જોઈએ, એવી માગણી મહિલા અને બાળ કલ્યાણ સમિતિ દ્વારા પાલિકા પ્રશાસનને કરવામાં આવી છે.

મહિલા અને બાળ કલ્યાણ સમિતિના અધ્યક્ષા અને નગરસેવિકા મીનલ તુર્ડેએ એડિશનલ મ્યુનિસિપલ કમિશનર (શહેર)ને કરી છે. આ સંદર્ભમાં આપેલા એક નિવેદનમાં તેમણે ઉલ્લેખ કર્યો હતો કે દિવ્યાંગ વ્યક્તિઓના ભરણપોષણ, તબીબી સારવાર, દવા, શિક્ષણ અને દૈનિક જરૂરિયાતો માટે મોટો નાણાકીય ખર્ચ થાય છે. ઘણા પરિવારોમાં એક વ્યક્તિને દિવ્યાંગ સભ્યની સેવા કરવા માટે ઘરે રહેવું પડે છે. આને કારણે આવા પરિવારો વધારાના નાણાકીય બોજનો સામનો કરી રહ્યા છે. તેથી મુંબઈ મહાનગરપાલિકાની દિવ્યાંગ પેન્શન યોજના દ્વારા તેમને રાહત આપવી જરૂરી છે.

નગરસેવિકાએ પ્રશાસનનું ધ્યાન દોરતા કહ્યું હતું કે ગયા વર્ષથી આ યોજના હેઠળ દિવ્યાંગ લાભાર્થીઓને નાણાકીય સહાય મળી નથી. વર્ષ ૨૦૨૫-૨૬ માટે બજેટમાં લગભગ ૩૨ કરોડ રૂપિયાની જોગવાઈ હોવા છતાં વાસ્તવિક લાભોનું વિતરણ કરવામાં આવ્યું નથી. તેમણે એ પણ સ્પષ્ટતા કરી કે વર્ષ ૨૦૨૬-૨૭ માટે બજેટમાં લગભગ પચ્ચીસ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હોવા છતાં લાભાર્થીઓની સંખ્યાની સરખામણીમાં તે અપૂરતી છે. તેમણે માગ કરી છે કે વર્ષ ૨૦૨૫-૨૬ના બાકી રહેલા હપ્તા અને વર્ષ ૨૦૨૬-૨૭ માટે નિયમિત પેન્શન ચૂકવવા માટે જરૂરી ભંડોળ તાત્કાલિક ઉપલબ્ધ કરાવવામાં આવે.

# ભાયંદરમાં માતાને બચાવવા જતાં પુત્રએ જીવ ખોયો: પિતાની ધરપકડ

થાણે: માતા-પિતાના ઝઘડામાં મધ્યસ્થી કરનારા પુત્ર પર છરીથી હુમલો કરવામાં આવતાં તેનું મોત નીપજ્યું હોવાની ઘટના ભાયંદરમાં બનતાં પોલીસે આરોપી પિતાની ધરપકડ કરી હતી.

ઉત્તન સાગરી પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ બિન્દેશકુમાર સોની (૪૬) તરીકે થઈ હતી. સોનીને સ્થાનિક મૅજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવ્યો હતો. કોર્ટે તેને ત્રણ દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

ભાયંદરના ઉત્તન સાગરી પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર સુભાષચંદ્ર માકડે જણાવ્યું હતું કે ઘટના ૨૬ જુલાઈની રાતે ઉત્તનમાં બની હતી. એક સગાના મૅરેજ રિસેપ્શનમાં જવાને મુદ્દે રાતે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ સોનીનો પત્ની સાથે ઝઘડો થયો હતો.

બોલાચાલી ઉગ્ર બનતાં ગુસ્સામાં આરોપીએ છરીથી પત્ની પર હુમલો કર્યો હતો. જોકે માતાને બચાવવા પુત્ર અભયે (૨૪) મધ્યસ્થી કરી હતી. પરિણામે સોનીએ પુત્ર અભય પર છરીથી હુમલો કર્યો હતો. લોહીલુહાણ હાલતમાં જમીન પર ફસડાઈ પડેલા અભયને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. અભયના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. આ પ્રકરણે પત્નીની ફરિયાદને આધારે પતિ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસ બાદ સોનીની ધરપકડ કરવામાં આવી હોવાનું માર્કડે જણાવ્યું હતું. (પીટીઆઈ)

# જૈન મરણ

**ઝાલાવાડી વિશા શ્રીમાળી શ્વે. મુ. જૈન**

લીંબડી નિવાસી હાલ મલાડ, સ્વ. મહાસુખલાલ હિંમતલાલ શિવલાલ શાહના ધર્મપત્ની શારદાબેન (ઉં. વ. ૮૭) ૨૯/૭/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે અલકા કમલેશ મહેતા, રાજેશ-મીના, ભાવેશ-બ્રેઇનાના માતુશ્રી. સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. જીતેન્દ્રભાઈ, કિરીટભાઈ, સ્વ. અતુલભાઈ, સ્વ. સરોજબેન, સ્વ. અરુણાબેન, તથા રેખાબેનના ભાભી. પિયરપક્ષે સ્વ. કાંતિભાઈ, મહેન્દ્રભાઈ, સ્વ. ચંદ્રકાંતભાઈ, પંકજભાઈ, રશ્મિનભાઈ તથા સ્વ. રંજનબેનના બહેન. માતૃવંદના ૨/૮/૨૬ના રોજ ૧૦ થી ૧૨. વર્ધમાન સ્થા જૈન ઉપાશ્રય, પાંચમે માળે, શંકર મંદિર સામે, એસ વી. રોડ. કાંદિવલી વેસ્ટ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રંગપુર નિવાસી હાલ બોરીવલી, સ્વ. શાંતાબેન નાથાલાલ અજમેરાના પુત્ર પ્રકાશ (ઉં. વ. ૬૭) તે દીનાબેનના પતિ. સ્વ. બકુલાબેન, સ્વ. અનંતભાઈ, સ્વ. ભાનુબેન, સ્વ. મુકેશભાઈ, સ્વ. પ્રફુલ્લાબેનના ભાઈ, ગં.સ્વ. હીરાબેન ચંદ્રકાંતભાઈ શાહના જમાઈ. કિરણબેન રજનીકાંત શાહ,હેમાબેન હિમાંશુભાઈ શાહ, હર્ષાબેન જીતેન્દ્રભાઈ દોશીના બનેવી. તા. ૩૦.૭.૨૦૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. બી ૬૦૩, શ્રી લક્ષ્મી એપાર્ટમેન્ટ, કાર્ટર રોડ નંબર ૩, અંબાજી મંદિર માર્ગ,બોરીવલી ઈસ્ટ.

**દશાશ્રી માળી સ્થાનકવાસી જૈન**

ભાસ્કરભાઈ અને સરલાબેન કોઠારીના પુત્રવધુ તથા લલિતભાઈ અને સવિતાબેન સહાનીના પુત્રી. નમ્રતા (ઉં. વ. ૫૪) તે સંજયના પત્ની. સંજના અને સૌમિનના માતા. મમતાના ભાભી ગુરૂવાર ૩૦ જુલાઈના મુંબઈમાં અવસાન થયેલ છે. પ્રાર્થનાસભા શનિવાર ૧ ઓગસ્ટના રોજ સાંજે ૫ થી ૬.૩૦ના સમયે સ્ત્રી મંડળ હીરાવતી હોલ, પોદ્દાર સ્કૂલ પાસે, સાંતાક્રુઝ વેસ્ટ,

**ઘોઘારી વીશા શ્રીમાળી જૈન**

તળાજા નિવાસી હાલ બોરીવલી, સ્વ. બાબુલાલ માણેકચંદ શાહના સુપુત્ર જીતેન્દ્ર બાબુલાલ શાહ (ઉં. વ. ૮૧) તા.૨૯/૦૭/૨૬ને બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે જ્યોતિબેનના પતિ. જેસલ સમીર કુમાર સલોત, નેહલ જીગ્નેશકુમાર શાહ, પ્રીતિ પ્રતીકકુમાર સંઘવી, ચેતના પ્રિયાંકકુમાર શાહ, અંકિતા આલોકકુમારના પિતાશ્રી. સ્વ. ચંદુભાઈ, રમેશભાઈ, અશોકભાઈ, સ્વ. ગુણવંતીબેન રજનીકાંત, સ્વ. સરોજબેન જીતેન્દ્રકુમારના ભાઈ. સ્વસુરપક્ષે પરમાણંદદાસ ભીમજીભાઈ (દેવગાણાવાળા)ના જમાઈ. ધૈર્ય, સ્તુતિ, ક્રિશ, ધ્યાની, સ્વીની, વિહાન, નિષ્કા, અર્હમ, તાશવી, ધ્યારાના નાના, લૌકિક વ્યવહાર બંધ છે. ઇ-૨૦૨, કેવલ ટાવર, લિબર્ટી ગાર્ડન,બી જે પટેલ રોડ, નેક્સ્ટ ટુ લેન્ડમાર્ક હોટલ, મલાડ વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

લાખાપરના કલાવતી (લક્ષ્મી) શામજી મારૂ (ઉં. વ. ૭૬) તા. ૨૯/૭/૨૬ના અવસાન પામેલ છે. તે મણીબેન ભાણજી ગંગાજરના પુત્રવધૂ. શામજી ભાણજીના ધર્મપત્ની. લુણી ભાણબાઈ કુંવરજી મોણશીના પુત્રી. મનોજ, ધ્વનિના માતાજી. સાડાઉ રેખા કાંતિલાલ, કુંદરોડી મીના નવીન, હેમકુંવર કલ્યાણજી, વડાલા ભારતી ભરતના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ઠે. મનોજ મારૂ, એ-૧૦૦૧, શીતલ ઉષા બીલ્ડીંગ, જનકલ્યાણ નગર, માર્વે રોડ, મલાડ (વે), મું.૯૫.

રતાડીયા ગણેશના વસનજી કાનજી વીરા (ઉં. વ. ૮૭) તા.૨૯-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. ખેતબાઈ કાનજીના પુત્ર. ઈંદુબેનના પતિ. પારસના પિતા. મગનલાલ, પોપટલાલ, દિલીપ, દેવકાંબેન ભવાનજી, વડાલા મમીબેન લાલજી, લીલાવંતીબેન દિનેશના ભાઈ. લીલાબેન લીલાધરના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. પારસ વીરા. બેલ્વેડેરે ૧૯ મે માળે, પ્લોટ નં.૬૮, યુનાઈટેડ સ્ટુડન્ટ હોમ રોડ, સાયન (વે).

દેવપુરનાં પ્રીતી (પપી) કાંતીલાલ નિસર (ઉં. વ. ૫૬) તા. ૩૧-૭-૨૬નાં અવસાન પામેલ છે. મમીબાઇ ભાણજી આસુના પૌત્રી. સ્વ. રમીલાબેન કાંતીલાલના પુત્રી. મનિષ, દિપેન, મીનલ હર્ષલના બહેન. શેરડીના કેસરબેન લીલાધર મારૂના દોહીત્રી. પ્રાર્થના રાખેલ નથી. નિ. મનીષ નિસર, એ/૭૦૪, સિધ્ધી એન્કલેવ, નંદા પાટકર રોડ, વિલેપાર્લા (ઇ.).

**કચ્છી ગુર્જર જૈન**

(ગામ કચ્છ-માંડવી, હાલે મુલુંડ) રંજનબેન બાબુલાલ શાહ (ઉં. વ. ૮૨) તા. ૩૧.૦૭.૨૦૨૬ના અરિહંત શરણ પામેલ છે.પતિઃ સ્વ. બાબુલાલ રાયશી શાહ પિતૃપક્ષઃ સ્વ. અમૃતલાલ સાકરચંદ શાહ માતૃશ્રીઃ હર્ષિકા, ફાલ્ગુની, મેહુલના સાસુઃ સ્વ. દીપક પટવા, તુષાર, ઋષભનાની સાસુ. (લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે)

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

વઢવાણ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. મધુબેન શાંતિલાલ શાહના સુપુત્ર નિલેશભાઇ (ઉં. વ. ૬૮) તા. ૩૦-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે વર્ષાબેનના પતિ. ભાવિની મિતેશ જોબલીયા, શલોની અમર શાહ તથા કાર્તિકના પિતાશ્રી. ભરતભાઇ તથા મયુરીબેન દિપકભાઇ દેસાઇના ભાઇ. વઢવાણ નિવાસી સ્વ. જયાબેન નાનચંદ મગનલાલ શાહના જમાઇ. તે નયનાબેનના દિયર. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી શ્વેતાંબર જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ બોરીવલી ધીરજલાલ ખીમચંદ શાહ (ઉં. વ. ૭૨) તે સુરેખાબેનના પતિ. વૈભવ, ચેતના, કૃપાના પપ્પા. ભાવના-ભાવિનકુમાર-જિનેશકુમારના સસરા. ધીરના દાદા. આરવ-આરુષિના નાના. સ્વ. મનસુખલાલ સાંકળચંદ શાહના જમાઇ તા. ૩૧-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. ભાવયાત્રા તા. ૨-૮-૨૬ રવિવારે સવારે ૧૦થી ૧૨. ઠે. સ્થાનકવાસી જૈન સંઘ, બોરીવલી (વેસ્ટ), એલ. ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે.

**હાલારી વિશા શ્રીમાળી સ્થા. જૈન**

જોડિયા નિવાસી હાલ કાંદીવલી સુરેશભાઇ ધીરજલાલ સંઘવી (ઉં. વ. ૭૫) તા. ૩૧-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સેજલબહેનનાં પતિ. કુણાલ તથા મોહિલનાં પિતા. રિદ્ધિ તથા બિંદીના સસરા. આરવી તથા નિહાનનાં દાદા. હિરેનભાઇ, કમલેશભાઇ, અશ્લેષભાઇ, જયોતિબેન, સ્વ. દક્ષાબેન, જયશ્રીબેન, કલ્પનાબેનનાં ભાઇ તથા સ્વ. નટવરલાલ દેસાઇનાં જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨-૮-૨૬ના ૪થી ૬. ઠે. શેઠિયા બેન્કવેટ હોલ, રઘુલીલા મોલ, ગ્રાઉન્ડ ફલોર, કાંદિવલી (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાણપુર ભેસાણ નિવાસી હાલ બોરીવલી મુંબઇ ગુણવંતભાઇ શાંતિલાલ રુપાણી (ઉં. વ. ૭૫), તા. ૩૦-૭-૨૬ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે કનકબેનના પતિ. નીરવ-કુનાલના પિતા. દર્શિતા-રીમાના સસરા. સ્વ. નરેન્દ્રભાઇ, સ્વ. દેવેન્દ્રભાઇ, નમિતાબેન મનસુખલાલ ગોહેલના ભાઇ, ગઢડા (સ્વામીના) નિવાસી હાલ બોરીવલી સ્વ. વિનુમતીબેન રતિલાલ નરસીદાસ કામદારના જમાઇ. પ્રાર્થનાસભા : લોટસ બેન્કવેટ હોલ, ૪થે માળે, રઘુલીલા મેગા મોલ, પોઇસર ડેપોની પાછળ, કાંદિવલી (વેસ્ટ), રવિવાર, તા. ૨-૮-૨૬ના સવારના ૧૦થી ૧૨.

# હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

પૂર્ણિમા પ્રબોધ મુળજીભાઈ ગણાત્રાના પૌત્રી, કુમારી ખુશી (ઉં. વ. ૧૭) કચ્છ ગામ માંડવી હાલે ડોમ્બિવલી, બીજલ અને નિમેષ પ્રબોધ ગણાત્રાના સુપુત્રી ૩૦.૦૭.૨૬ના રામશરણ પામેલ છે તે સૌ.અંજના નરેન્દ્ર પ્રબોધ ગણાત્રાના ભત્રીજી, યશ્વી, પુણ્યા(પરી)ની બહેન. સ્વ. ભગવતીબેન તથા સ્વ. હંસરાજ જમનાદાસ ઠક્કરના દોહિત્રી. સૌ. મમતા તથા મેહુલ હંસરાજ ઠક્કરના ભાણેજી. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યહવાર બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી**

કૂકડ નિવાસી હાલ મુંબઈ, અ.સૌ. પુષ્પા રજનીકાંત શાહ (ઉં. વ. ૮૭) તા. ૩૦.૦૭.૨૬ના અરીહંતશરણ થયેલ છે. તે રજનીકાંત પ્રતાપરાય શાહના પત્ની. દેવેન અને રાખી કોઠારીના માતુશ્રી. જાગૃતિ દેવેન શાહ તથા દિપક કોઠારીના સાસુ, સ્વ. જાદવજી કલ્યાણજી શેઠના પુત્રી, જશ, દિવિતા, હેતા સોમિલ વિસરિયા, નીતિના ગ્રેન્ડ મધર. લૌકિક વ્યવહાર બંધ છે.

**ગુ.હા.સ.ચા મોઢ બ્રાહ્મણ**

સ્વ. જયશ્રીબેન અનિલભાઈ શુકલ (ઉં. વ. ૭૯) તા. ૨૯/૦૭/૨૬ના અવસાન થયેલ છે. તે અનિલભાઈ વિષ્ણુપ્રસાદભાઈ શુકલના ધર્મપત્ની. સ્વ. બહાદુરભાઈ, રેવાશંકર શુકલના પુત્રવધૂ. જયંતભાઈ, ભાનુબેન વિનોદરાય ત્રવાડી, સુશીલાબેન શંભુપ્રસાદ, ત્રવાડી, ઉષાબેન હસમુખરાય ત્રિવેદીના ભાભી. અમીતભાઇ, શાસ્ત્રી નિતેષ શુકલના મમ્મી. સ્વ. ભાગીરથીબેન, મગનલાલ મણિશંકર ત્રવેદીના પુત્રી. ભરતભાઇ હરીલાલ ત્રિવેદીના બેન. સદગતનુ ઉઠમણુ તથા પિયરપક્ષનુ બેસણુ તા. ૧/૦૮/૨૬ના સાંજે ૪ થી ૫. સરનામુઃ કલ્યાણજી નરશી જાની મોઢ બ્રાહ્મણની વાડી, ચંદન પાર્ક મેઇન રોડ, સરકારી કર્મચારી સોસાયટી, રૈયા રોડ રાજકોટ.

**કચ્છી લોહાર**

સ્વ. સંદીપભાઈ લીલાધર પિત્રોડા (ઉં. વ. ૫૯) મૂળ ગામ ભુજ, હાલ કાંદીવલી, તે લીલાવંતીબેન લીલાધર પિત્રોડાના સુપુત્ર. હીનાબેનના પતિ. આદિત્ય તથા કનકના પિતાશ્રી. દર્શનાના સસરાજી, વસંતભાઈ પઢારીયા (જળગાંવ)ના જમાઈ. તા. ૨૪-૭-૨૬ના શ્રીજીશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. સરનામુંઃ ડી - ૩૦૧ કલ્પતરૂ ટાવર્સ આકુર્લી ક્રોસ રોડ નંબર ૩, સીઓડીની બાજુમાં, ઈએસઆઇએસ હોસ્પિટલની સામે, કાંદીવલી ઇસ્ટ.

**દેસાઈ સઈ સુથાર જ્ઞાતિ**

ગામ મઢડા હાલ ડોમ્બીવલી, સ્વ. દયાળજીભાઈ રાઘવજીભાઈ સરવૈયાના ધર્મપત્ની મધુબેન (ઉં. વ. ૭૧) મંગળવાર તા. ૨૮.૦૭.૨૬ના રામચરણ પામેલ છે. તે દક્ષા કિર્તીકુમાર દેસાઈ, મીનાબેન, પારુલબેન, સ્વ. સંતોષભાઈ, હર્ષદભાઈના મમ્મી. બાબુભાઈ રાઘવજીભાઈ સરવૈયા, વિજુબેન કાંતિલાલના ભાભી. પલ્લવીબેન સતીશકુમાર રાઠોડ, યોગેશભાઈ, હિરેનભાઈના મોટાબા. સ્વ. રુક્ષ્મણીબેન ઓધવજીભાઈ ગોહિલ ગામ નાનાખોખરાના દીકરી. ચંપકભાઈ, રસીલાબેન, સ્વ. ભારતીબેન, વર્ષાબેન, મુકેશભાઈ, ભાવનાબેનના મોટાબેન. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૦૧.૦૮.૨૬ શનિવારના ૪ થી ૬. શુભ મંગલ કાર્યાલય, એવરેસ્ટ શોપિંગ સેન્ટર, લોકમાન્ય ચોક, રેલવે સ્ટેશન પાસે, ડોમ્બીવલી ઇસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

લખપતના રમેશભાઈ દાવડા (ઉં. વ. ૬૦) ૨૯-૭-૨૬ બુધવારના દિવસે જલારામશરણ પામ્યા છે. તે સ્વ. સુશીલાબેન તથા સ્વ. ટેકચંદ રણછોડદાસ દાવડાના પુત્ર. મીનાક્ષીબેનના પતિ. પ્રિતેશ, આનંદના પિતા, કનૈયાલાલ, પ્રવીણભાઈ, વિજય, જયશ્રી સુભાષ પુંજાણી, ગં.સ્વ. હંસાબેન શરદભાઈ રાછ, ભરતના ભાઈ, સ્વ. પ્રેમાબેન કલ્યાણજી ગણાત્રા, સ્વ. સાવિત્રીબેન તથા સ્વ. પ્રાગજી કલ્યાણજી ગણાત્રાના જમાઈ. બંન્ને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર તા. ૧-૮-૨૬ સાંજે ૪ થી ૬. ઠે. શ્રી કચ્છી કડવા પાટીદાર વાડી, રોહા હોટલની બાજુમાં, એલ. બી. એસ. માર્ગ, ઘાટકોપર (પ.). લૌ વ્ય. બંધ છે.

# પારસી મરણ

પારસી....

નેવીલ સામ મહેતા તે ઝીનોબીયાના ધની. તે રોશન તથા મરહુમ સામ ડી. મહેતાના દીકરા. તે ઝરઝહાનના પપા. તે ઝીનોબીયા ને સાઇરસ કેરાવાલાના ભાઇ. તે ફીયાના મામા. (ઉં. વ. ૫૯) રે. ઠે. બાઇ જરબાઇ બાગ, ઇ-૧૯, ચોથે માળે, ડો. બાબાસાહેબ આંબેડકર રોડ, ભાયખલા, ગલોરીયા ચર્ચની બાજુમાં, મુંબઇ-૪૦૦૦૨૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧-૮-૨૬ના દીને બપોરે ૩.૪૫ વાગે મેવાવાલા અગિયારીમાં છેજી.

દારાયસ મીનોચેર વાંકડીયા તે કેરબાનુના ધની. તે મરહુમો ધનમાય મીનોચેર વાંકડીયાના દીકરા. તે રોની નીલુફર ને પીનાઝના પપા. તે દેલનાઝ ને સીધાતના સસરા. તે અરનાવાઝ તથા મરહુમો ગુસ્તાદ, ફીરોઝ ને વીરાના ભાઇ. તે યાઝીશના બપાવાજી. (ઉં. વ. ૯૩) રે. ઠે. ૪૪-એ, બાટલીવાળા બિલ્ડિંગ, ભોંયતળિયે, સ્લેટર રોડ, મુંબઇ-૪૦૦૦૦૩. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨-૮-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે મીથઇવાલા અગિયારીમાં છેજી.

**કપોળ**

રાજુલાવાળા હાલ પાર્લા, અશ્વિનકુમાર ગોકળદાસ પારેખના પત્ની મધુરીબેન (ઉં. વ. ૭૪) સ્વ. જીવરાજ માવજી મહેતા (ખડકાળાવાળા)ના સુપુત્રી. હિતેશ - સંદીપના મમ્મી. અલ્પા - દિપાલીના સાસુ. સ્વ.ચંપકભાઈ -રાજુભાઈના ભાભી. સ્વ. પુષ્પાબેનના દેરાણી, મીનાબેનના જેઠાણી તા. ૩૦-૭-૨૬, ગુરુવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા અને લૌકિક પ્રથા બંધ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

આટકોટવાળા શરદકુમાર ગીરધરલાલ પડિયાના ધર્મપત્ની અ.સૌ. પૂનમબેન પડિયા (ઉં. વ. ૬૨) તે ૨૭/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે કશ્યપના માતુશ્રી. શ્રદ્ધાના સાસુ. જશવંતરાય તથા દેવયાનીબેનના ભાભી. રાજકોટવાળા જયંતીલાલ ન્યાલચંદ મહેતાના દીકરી. બાબુલાલ નાથાલાલ પડિયાના ભત્રીજાવહુ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

હરસપુર દેવળીયાવાળા હાલ બોરીવલી, ગં. સ્વ. જયશ્રીબેન (ઉં. વ. ૭૬) તે ૨૯/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. અશ્વિનભાઇ ચુનીલાલ મહેતાના ધર્મપત્ની. આશિષ તથા નીતલ વિમલકુમાર કાચરીયાના માતુશ્રી. દર્શનાના સાસુ. કિરીટભાઈ તથા કિરણબેન ચંદ્રકાંત મુનીના ભાભી. પિયરપક્ષે શિહોરવાળા કનૈયાલાલ આત્મારામ મહેતાના દીકરી. તેમની સર્વપક્ષની પ્રાર્થનાસભા ૨/૮/૨૬ના રોજ ૪ થી ૬. ગુરુદ્વારા, સાઈબાબા મંદિર પાસે, સાઈબાબા નગર બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ**

મૂળગામ વાસવડવાળા હાલ વડાલા, સ્વ. બળવંતરાય અમૃતલાલ જોષીના ધર્મપત્ની ગં. સ્વ. નિર્મળાબેન જોષી (ઉં. વ. ૮૬) ૨૯/૭/૨૬ના ગૌલોકવાસી થયેલ છે. તે સ્વ. દક્ષાબેન, ભાવનાબેન તથા સંગીતાબેનના માતુશ્રી. સ્વ. વિજયભાઈ પીઠીયા, ઊર્મિત(રાજુ) રાવલ, નિલેશ ભટ્ટના સાસુ. ગં.સ્વ. જયશ્રીબેન જયંતીભાઈ રાવલના ભાભી. પિયરપક્ષે અમરેલીવાળા રસિકભાઈ, રજનીભાઇ, અશોકભાઈ દુર્લભજી વ્યાસ, મંજુબેન ઠાકર, મીનાબેન જોષી, રેખાબેન દવે, કુસુમબેન જોષીના બહેન. પ્રાર્થનાસભા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**બાલાસિનોર દશાનીમા વણિક**

સ્વ. સુરેન્દ્ર રમણલાલ દેસાઈ (ઉં. વ. ૮૨) બુધવાર તા. ૨૯.૦૭.૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ચંદનબેન રમણલાલ દેસાઈના સુપુત્ર, સ્વ. શાંતાબેન કિંતનલાલ પરીખના જમાઈ, ચંદ્રલેખાના પતિ, ડૉ. રાજીવ-હેતલ (ટીકુ)ના પિતા, ડૉ. નંદિની-રીમાના સસરા, પ્રાર્થનાસભા રવિવાર, તા. ૦૨.૦૮.૨૬ના સાંજે ૫.૦૦ થી ૭.૦૦. વિશ્વકર્મા બાગ, ગ્રાઉન્ડ ફ્લોર, બજાજ રોડ, વિલેપાર્લે વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ દેવરાજિયા, હાલ મીરારોડ, સ્વ. કપિલાબેન તથા સ્વ. બાબુલાલ મોહનલાલ ચંદારાણાના પુત્ર દેવેન્દ્રભાઈ (ઉં. વ. ૬૯) તે ભારતીબેનના પતિ. નિધિ અમિતકુમાર નથવાણી, ચિરાગ, ભાવિકના પિતા. વિલોચનભાઈ, સ્વ. જ્યોત્સના હરીશકુમાર ઠકરારના ભાઈ, સાસરાપક્ષે હૈદરાબાદવાળા સ્વ. દેવકાબેન મોહનલાલ દાવડાના જમાઈ. તે ૩૦-૦૭-૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ સુરત સ્વ. ભાનુબેન અનંતરાય સંઘવી (ઉં. વ. ૮૪) તે સ્વ. અનંતરાય હરજીવનદાસ સંઘવીના ધર્મપત્ની તુષાર તથા સંજયના માતુશ્રી. સ્વ. આરતી તથા અ. સૌ. સોનલના સાસુશ્રી. અદિતિ પ્રતીક પારેખ, પાર્થ અને મેઘનાના દાદીશ્રી. સ્વ. ગોપાલજી નથુભાઇ મહેતા (લોટપુરવાળા)ના સુપુત્રી. તા. ૨૭-૭-૨૬ના સોમવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨-૮-૨૬ રવિવારના સાંજે ૫થી ૭. ઠે. સોનીવાડી હોલ, શિંપોલી ક્રોસ રોડ, બોરીવલી (વેસ્ટ).

**ઔદિચ્ય સહસ્ત્ર સાઠા બ્રાહ્મણ જ્ઞાતિ**

સરડોઇ નિવાસી હાલ જોગેશ્વરી તારાબેન (ઉં.વ.૯૦) તે સ્વ. પ્રહલાદભાઇ જટાશંકર ગોરના પત્ની બુધવાર તા. ૨૯-૭-૨૬ના દેવલોક પામ્યા છે. તે મહેશભાઇ, વીણાબેન, ભરતભાઇ, હંસાબેન, મુકેશભાઇના માતુશ્રી. દિપકકુમાર, જન્મેજયકુમાર, નીલાબેન, સ્વ. સ્મિતાબેન, નીનાબેનના સાસુ. ગં. સ્વ. હંસાબેન ભાલચંદ્ર ગૌર, સ્વ. રસીલાબેન બિપીનચંદ્ર શુકલ, સ્વ. વિમળાબેન ગજાનન શુકલના ભાભી. મોહનપુર નિવાસી સ્વ. રુખીબેન યશવંતલાલ વ્યાસના સુપુત્રી. સ્વ. જયંતીભાઇ, ચંદ્રકાંતભાઇ, સ્વ. રમેશભાઇ, સ્વ. જાનકીબેન, ગં. સ્વ. દેવકીબેન, સ્વ. વિદ્યાબેનના બહેન. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨-૮-૨૬ના ૫થી ૭. ઠે. ગોપાલજી હેમરાજ હાઇસ્કૂલ, મહાત્મા ગાંધી રોડ, સુકરવાડી, બોરીવલી (પૂર્વ), લૌકિક વ્યવહાર બંધ છે. ઉત્તરક્રિયા ચાણોદ મુકામે રાખેલ છે.

**હાલાઇ ભાટિયા**

લીના મુકેશ આશર (ઉં. વ. ૬૯) તા. ૨૮ જુલાઇ ૨૦૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે મૂકેશ આશરના પત્ની. મેહુલ મુકેશ આશરના માતા. નિપા મેહુલ આશરના સાસુ. કુ. આન્યા મેહુલ આશરના દાદી. સ્વ. જમુબેન, સ્વ. હંસરાજ કાપડિયાના પુત્રી. નીલા અમ્રીશ ભાટિયા, જયશ્રી રાજીવ શાહ અને સ્વ. મીતા નિલેશ શાહના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

# એગ્રીગેટર કંપનીઓ માટે પહેલી સપ્ટેમ્બર સુધીમાં રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત

મુંબઈ: રાજ્યમાં એગ્રીગેટર આધારિત મુસાફર પરિવહનને વધુ સુરક્ષિત, પારદર્શક અને નિયમબદ્ધ કરવા માટે રાજ્ય સરકારે નક્કી કરેલી એગ્રીગેટર પોલિસીની કડક અમલબજવણી કરવામાં આવશે. તે મુજબ, રાજ્યમાં કાર્યરત તમામ એગ્રીગેટર કંપનીઓએ ૧ સપ્ટેમ્બર સુધીમાં નક્કી કરેલી પ્રક્રિયા પૂરી કરીને રજિસ્ટ્રેશન કરાવવું. ૧ સપ્ટેમ્બર પછી રજિસ્ટ્રેશન વગર કે નિયમોનું ઉલ્લંઘન કરીને મુસાફર પરિવહન કરનારી એગ્રીગેટર કંપનીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે, એવી સ્પષ્ટ ચેતવણી અપાઈ છે. રાજ્યમાં એપ આધારિત વાહન સેવાઓ ઝડપથી વધી રહી હોવાથી મુસાફરોની સુરક્ષા, ડ્રાઇવરોની યોગ્યતા અને કંપનીઓની જવાબદારી નક્કી કરવી જરૂરી છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ખેલાડીઓની ઈજાઃ ભારતીય ક્રિકેટ માટે સૌથી મોટો પડકાર

## હરીફ ટીમનો સામનો કરવા તૈયાર રહેવું એના કરતાં ખેલાડીઓની ફિટનેસનો મુદ્દો ટીમ મૅનેજમેન્ટ માટે વધુ કસોટીરૂપ હોય છે



વર્તમાન ક્રિકેટ જગતમાં વિરાટ કોહલી જેવો ફિટ ખેલાડી બીજો કોઈ નથી

સ્પોર્ટ્સમેન
સાશા
feedback@bombaysamachar.com

ભારતીય ક્રિકેટ ટીમના તાજેતરના ઇંગ્લૅન્ડ પ્રવાસ દરમ્યાન સૌથી મોટી ચિંતા સ્કોર બોર્ડ ઉપરાંત ડ્રેસિંગ રૂમના મેડિકલ બુલેટિનની પણ હતી. લગભગ દરેક મૅચ બાદ કોઈને કોઈ ખેલાડી ઈજા પામ્યો હોવાની વાતો ચર્ચામાં રહેતી હતી. ક્યારેક શુભમન ગિલના તો ક્યારેક જસપ્રીત બુમરાહના સ્નાયુઓ ખેંચાઈ ગયા હતા જેને કારણે ભારતીય ટીમના પરિણામો પર વિપરીત અસર થઈ હતી. ખેલાડીઓ કેમ ઘાયલ થઈ રહ્યા છે વાત ત્યાં સુધી સીમિત નથી. ચિંતા એ વાતની છે કે શું ભારતીય ક્રિકેટ પોતાની સૌથી મોટી મૂડી એટલે કે ખેલાડીઓની ફિટનેસ ગુમાવવાના સૌથી મોટા જોખમની દિશામાં જઈ રહી છે કે શું?

વર્ષ દરમ્યાન એક પછી એક મૅચ, સિરીઝ કે ટૂર્નામેન્ટ રમતા રહેવું, ત્રણેય ફૉર્મેટમાં રમવાનું માનસિક અને શારીરિક દબાણ, આઇપીએલ, વિદેશ પ્રવાસોને લીધે થતો થાક અને રિકવરી ટાઇમની મર્યાદા પરથી સ્પષ્ટ થઈ ગયું છે કે આધુનિક ક્રિકેટમાં માત્ર પ્રૅક્ટિસથી નહીં, પણ વિવિધ પ્રકારની વૈજ્ઞાનિક રિકવરીને લીધે ખેલાડી લાંબા સમય સુધી મેદાન પર ટકી શકે છે.

ઇંગ્લૅન્ડની સિરીઝે ભારતીય ક્રિકેટને સજાગ કરતો એ સંદેશ આપ્યો છે કે ખેલાડીઓની વધતી જતી ઈજાના કિસ્સાઓ પર જો અંકુશ નહીં લાવવામાં આવે તો ભવિષ્યમાં ભારતીય ક્રિકેટ ટીમ માટે સૌથી મોટો પડકાર હરીફ ટીમ નહીં, પણ પોતાના ખેલાડીઓની ફિટનેસનો હશે.

આજકાલ બૅટ્સમેનો ક્યારેક આંગળીની, ક્યારેક ખભાની અને ક્યારેક હેમસ્ટ્રિંગની ઇન્જરી (પગના ઉપલા ભાગમાં પાછળની બાજુએ ઈજા) સામે સતત ઝઝૂમી રહ્યા છે. ઘણી વાર એવું બને છે કે કોઈ ખેલાડીને જ્યારે કોઈ યોજનામાં સામેલ કરવામાં આવ્યો હોય છે ત્યારે જાણવા મળે છે કે તે ટેસ્ટ-મૅચના પહેલા જ દિવસે ઈજા પામ્યો અને ટીમની આખી યોજના પર પાણી ફરી વળ્યું છે.

સવાલ એ છે કે આખરે ભારતીય ક્રિકેટે હાલના દિવસોમાં આ ભારે સંકટ સામે કેમ ઝઝૂમવું પડી રહ્યું છે? વધુ પડતી પ્રૅક્ટિસનું તો આ પરિણામ નથીને? નિષ્ણાતો કહે છે કે ક્રિકેટમાં સફળતા માટે ભારે પરિશ્રમથી પ્રૅક્ટિસ કરવી જરૂરી હોય છે તો એના કરતાં પણ વધુ મહત્ત્વની છે ખેલાડીની ફિટનેસ. તેનું ફિટ હોવું વધુ જરૂરી છે. કારણ એ છે કે આજની ક્રિકેટ અગાઉ કરતાં અનેકગણી ઝડપી, વધુ વ્યસ્ત અને શારીરિક રીતે વધુ પડકારરૂપ થઈ ગઈ છે. ખેલાડીના શરીરને આરામ અને રિહૅબિલિટેશનની ઘણી જરૂર હોય છે, પરંતુ ખેલાડીઓને એ માટે પૂરતો સમય નથી મળતો હોતો. આ જ કારણસર ક્રિકેટ જગતમાં હાલના દિવસોમાં લૉડ મૅનેજમેન્ટ અને રિકવરી સાયન્સ કોચિંગના અવિભાજ્ય અંગ બની ગયા છે.



જસપ્રીત બુમરાહને વર્ષ દરમ્યાન વારંવાર ઈજા થતી હોય છે

ભારતીય ખેલાડી જ્યારે ઇંગ્લૅન્ડ જેવી પરિસ્થિતિઓમાં ક્રિકેટ રમે છે ત્યારે ત્યાં તેણે (ભારતીય બોલરે) લાંબા સ્પેલ બોલિંગ કરવી પડતી હોય છે જેના કારણે તેમના પર માનસિક અને શારીરિક દબાણ આવે છે. આ બાબત બૅટ્સમેનોને પણ લાગુ પડે છે, કારણકે ત્યાં બૅટિંગ કરવી આસાન નથી હોતી. એ ઉપરાંત, ફીલ્ડિંગ દરમ્યાન ખેલાડીઓએ લાંબા સમય સુધી ત્યાંની હવામાનમાં મેદાન પર ટકી રહેવું પડે છે અને પરિસ્થિતિ સાથે તાલમેલ રાખવો પડે છે. ઇંગ્લૅન્ડમાં મોસમ અને માહોલ ભારત કરતાં બિલકુલ અલગ હોય છે અને એને ઍડજસ્ટ થવું માથાફોડી કરવા જેવું છે અને એવું એ જ ખેલાડી કરી શકે છે જે ફિટનેસ વિશે નિયમિત રીતે સજાગ હોય. એ જ કારણ છે કે વિરાટ કોહલીએ ક્યારેય એવી સમસ્યાનો સામનો નથી કરવો પડતો. તેને આવી સમસ્યાઓ સામે લડતો ક્યારેય નથી જોયો. તે નવેમ્બરમાં ૩૮ વર્ષનો થશે અને આટલી મોટી ઉંમરે પણ તેમ જ ન રમતો હોય ત્યારે પણ ફિટનેસ વિશે જાગૃત હોય છે.

સામાન્ય રીતે ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને શ્રીલંકાના ખેલાડીઓ ફિટનેસની બાબતમાં વધુ સંઘર્ષ કરતા હોય છે, કારણકે આ ખેલાડીઓ ઇંગ્લૅન્ડ, ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલૅન્ડ અને સાઉથ આફ્રિકાના પ્લેયર્સ જેવા કસદાર બાંધાના નથી હોતા. સાથે-સાથે, હવા-પાણીનો ફરક પણ કામ કરી જતો હોય છે

ભારતીય ખેલાડીઓ ખાસ પ્રકારના રિકવરી પ્રૉટોકૉલ અપનાવે છે જેમાં ખેલાડીઓને નિયમિત રીતે આઇસ બાથ, હાઇડ્રો થેરપી, સ્ટ્રેચિંગ, સ્પોર્ટ્સ મસાજ, કંપ્રેશન થેરપી, પૂરતી ઊંઘ તથા સંતુલિત પોષણની પ્રક્રિયામાંથી પસાર થતા હોય છે.

જોકે ક્યારેક કોઈક ખેલાડી આળસને લીધે કે પોતાના પર વધુ પડતો ભરોસો કરીને નિયમિત ફિટનેસની પ્રક્રિયા ટાળતા હોય છે. અમુક ખેલાડીઓ દરરોજ જિમ્નેશ્યન નથી જતા, કોઈ ખેલાડી ટીમ મૅનેજમેન્ટના કહેવા છતાં પૂરતી ઊંઘ નથી કરતા. પરિણામ એ આવે છે કે આવા ખેલાડી કોઈને કોઈ રીતે ઈજાનો શિકાર થઈ જાય છે.

ખેલાડીની રિકવરી પ્રક્રિયામાં પૂરતી ઊંઘ સૌથી મહત્ત્વપૂર્ણ હિસ્સો હોય છે અને ભારતીય ક્રિકેટ ટીમના ડ્રેસિંગ રૂમમાંથી બહાર આવતી વાતો પરથી જણાયું છે કે ભારતીય ખેલાડીઓને મોડી રાત સુધી જાગવાની આદત છે. તેઓ પથારીમાં પડ્યા પછી પણ કલાકો સુધી મોબાઇલ પર વાતચીત કરતા હોય છે જેને કારણે ટીમ મૅનેજમેન્ટની સજાગતાથી તૈયાર કરવામાં આવેલા રિકવરી પ્રૉટોકૉલનો પણ બહુ ફાયદો નથી થતો. ખેલાડીઓ ચુસ્તપણે ડાયટના પ્લાનને અનુસરતા નથી હોતા એવી ફરિયાદ પણ જાણવા મળી છે. તળેલો, ભુંજેલો અને મસાલેદાર ખોરાક ખાવો, ચોરી છુપીથી કોઈ પણ રીતે 'પીવાની' વ્યવસ્થા કરી લેવી. ભારતીય ખેલાડીઓ વારંવાર ઈજા પામતાં હોવા પાછળ આવી લાપરવાહી પણ જવાબદાર છે.


ખેલકૂદ સંબંધિત વિજ્ઞાનીઓ કહેતા હોય છે કે ખેલાડી દિવસના સાત કલાકની ઊંઘ પણ ન કરે તો તેના શરીરના ક્ષતિગ્રસ્ત અવયવો સમયસર અને પૂરતા સાજા નથી થઈ શકતા. પર્યાપ્ત પ્રૉટિન, કાર્બોહાઇડ્રેડ, ઇલેક્ટ્રોલાઇટ્સ અને પાણી શરીરને નવી ઊર્જા અપાવે છે. એટલે જ તો તમામ આધુનિક ટીમો ન્યૂટ્રિશનિસ્ટ તથા સ્લીપ સ્પેશ્યાલિસ્ટને પણ કોચિંગ સ્ટાફમાં રાખે છે. ભારતીય ક્રિકેટમાં સ્પોર્ટ્સ સાયન્સ પર વધુ લક્ષ તો આપવામાં આવી રહ્યું છે, પણ ખેલાડીઓને વારંવાર ઈજા થઈ રહી છે એ જોતાં આ દિશામાં હજી ઘણો સુધારો બાકી છે એમ કહી શકાય. ■

# બુવિકામાં ફ્યોર્ડ કિનારે જૂનાં ગીતો ને દેસી પાડોશી...

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

કોઈ પણ લાંબું વેકેશન જ્યારે છેલ્લા ચરણમાં પ્રવેશે છે ત્યારે એક સાથે ત્યાંથી હવે જલદી ઘરે પહોંચવાની અને ત્યાં વસી જવાની બંને ઇચ્છાઓ એકસાથે ઊમટી પડે. તેમાંય જો તે લેન્ડસ્કેપ નોર્વે જેવો હોય તો પછી રોજ દિવસમાં ઘણીવાર ત્યાંની જિંદગી જરા વધુ પડતા ઓક્સિજન અને તાજગીથી ભરેલી હોવાની ફીલિંગ આવતી જ રહે. તે સમયે ખુદને અવારનવાર યાદ અપાવ્યા કરવું પડતું કે નોર્વેમાં સમરમાં જે લાઇફ છે તે બારેમાસ નથી હોતી. અહીંનું વિન્ટર ડિપ્રેશન પણ એક હકીકત છે. તેમાંય ખાસ જ્યારે દિવસો સુધી ચોખ્ખી સનલાઇટ ન મળે તેવી જિંદગીનો નિર્ણય માત્ર ઉનાળાના અનંત લાગતા દિવસો પરથી ન કરી શકાય. લોકો શિયાળામાં નોર્ધર્ન લાઇટ્સ માટે નોર્વે જરૂર જાય છે, પણ નોર્ધર્ન લાઇટ્સની નવીનતાને સૂર્યપ્રકાશની જરૂરિયાત સાથે તો ન જ સરખાવી શકાય.






વળી પ્રવાસ દરમ્યાન કોઈ સ્થળની વાસ્તવિકતા ભાગ્યે જ જોવા મળતી હોય છે. એ સોશ્યલ મીડિયાનાં થોડાંક રીલ્સ પરથી જિંદગીભરના અભિપ્રાય બાંધી લેવા જેવું થાય. જોકે આજકાલ તેમાં પણ માહિતી ફિલ્ટર કરવાનું વધુ ને વધુ મુશ્કેલ બનતું જાય છે. ખાસ તો ઇન્ટરનેટ લોકોનો અભિપ્રાય બનાવવામાં હવે જે ભાગ ભજવે છે તે ઘણાં અંશે તો ડર લાગે તેવો થઈ ગયો છે. છેલ્લાં બે-ત્રણ વર્ષમાં જ્યાં જુઓ ત્યાં સ્કેન્ડિનિવિયન નોર્ધર્ન લાઇટ્સને એવી રીતે પ્રમોટ કરવામાં આવે છે કે આ નેચરલ એન્ગેજમેન્ટ ન હોઈ શકે તેવી શંકા થયા વિના ન રહે. તેમાં પણ છેલ્લાં થોડાં વર્ષોમાં સાઉથ કોરિયા અને થાઇ ફૂડ, મ્યુઝિક, પોપ કલ્ચરનો જે ઓવરડોઝ થયો છે તેમાં પણ ક્યાંક તો એન્ગેજમેન્ટ ફાર્મિંગની ગંધ આવી જાય છે. એક વાર પૂશ મળી જાય પછી તો લોકો આપોઆપ તે પ્રવાહમાં જોડાઈ જાય છે. તેમાંય સાયકોલોજિકલ એન્ગેજમેન્ટ એક્સપટ્ર્સની મદદથી એવી રીતે પ્લેટફોર્મ પર કન્ટેન્ટનું અલ્ગોરિધમ સેટ કરવામાં આવે છે કે લોકોને 'ફોમો' પણ જલદી ફીલ થવા લાગે. નોર્વે ગયા વિના, ગેધરિંગમાં ભાગ લીધા વિના, રેસ્ટોરાંમાં ગયા વિના પોતે જાણે પાછળ રહી જવાનાં હોય તેવું ડેસ્પરેશન ઊભું કરવામાં આવતું હોય તેવું લાગવા માંડે.

એવામાં નોર્વેમાં બાકી રહેલા થોડા દિવસ ફોન, ન્યૂઝ અને કામથી દૂર ખાસ કોઈ પણ જાતના અલ્ગોરિધમને યાદ કર્યા વિના માત્ર ટ્રોન્ડહાઇમના રસ્તે તે સમયમાં જ મગજ રાખીને ફરવાનું શક્ય બન્યું હતું. કેમેરા એક તરફ રાખીને ખાલી સ્થળને જાણવાની જિજ્ઞાસા સાથે ફરવામાં જાણે અલગ જ અનુભવ થતો હતો. પહાડોની પેટર્નમાં ડિઝાઇન દેખાતી હતી, ટ્રોલનાં સ્ટેચ્યુમાં માઇથોલોજિકલ વાર્તાઓ સંભળાતી હતી, દરેક સ્થળનું આગવું કેરેક્ટર ઊભરીને સામે આવતું હતું. હવે ઓલમોસ્ટ બે અઠવાડિયાંથી અમે નોર્વેની કંટ્રી સાઇડમાં આમ જ રખડી રહ્યાં હતાં, છતાંય જરાય કંટાળો નહોતો આવ્યો. આર્યા અને હું જે બુક્સ સાથે લઈને આવ્યાં હતાં તે દિવસ દરમ્યાન તો વાંચવાનો મેળ પણ નહોતો પડતો. રોજ કોઈ ને કોઈ પ્રકારની હાઇક પણ થઈ જ જતી હતી. એવામાં ટ્રોન્ડહાઇમ નજીક આવેલા ગામ બુવિકામાં અમે એક મજાનું રો-હાઉસ રેન્ટ કરેલું. ત્યાં બસ ફ્યોર્ડના કિનારે બાલ્કનીમાં બેસીને ગપ્પાં મારવાનો પ્લાન હતો. આ છેલ્લા ત્રણ-ચાર દિવસ ઘણાં શાંતિમાં વિતેલા.

અમે હાઇકનો પ્લાન પૂરો કરી ચૂકેલાં, અને લોફોટેન કે ટ્રોમ્સે આ વખતે જવાનું ન હતું, એટલે આગળની હાઇક નોર્વેની ભવિષ્યની ટ્રિપ માટે સાઇડમાં મૂકી દીધેલી, પણ રોજ કોઈ ને કોઈ કારણસર પંદર-વીસ હજાર સ્ટેપ્સ એમ જ થઈ જતાં હતાં.

ટ્રોન્ડહાઇમના સબર્બ જેવા બુવિકામાં ફ્યોર્ડના કિનારે ઘરમાં ચેક-ઇન કર્યા પછી પહેલાં તો સુપરમાર્કેટ ઊપડ્યાં. ત્યાંથી મજાની સ્થાનિક ફિશ, બેક્ડ ગુડ્સ વગેરે લાવીને ઘરે આવીને બાલ્કનીમાં ગોઠવાઈ ગયાં. સાથે જૂનાં રફીનાં ગીતો ચાલુ કર્યાં અને થોડી જ વારમાં બાજુની બાલ્કનીમાંથી એક ભારતીય કાકા બહાર આવ્યા. એ ગીત સાંભળીને જ બહાર આવેલા. નોર્વેમાં ટૂરિસ્ટ ટ્રેક પર ઓલરેડી ધાર્યા કરતાં ઘણાં વધુ ભારતીય પ્રવાસીઓ દેખાઈ ચૂક્યાં હતાં. છતાંય અહીં સાવ અજાણ્યા ખૂણામાં બુવિકામાં ભારતીય કાકાને જોઈને નવાઈ તો લાગે ને. વળી એ કંઈ ત્યાં ટૂરિસ્ટ ન હતા. એ તો ત્યાં જ રહેતા હતા. ચાલીસ વર્ષ પહેલાં તેમની નોર્વેજિયન પત્ની ભારત આવેલી, બંને પ્રેમમાં પડેલાં, અને પછી તેમની સાથે કાકા નોર્વે આવીને વસી ગયેલા. હવે બંને રિટાયર્ડ હતાં અને અહીં પાંચેક વર્ષ પહેલાં ઘર લઈને સેટલ થયેલાં. તેમને નોર્વેજિયન લાઇફ સારી માફક આવી ગઈ હોય એવું લાગતું હતું. તેમની સાથે અમે બાલ્કનીમાંથી જ ગ્લાસ ક્લિક કર્યા અને પછીના બે દિવસ તેમની સાથે બાલ્કનીમાં ગોષ્ઠિ થયા કરી.

ટ્રોન્ડહાઇમ શહેરમાં સવારથી સાંજ સુધી સમય વિતાવવાનો પણ પ્લાન હતો. જોકે અહીં બુવિકાના ઘરમાં બધાંને આરામ કરવાની એવી મજા આવી ગઈ હતી કે કોઈને તૈયાર થઈને બહાર નીકળવામાં ખાસ રસ ન હતો. ટ્રોન્ડહાઇમ ફ્યોર્ડ તો ઓલરેડી અમે આખું ઓળખી જ ચૂકેલાં. રાત્રે બાર-સાડા બાર વાગ્યે સંધ્યાકાળ પછી તરત જ સવાર પડી ગઈ હતી જે જોવા માટે બહાર નીકળી પડ્યાં. દોઢ વાગ્યે અજવાળામાં જ ઊંઘવું પડ્યું. સવારે તો નીચેના પેટિયો આગળ જઈને યોગા પણ કરી લીધું. અહીં જો સવારે ઊઠીને કામ પર ભાગવાનું હોત તો કદાચ આ દેશ એટલો એટ્રેક્ટિવ ન પણ લાગત. બાકી જર્મનીમાં પણ પહાડો અને કુદરત વચ્ચે પહાડો કે તાજી હવાની કમી નથી જ. ક્યારેક ઘરે પણ વેકેશન જેવી ફીલ તો લાવી શકાય તેવું છે. પ્રવાસમાં ખાસ નવી જગ્યાનો રોમાંચ કંઈ અલગ હોય છે. બુવિકા વિષે પણ જાણવા પ્રયત્ન કર્યો કે ત્યાં નોર્સ માયથોલોજીની કોઈ વાર્તાઓ હોઈ શકે. જોકે ત્યાં માત્ર હજારો વર્ષ પહેલાંનું નોર્વેજિયન સેટલમેન્ટ જ હતું અને તે ફીલ પણ કરી શકાતું હતું. દંતકથાઓવાળા ગામના માહોલની અલગ જ વાઈબ હોય. તેના માટે અમારે ટ્રોન્ડહાઇમ જવાનું હતું. ■



# સિક્કા-શંખ-સમાધિઃ મ્યુઝિયમની લાક્ષણિકતા

## વડનગરના સંગ્રહાલયનું ધ્યાનપૂર્વક અવલોકન કરવાથી જીવન વિકાસને સમજવાની તક મળે છે

એક નજર ઈધર ભી
કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

ઈતિહાસ એટલે તવારીખ, વખતના ક્રમ પ્રમાણે નોંધાયેલી હકીકત, ભૂતકાળનું વૃત્તાંત, થઈ ગયેલ બનાવો અને એનું ઘાલમેલ કર્યા વગરનું વર્ણન...' એમ શબ્દકોશ કહે છે.

ઈતિહાસ ભણવો જોઈએ? નાઆઆઆ.... એવો તારસ્વરમાં જવાબ મળવાની ગેરંટી આપી શકાય. અલબત્ત, ઈતિહાસ એટલે કોઈ રાજા કે વંશનો માત્ર શાસનકાળ કે ફલાણું યુદ્ધ ક્યાં, ક્યારે અને કોની વચ્ચે થયું હતું એની કેવળ વિગતો પૂરતો મર્યાદિત ન હોવો જોઈએ. ઈતિહાસ અનેક બાબતો પર પ્રકાશ પાડે જેમાં સાંસ્કૃતિક પાસાનું પણ મહત્ત્વ હોય. આ દૃષ્ટિકોણથી પણ ઈતિહાસને સમજીએ તો મોહનદાસ નામના બાળકે કઈ રીતે મહાત્મા ગાંધી બની જગમાં આદર મેળવ્યો અને એડોલ્ફ નામનો કિશોર કેમ હિટલર બની અનાદર પામ્યો એનો ખ્યાલ આવે છે.

વડનગર મ્યુઝિયમમાં એવી કેટલીક ઐતિહાસિક બાબત સમાવાઈ છે જે જોવી, જાણવી અને સમજવી જરૂરી છે,જેમકે...

### સોના - ચાંદીના સિક્કાનો સંગ્રહ


સિક્કાના સંગ્રહમાં સિલ્વર કોઈન

સલામતી, બચત અને કટોકટીના સમયે કામ આવે એ આશય માટે ધનની સાચવણી એ ભારતીય પ્રજાની અને વિશેષ તો ગુજરાતીઓની લાક્ષણિકતા છે. વડનગરમાં મળી આવેલા સિક્કાઓના વિવિધ સંગ્રહમાંથી એક સંગ્રહ મ્યુઝિયમમાં પ્રદર્શનમાં રાખવામાં આવ્યો છે. 'આર્કિયોલોજી સર્વે ઓફ ઈન્ડિયા' દ્વારા ૨૦૧૫થી કરાયેલા ઉત્ખનનમાં કોડીઓ અને ચાંદીના સિક્કા પણ મળી આવ્યા હતા. રાજકીય અસ્થિરતાના સમયમાં સિક્કાઓનો સંગ્રહ કરવામાં આવતો હતો. સૌથી મોટા જથ્થામાં ૧૩૦૦ ઈન્ડો - સાસાની શૈલીના ચાંદીના સિક્કા છે જે એક હજાર વર્ષ જૂના ગુજરાતના સોલંકી વંશના શાસન વખતે ચલણમાં હોવાની માન્યતા છે. આ સિક્કા પર રાજાનો ચહેરો અને અગ્નિવેદી નજરે પડે છે. પર્શિયન સંસ્કૃતિના પ્રભાવનું આ પ્રતીક છે.

વડનગરમાં ટંકશાળ જેવી વ્યવસ્થા હશે જ્યાં આ પ્રકારના સિક્કા તૈયાર કરવામાં આવતા હતા એવું પુરાતત્ત્વ વિભાગના આર્કિયોલોજીસ્ટ અભિજીત આંબેકરનું માનવું છે. આ સિવાય ૧૧૭૫ કોડીઓ પણ મળી આવી જે લઘુ ઉદ્યોગ અને આર્થિક ક્ષમતા દર્શાવે છે. ઓછી કિંમતની - સસ્તી ચીજવસ્તુની ખરીદીમાં એનો વપરાશ થતો હશે એવો અંદાજ છે. આ સિવાય પંદરમી સદીનો એક સોનાનો સિક્કો પણ મળી આવ્યો છે, જે ઈજિપ્તના રાજવંશ સાથે સંકળાયેલો હોવાનું તારણ છે. આ વિગતો પરથી વડનગર વિદેશ વ્યાપાર સાથે પણ સંકળાયું હશે એમ જરૂર કહી શકાય. સિક્કા અને કોડી દટાયેલી અવસ્થામાં મળી આવ્યા છે એના પરથી સલામતી માટે પૈસા દાટી રાખવાની આદત પ્રાચીન કાળમાં પણ હતી એ સિદ્ધ થાય છે.

### શંખકામ ઉદ્યોગ


શંખઃ ધર્મ અને સજાવટનું પ્રતીક

વડનગરમાં શંખ એક વિશાળ ઉદ્યોગની નામના ધરાવતો હશે. શહેરના અસ્તિત્વના પ્રારંભિક સમયથી મધ્યકાલીન સમય સુધી આ ઉદ્યોગ વિકસ્યો હોવાના પુરાવા મળ્યા છે.

અહીં મળી આવેલા ટર્બિનેલા પિરમ શંખ, શંખની એક પવિત્ર અને પ્રખ્યાત દરિયાઈ પ્રજાતિ છે, જે તેના ધાર્મિક, સાંસ્કૃતિક અને પુરાતત્ત્વ મહત્ત્વ માટે જાણીતી છે. પવિત્ર શંખ કે દિવ્ય શંખ તરીકે ઓળખાતા આ શંખને હિન્દુ અને બૌદ્ધ ધર્મમાં અત્યંત પવિત્ર માનવામાં આવે છે. પૂજા-પાઠ, આરતી અને ધાર્મિક વિધિઓમાં તેનો વિશેષ ઉપયોગ થાય છે. મ્યુઝિયમમાં આપેલી જાણકારી અનુસાર આ પિરમ શંખની મદદથી વીસ હજારથી વધુ શંખની બંગડીઓ, મણકા અને પેન્ડન્ટ્સનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું. સાદી, કોતરણીવાળી અને વીંધેલી રચનાઓ બનાવટમાં સતત બદલાવ દર્શાવે છે. આ નિરંતર ઉત્પાદન, કલાત્મક નવીનીકરણ અને વ્યાપક વેપાર સંબંધો દર્શાવે છે.

આ અવશેષોનું પ્રદર્શન વડનગરના રોજિંદા જીવનમાં શંખ કારીગરીના સંયોજનને પ્રગટ કરે છે. મ્યુઝિયમમાં આ માહિતી ગુજરાતી ઉપરાંત હિન્દી અને અંગ્રેજીમાં આપવામાં આવી છે જેથી બિન ગુજરાતી સહેલાણીઓ પણ આ વારસાથી, આ પ્રવૃત્તિથી વાકેફ થાય. સારી વાત છે, પણ એક વાત ખટકી.

હિન્દી અને અંગ્રેજીમાં આપેલી માહિતીમાં ભાષાનો કોઈ દોષ નથી જ્યારે ગુજરાતીમાં આપેલી જાણકારીમાં શંખની બંગડીઓને બદલે **શખંની બંગડીઆ** એવું દોષપૂર્ણ લખાણ નજરે પડ્યું. એ સમયે મેં સ્ટાફનું ધ્યાન ક્ષતિ પ્રત્યે દોર્યું હતું. એ ભૂલ સુધારાઈ કે નહીં ખબર નથી. અહીં દરેક યુગમાંથી શંખકામના અવશેષ મળ્યા છે. આ કલાનું સાતત્ય જળવાઈ રહ્યું હતું એનો આ પુરાવો છે.

આ કૌશલનો સીધો સંબંધ હડપ્પા યુગ સાથે જોડવામાં આવે છે. હડપ્પા યુગ પછી શંખકામ બંધ થયું અને અનેક સૈકા પછી શરૂ થયું એ પ્રકારની ધારણા આ વડનગરના ઉત્ખનનથી ખોટી પડે છે. વડનગર હડપ્પા કૌશલની મહત્ત્વની કડી છે.

### સમાધિવાલે બાબાજી



પ્રાચીન રમતોની જાણકારી

આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા (એએસઆઈ) - ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ નામની સંસ્થા દેશના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાની જાળવણી, સંરક્ષણ અને પુરાતત્ત્વીય ઉત્ખનનની જવાબદારી સંભાળતી સરકારી એજન્સી છે. સ્મારકોની સંભાળ રાખવી અને સંશોધન કરવું એ એની મુખ્ય કામગીરી છે. ૨૦૧૬ - ૨૦૧૯ દરમિયાન આ સંસ્થાએ વડનગરમાં વિશાળ પાયે ઉત્ખનન અને સંશોધનની કામગીરી બજાવી. વડનગરમાં આજે જે આર્કિયોલોજીકલ મ્યુઝિયમ ઊભું છે એના પાયામાં સંસ્થાનો પુરુષાર્થ છે.

વડનગરમાં ઉત્ખનન દરમિયાન માનવ અસ્થિના બે નમૂના મળી આવ્યા હતા. પુરાતત્ત્વની પ્રસિદ્ધ ડેટિંગ મેથડ (જમીનમાંથી મળેલા અવશેષો, સિક્કાઓ, વાસણોનો સમય કે યુગ નક્કી કરવાની પદ્ધતિ)થી એક અસ્થિ અંદાજે બે હજાર વર્ષ પ્રાચીન હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. પુરાતત્ત્વમાં જૂથને ઉત્ખનન દરમિયાન પલાંઠી વાળીને ધ્યાન મુદ્રામાં બેઠેલું બીજું એક અસ્થિપિંજર મળી આવ્યું.


ડેટિંગ મેથડથી અભ્યાસ કરતા 'સમાધિવાલે બાબા' નામથી ઓળખાયેલા બીજા અસ્થિપિંજરના અભ્યાસ પરથી મધ્ય યુગીન સમયના તપસ્વીઓની પરંપરાનો ખ્યાલ આવ્યો. સમાધિ કે ધ્યાનસ્થ બેઠેલી અવસ્થામાં અસ્થિપિંજર મળી આવ્યું હોય અને એનો વૈજ્ઞાનિક પદ્ધતિએ અભ્યાસ કરી જાળવણી કરવામાં આવી હોય એવી આ વડનગરની સાઈટ ભારતની આ પ્રકારની ચોથી સાઈટ છે.

અગાઉ રાજસ્થાનના બાલાથલ, મધ્ય પ્રદેશમાં જબલપુર જિલ્લામાં ત્રિપુરી અને મહારાષ્ટ્રના નાગપુર જિલ્લાના અડમ સાઈટ પર આવા અવશેષ મળી આવ્યા છે. આ પ્રકારના અસ્થિપિંજરના અભ્યાસથી જે તે સમયની પરિસ્થિતિ અને વ્યવસ્થાનો ખ્યાલ આવે છે અને કાળક્રમે માનવજીવનમાં શું અને કેવા ફેરફાર થયા એ સમજાય છે.

આ સિવાય પણ વડનગરના અનંત અનાદિ પુરાતત્ત્વ અનુભવાત્મક સંગ્રહાલયમાં ઘરમાં વપરાતું રાચરચીલું, આપણી પ્રાચીન રમતો સહિત જોવા - જાણવા અને સમજવા જેવી અન્ય અનેક બાબતો પણ છે. એકવાર વડનગર જાઓ તો ધર્મસ્થાન ઉપરાંત આ મ્યુઝિયમ સહિત શહેરના અન્ય કલાત્મક વારસાસ્થળોની મુલાકાત જરૂર લેજો. કશુંક પામ્યાનો અનુભવ થશે. ■

# રહસ્યોનું આકર્ષણઃ માણસને સત્ય કરતાં રહસ્ય વધુ કેમ ગમે છે?

ઓર એ મોસમ હસીં
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com



કોઈ માણસ અચાનક કહે કે, હું એવા દેશમાંથી આવ્યો છું જે તમારા નકશામાં નથી તો તમે શું કરશો? પહેલા હસશો. પછી કદાચ ગૂગલ કરશો. પછી વિચારશો કે જો આ ખરેખર સાચું હોય તો? બસ, અહીંથી માનવ મનની સૌથી રસપ્રદ સફર શરૂ થાય છે. માણસને રહસ્યો ગમે છે. એટલા ગમે છે કે ઘણી વાર સત્ય કરતાં રહસ્ય વધુ આકર્ષક લાગે છે.

વર્ષ ૧૯૫૪ની ચોમાસાની એક સાંજે લંડનના અતિ વ્યસ્ત હીથ્રો એરપોર્ટના ઇમિગ્રેશન કાઉન્ટર પર એક બહુ વિચિત્ર ઘટના બની. એક સુટેડ-બુટેડ મુસાફર પોતાનો પાસપોર્ટ બતાવે છે. પાસપોર્ટ અસલી હતો, એના પર દુનિયાના કેટલાય દેશોના ઓફિશિયલ સિક્કા મારેલા હતા. પણ ચોંકાવનારી વાત એ હતી કે એ પાસપોર્ટ પર દેશનું નામ લખેલું હતું : 'ટૌરેડ'

ઇમિગ્રેશન ઓફિસરો આશ્ચર્યમાં પડી ગયા, કારણ કે આખી પૃથ્વીના નકશા પર ટૌરેડ નામનો કોઈ દેશ જ નહોતો! જ્યારે એ માણસને નકશો બતાવવામાં આવ્યો અને સ્પેન તથા ફ્રાન્સની વચ્ચે આવેલા એક નાનકડા દેશ 'અંડોરા' પર આંગળી મૂકવામાં આવી, ત્યારે એ માણસ ગુસ્સે થઈ ગયો. એણે કહ્યું, અંડોરા નહીં, આ મારું ટૌરેડ છે અને એ હજારો વર્ષ જૂનો દેશ છે!

આ ઘટના પછી એ મુસાફરને એરપોર્ટની નજીક એક હોટેલના રૂમમાં કડક સુરક્ષા વચ્ચે રાખવામાં આવ્યો, પણ બીજી સવારે જ્યારે રૂમ ખોલ્યો ત્યારે એ માણસ અને એનો સામાન હવામાં ઓગળી ગયા હોય એમ ગાયબ હતા!

ટૌરેડ જેવા કિસ્સાઓ, બર્મુડા ટ્રાયેંગલ, લોચ નેસ મોન્સ્ટર, એરિયા૫૧, સમયયાત્રા કે એલિયન્સ આ બધી વાર્તાઓ કદાચ સાબિત નથી થઈ, છતાં કરોડો લોકો વર્ષો સુધી એને વાંચે છે, ચર્ચે છે અને ફરી-ફરીને શેર કરે છે. પ્રશ્ન એ નથી કે આ વાતો સાચી છે કે ખોટી. પ્રશ્ન એ છે કે આપણું મન આવી વાતોમાં આટલું ખેંચાઈ કેમ જાય છે?

મનોવિજ્ઞાન માને છે કે આપણું મગજ કોઈ પણ અધૂરી વાર્તા ચલાવી લેતું નથી. જર્મન મનોવૈજ્ઞાનિક બ્લૂમા ઝાઇગાર્નિકે શોધ્યું હતું કે અધૂરાં કામ અને અધૂરી વાર્તાઓ આપણા મગજમાં લાંબા સમય સુધી અટકી રહે છે.

જો કોઈ ફિલ્મનો અંત ખુલ્લો છોડવામાં આવે તો આપણે અઠવાડિયા સુધી એની ચર્ચા કરીએ. કોઈ નવલકથામાં એક સવાલનો જવાબ ન મળે, તો વર્ષો સુધી એ યાદ રહે. રહસ્ય આપણા મગજને એક જ ધંધે લગાડે છે, વિચારો વિચારો કદાચ જવાબ મળી જશે.

હજારો વર્ષ પહેલાં જંગલમાં રહેતો માણસ દરેક અવાજ, દરેક નિશાની અને દરેક અજાણી ઘટનાનો અર્થ શોધતો હતો. ઝાડીમાં ખખડાટ થયો હોય તો એ પવન હશે કે વાઘ? આ સવાલનો સાચો જવાબ જીવ અને મૃત્યુ વચ્ચેનો ફાંસલો બની જતો. આપણા પૂર્વજોના મગજે એક ટેવ વિકસાવી કે જે સમજાતું નથી, તેના વિશે વિચારતા રહો. આજેય એ જ મગજ કામ કરે છે. ફરક એટલો જ છે કે હવે વાઘની જગ્યાએ વોટ્સએપનો મેસેજ, યુટ્યૂબની રહસ્યમય રીલ કે કોઈ વાઇરલ વાર્તા આવી ગઈ છે.

અમેરિકન મનોવૈજ્ઞાનિક એલિઝાબેથ લોફ્ટસ વર્ષોથી માનવ સ્મૃતિ પર સંશોધન કરે છે. એમણે કહ્યું હતું કે માણસની યાદશક્તિ કેમેરા જેવી નથી. આપણે ઘણી વખત એવી ઘટનાઓ પણ સાચી માની લઈએ છીએ જે ક્યારેય બની જ નથી. મગજ ખાલી જગ્યાઓ પોતાની કલ્પનાથી ભરી દે છે. એટલે જ ઘણી લોકદંતકથાઓ પેઢી દર પેઢી જીવતી રહે છે. દરેક વાર્તાકાર તેમાં થોડું પોતાનું ઉમેરે છે અને એક દિવસ કલ્પના પણ ઇતિહાસ જેવી લાગવા માંડે છે.

ફિલોસોફી આ જ વાતને બીજી રીતે કહે છે. પ્લેટોની પ્રસિદ્ધ ગુફાની ઉપમા યાદ કરો. ગુફામાં બેઠેલા માણસોને દીવાલ પર પડતા પડછાયાં જ સત્ય લાગે છે. સોશ્યલ મીડિયા પર કોઈ રહસ્યમય વીડિયો જોઈએ, કોઈ ચમત્કારની વાત સાંભળીએ કે કોઈ અજાણી થિયરી વાંચીએ, તો આપણું મન તરત જ એને શક્ય માની લે છે, કારણ કે રહસ્ય હંમેશાં કલ્પનાને આમંત્રણ આપે છે, જ્યારે સત્ય મોટે ભાગે નિરસ હોય છે.

ક્રિસ્ટોફર નોલાનની ઇન્સેપ્શન હોય કે ઇન્ટરસ્ટેલર, ડેવિડ લિન્ચની ફિલ્મો હોય કે ધ મેટ્રિક્સ, દર્શકને સીધો જવાબ મળતો નથી. ફિલ્મ પૂરી થાય પછી જ અસલી ફિલ્મ શરૂ થાય છે. મગજની અંદર. કોફી હાઉસમાં, મિત્રો વચ્ચે, યુટ્યૂબના કોમેન્ટ બોક્સમાં અને પોતાના એકાંતમાં. કદાચ એટલા માટે આવી ફિલ્મો વર્ષો સુધી જીવંત રહે છે. જે ફિલ્મ બધું જ સમજાવી દે, તે બીજા અઠવાડિયે ભૂલાઈ જાય છે. જે ફિલ્મ થોડું અધૂરું છોડી દે, તે લાંબાં ગાળા સુધી યાદ રહે છે.

સાહિત્યનો ઇતિહાસ પણ રહસ્યોથી ભરેલો છે. જ્યોર્જ લુઇસ બોર્હેસે આખી જિંદગી એવાં પુસ્તકો લખ્યા જે વાંચીને લાગે કે આપણે કોઈ અદૃશ્ય ભુલભુલામણીમાં પ્રવેશી ગયા છીએ. ફ્રાન્ઝ કાફકાના પાત્રો એવી દુનિયામાં જીવતા હોય છે જ્યાં બધું સાચું પણ લાગે છે અને અસંભવ પણ. ગેબ્રિયલ ગાર્સિયા માર્કેઝના ગામમાં આકાશમાંથી ફૂલો વરસે છે, મૃતકો વાત કરે છે અને છતાં વાચકને બધું સહજ લાગે છે. કારણ કે કુશળ સાહિત્યકાર હકીકત લખતો નથી, હકીકત લાગતી કલ્પના સર્જે છે.

માણસના સંબંધોમાં પણ રહસ્યનું પોતાનું સ્થાન છે. કોઈ વ્યક્તિ પહેલી મુલાકાતમાં જ પોતાનું આખું જીવન ખોલી દે તો કદાચ રસ ઓછો પડે. પરંતુ ધીમે-ધીમે ઓળખાતી વ્યક્તિ જીવનભર રસ જાળવી રાખે છે. મિત્રતા હોય, પ્રેમ હોય કે વ્યવસાય થોડું અજાણ્યું હંમેશા સંબંધને જીવંત રાખે છે. કદાચ એટલા માટે જ આપણે કોઈ શહેરમાં પણ જાણીતા રસ્તા છોડીને અજાણી ગલીમાં ફરવાનું પસંદ કરીએ છીએ. પ્રવાસનો આનંદ ઘણીવાર ગંતવ્યમાં નહીં, પણ રસ્તાના રહસ્યોમાં છુપાયેલો હોય છે.

આજે સોશ્યલ મીડિયા પર વાયરલ થતી રહસ્યમય વાર્તાઓને જોઈને ઘણા લોકો કહે છે, લોકો કેટલા ભોળા છે! પરંતુ વાત એટલી સરળ નથી. જે વ્યક્તિ આવી વાર્તા બનાવે છે, તે માનવ મનને ખૂબ સારી રીતે સમજે છે. તેને ખબર હોય છે કે આંકડા કરતાં રહસ્ય વધુ વેચાય છે, પુરાવા કરતાં કલ્પના વધુ દોડે છે અને સત્ય કરતાં સવાલ વધુ લાંબો જીવે છે. આ માનવ સ્વભાવ છે, મૂર્ખાઈ નહીં.

કદાચ એટલે જ દુનિયા હજુ પણ રહસ્યોથી પ્રેમ કરે છે. બધાં રહસ્યો સાચાં નથી હોતા, પરંતુ દરેક રહસ્ય માણસના મન વિશે કંઈક સાચું કહી જાય છે. કદાચ ટૌરેડ નામનો કોઈ દેશ ક્યારેય હતો જ નહીં , પરંતુ આપણા દરેકની અંદર એક ટૌરેડ જરૂર છે. એક એવું સ્થળ , જેનો કોઈ નકશો નથી; જ્યાં કલ્પના રહે છે, વાર્તાઓ જન્મે છે અને મન થોડા સમય માટે રોજિંદા જીવનની સીમાઓ પાર કરી જાય છે. છેવટે, જીવન માત્ર જાણીતી જગ્યાઓ પર ચાલવાથી રસપ્રદ બનતું નથી. ક્યારેક નકશામાં ન દેખાતી ગલીઓમાં પણ ભટકવું પડે છે , કારણ કે માણસ ફક્ત સત્યથી જીવતો નથી તે રહસ્યો પર પણ જીવે છે. રહસ્યોના કારણે પુસ્તકો લખાય છે, ફિલ્મો બને છે, વૈજ્ઞાનિકો નવા પ્રશ્નો પૂછે છે.


**ધ એન્ડ**

*એક સામન્ય માણસ રાતે સૂતાં પહેલાં હજુ પણ આકાશ તરફ જોઈને વિચારે છે : શું ખરેખર આટલું જ છે કે હજુ કંઈક બાકી છે ?!*

# અંક, તમને જેન ઝીની ભાષા આવડે છે?

સિક્કાની ત્રીજી બાજુ
જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

**અંગ્રેજી, હિન્દી અને પ્રાદેશિક ભાષાની ખીચડી બનાવીને જેન ઝીએ પોતાની જ ભાષા વિકસાવી છે. તેના મોઢે, આઈ એમ બેબી, શેક અ લેગ, નો સ્વેટ, ઑરા પ્લસ પ્લસ પ્લસ આવા શબ્દો સાંભળવા મળે તો તમને થઈ જશે કે આ હું કોઈ બીજા દેશમાં તો નથી આવી ગયોને?**




હમણાં જેનઝીની ચર્ચા ચારેકોર છે. જંતરમંતર પર થયેલા પેપર લીક વિરુદ્ધ આંદોલનમાં જેનઝીના લોકોની ગાળોસભર અને અત્યંત ખરાબ બરછટ લાગે તેવી ભાષાની ટીકા થઈ રહી છે. બચાવ કરનારા એવું કહી રહ્યા છે કે આ તેમની ભાષા છે... તેમની રુઢિ છે...

આપણે અહીં એની ચર્ચા નથી કરવી પણ જેનઝીના લોકો જો તમારી સામે આ ભાષામાં વાત કરે તો તમને ખબર પણ ન પડે કે તે શું કહી રહ્યા છે. અંગ્રેજીના શબ્દોને તોડી ફોડીને એના પરથી તેમણે પોતાની કોડવર્ડ ભાષા વિકસાવી છે, જેમકે અંગ્રેજીમાં કાકા, મામા, માસા, ફૂઆ ઇત્યાદિને અંકલ કહે છે. જેન ઝીને અંકલ બોલવું પણ અઘરું લાગે. તેથી તે Unc લખે અને બોલે અંક ! એક અક્ષર 'લ' બોલવામાં તેમને કેટલી તકલીફ પડી જાય! જે લોકો પોતે ભ્રમમાં જીવતા અથવા ખોટી માન્યતામાં જીવતા હોય તેમને ડેલુલુ (delulu) કહે છે. આ શબ્દ તેમને પોતાને કેટલો લાગુ પડે તે તે લોકો જ જાણે.

જેનઝીને કોઈ વાત ગમી જાય તો શું કહે ?

Wow, Amazing, Good, Best?

ના. તે તો કહેશે : Clock it...આમાં ઘડિયાળને કોઈ લેવાદેવા નથી. આ શબ્દ કેવી રીતે આવ્યો તે રામ જાણે.

જોકે 'ક્લોક ઇટ'નો અર્થ થાય છે કોઈ સાચી વાત- આકરી વાત, કે ચોંકી ઉઠાય તેવા અવલોકન સાથે સંમત થવું... ઈત્યાદિ

ઘણા લોકો આ શબ્દ ન બોલે તોય એકબીજા સાથે વાત થઈ જાય કે ભીડુ, તારી વાત સારી અથવા સાચી છે. તેના માટે અંગૂઠા પર તર્જની (પહેલી આંગળી) ભટકાવી લઈ લેવાની ક્રિયા વારંવાર કરવાની, જાણે કે ફોટો ન પાડતા હોય તેમ કરવાનું એટલે સામેવાળી વ્યક્તિ સમજી શકાય.!

આ ઉપરાંત તમે તેને 'You are serving' પણ કહી શકો. આનો અર્થ સામાન્ય રીતે તો એવો થાય કે તમે સેવા કરો છો, જમવાની વાત હોય તો પીરસો છો, પરંતુ જેન ઝી માટે તેનો અર્થ થાય છે તમે કોઈ મહાન અથવા કોઈ દીવાનું થઈ જાય તેવું કામ કરી રહ્યા છો. !

આ જ રીતે અંગ્રેજીમાં 'બડી' (Buddy) એટલે મિત્ર થાય. પરંતુ જો તમને જેન ઝીની કોઈ વ્યક્તિ


એમ કહે કે 'You are 10 on 10 baddie' તો તેનો અર્થ 'Bad' એટલે કે ખરાબ કહ્યા તો તેવું નથી. તેનો અર્થ થાય છે તમે ૧૦માંથી ૧૦ ગુણ મળે તેવું સારું કામ કર્યું છે...! જેન-ઝી માટે 'બેડી' (Baddie) 'ગુડી' (Goodie) છે.

હા, તમારે જેનઝીની આગળ છાકો પાડવો હોય તો તમે જેન-ઝીને એમ કહી શકો તેં Aura +++ કરી દીધો છે. તેનો અર્થ તેણે કોઈ સારું કામ કર્યું છે. Aura +++નો બીજો અર્થ એમ પણ થાય છે કે સામેવાળી વ્યક્તિ શાંત, ઠાવકી છે. તે સ્ટાઇલિશ છે. પ્રભાવશાળી છે, પરંતુ જો તમને આવીને તમારી દીકરી કે દીકરો એમ કહે કે આજે મારો ઑરા ડાઉન છે. નેગેટિવ છે તો સમજી લેજો કે બહેનબા કે ભાઈ, આજે કંઈક ઊંધુચત્તું, શરમમાં મૂકાવું પડે તેવું કરીને આવ્યા છે.. ! જોકે તેમને શરમ લાગે તે પણ મોટી વાત કહેવાય, નહીં?

જેન-ઝીની કોઈ વ્યક્તિ ભલે પંદર-વીસ વર્ષની હોય પરંતુ તે એમ કહે કે, 'હું બેબી છું.'

તો એમ ન સમજતા કે તે પોતાને બાળક સમજે છે, પરંતુ તેને જ્યારે લાગે કે આ કામ તેને નથી આવડતું અથવા નહીં ફાવે તો તે એમ કહીને ઊભી રહી જશે કે 'I am baby'.

જેન-ઝીની વ્યક્તિ જો તમને 'Shake a leg' ત્રણ-ચાર વાર કહે તો તમે શું સમજશો? તમને થશે કે જેન ઝી તો નાચવામાં ભારે રસ ધરાવે. એટલે આપણને પણ નાચવાનું કહેતી હશે. અને ત્રણ-ચાર વાર કહે તો તેને આગ્રહ માની તમે પણ નાચવા લાગશો, તો પણ તમારો 'ઑરા' ફરીથી 'ડાઉન' થઈ જશે. એટલે કે તમે શરમમાં મૂકાઈ જશો. 'Shake a leg' દ્વારા આ પેઢી એવું કહેવા માગે છે : 'જલદી કરો.!' ■




# હું, સોનલ ઝવેરી

માવજી મહેશ્વરી

પ્રકરણ ૨૩

> **અરે હું બેઠો છું ત્યાં સુધી તારે કોઈ ચિંતા કરવાની નથી... અને તારે તારા ભવિષ્યની ચિંતા થતી હોય તો તને જે જોઈએ જેટલું જોઈએ તે હકથી લઈ લેજે બસ.!**

'એ રાતે મને ઊંઘ આવતી ન હતી.

મને પરણાવી દેવાની મમ્મીની ઉતાવળ, મારા ભાઈનું બદલાયેલું વર્તન. આ રીતે બધાનું અહીં ખંડાલા આવવું. મમ્મીની છોકરાને જોવા જવાની વાત. મારા ભાઈનું સાથે આવવું. આ બધી ઘટનાઓ એકાએક બની નહોતી. મારું મન કહેતું હતું કે એ યુક્તિપૂર્વક ગોઠવાયેલું હતું. ભલું હશે તો મમ્મી જે છોકરાની વાત કરી હતી તે પણ તેમની યુક્તિનો એક ભાગ હશે. જેમ જેમ હું વિચારતી ગઈ તેમ તેમ રહસ્યો ખૂલવાં લાગ્યાં.'

'મને ઘરમાંથી દૂર કરવાની પહેલી જાળ પાથરવામાં આવી હતી જેમા હું છટકી ગઈ હતી. મને ભય હતો મારી મમ્મીનો. જે હેતુથી તેણે પપ્પા સાથે લગ્ન કર્યા હતા તે હેતુ બહાર આવ્યો નહોતો. તેણે સામે આવ્યા વગર મારા ભાઈને હાથો બનાવ્યો હતો. જ્યારે મને આ બધી બાબતો સમજાઈ ત્યારે મને ખરેખર બીક લાગવા માંડી. મારી સીક્સસ્થ સેન્સની ઘંટડી વાગવી શરૂ થઈ ગઈ હતી. મારે હવે સાવધ રહેવાનું હતું.'

'તમે એ લોકોથી અલગ શા માટે થઈ ગયા નહીં?'

'હું થોડી આદર્શવાદી અને આશાવાદી પણ છું. મને ઊંડે ઊંડે એવી ઈચ્છા હતી કે બધું બરાબર થઈ જાય. તમે માનશો એક તબક્કે મેં એવું વિચારેલું પણ ખરું કે મારે આટલું બધું રાખીને કરવું શું ? આમેય એ બધું કંઈ મારી કમાઈનું નહોતું. જો હું મારા ભાઈઓને વહેંચી નહીં દઉં તો રોજના ઝઘડા ઊભા જ રહેવાના હતા. બીજી વાત એ હતી કે એ ઘર મારું હતું. જો હું અલગ થાઉં તો એ બધાને બીજે રહેવા જવું પડે. અથવા તો મને પોતાને બીજે રહેવા જવું પડે. મારો વિચાર એવો હતો કે એકાદ બે વર્ષ પછી એક દિવસ બધાને ખુશ કરી દેવા. મને ચિંતા હવે મારી જાનની હતી.'

'એટલે તમારું ખૂન કે અપહરણ થઈ જાય એમ?'

'ના, મારી મમ્મી એટલી મૂર્ખ નહોતી કે એવું કંઈ કરાવે. મને લાગ્યું કે કદાચ મને કોઈ ખાવામાં કંઈ આપી દે અથવા કોઈ એવી યુક્તિ કરે કે મૃત્યુનું રહસ્ય જ બહાર ન આવે. આજે તો કેટલીય જાતના કેમિકલ બજારમાં મળે છે. તમે બચી બચીને કેટલી જગ્યાએથી બચો અને એ બધુ પેલી મિલકત સારું થાય જેની મેં કદી આશા રાખી નહોતી.'

'તમે તમારા પપ્પાને વાત કરી નહોતી?'

'કરી હતી ને. એક દિવસ અમે અમારી એક ફેમીલી ચેમ્બરમાં બેઠા હતા. મેં પપ્પાને મમ્મીની યાદ અપાવી. પપ્પાની આંખો ભીની થઈ ગઈ. મેં પપ્પાની ઈચ્છા જાણવાનો પ્રયત્ન કર્યો કે એમના મનમાં શું છે. મેં હળવેથી પૂછ્યું કે, પપ્પા મારો વિચાર એવો છે કે દાદાએ કરેલા વિલને કારણે જેને અસંતોષ પેદા થયો છે તે દૂર કરી દઉં. આપણે બેસીને વિચારી લઈએ કે સંજયભાઈને શું આપવું અને જયને શું આપવું. પપ્પા મારી સામે જોઈ રહેલા. તેમને એ ન સમજાયું કે મેં એમનો ઉલ્લેખ શા માટે નથી કર્યો. તેમણે મને કહ્યું, 'સોનલ તારા દાદાએ મારીય બાદબાકી કરી નાખી. આ ઊભું કરવામાં મારો કોઈ ફાળો નહોતો? મારા ઉપર એમને શા માટે અવિશ્વાસ આવ્યો? દાદાએ મને સાવ જ બાકાત રાખ્યો તેનાથી મને આઘાત લાગ્યો છે પપ્પાની વાતમાં એમનો અહમ ઘવાયાનું દર્દ હતું. મેં પણ એક પાસો ફેંક્યો, પપ્પા તમે જ કહો મારે શું કરવું જોઈએ?'

'બધું મને આપી દે. પપ્પાના હૈયામાં રમતી વાત હોઠે આવી ગઈ, તે સહજતાથી બોલી ગયા તેનું મને આશ્ચર્ય થયું. જોકે અમારા વચ્ચે હજુય લાગણીના તંતુ ટકી રહ્યા હતા. એમણે કદાચ એ લાગણીના દાવે જ કહ્યું હશે, તમે સંજય અને જયને પહોંચી વળશો?'

'એમની શું મજાલ છે કે મારી સામે થાય. અરે સાલ્લાઓને ઘરમાંથી જ કાઢી મૂકું.'

'સનત હું માણસની અંદર છુપાયેલા સ્વાર્થનું વરવું રૂપ જોઈ રહી હતી. એક સમય એવો હતા જ્યારે પપ્પાની તૂતી બોલતી હતી. હવે એમના હાથમાંથી સત્તા સરી ગઈ હતી. એટલે પોતાનો સમય પાછો મેળવવા ઈચ્છતા હતા. મને પપ્પા સાથે એ વાત કરવાની મજા આવતી હતી. મેં નવો સવાલ કર્યો, પપ્પા માની લ્યો કે હું બધું તમને આપી દઉં તો મારા ભાઈઓ મને જીવવા દે ખરા? અને મારું પણ મારે વિચારવું જોઈએ કે નહીં?'

'પપ્પા ઉત્સાહમાં હતા, અરે હું બેઠો છું ત્યાં સુધી તારે કોઈ ચિંતા કરવાની નથી. અને તારે તારા ભવિષ્યની ચિંતા થતી હોય તો તને જે જોઈએ જેટલું જોઈએ તે હકથી લઈ લેજે બસ.'

'તે પછી મને એટલું તો સમજાઈ ગયું કે સંજય બધું પોતાના હાથમાં રાખવા માગે છે. પોતાના નામે કરવા માગે છે. મમ્મીને પણ એમ છે કે બધું તેને મળે. તો પપ્પા ઈચ્છતા હતા કે એમની પાસે જ રહે. મને ખબર હતી કે એકવાર હું આ બધું એ લોકોને આપીશ તે સાથે જ નવું રાજકારણ શરૂ થઈ જશે. એનો શો અંજામ આવશે તેની પણ મને ખબર નહોતી.'

'સોનલ તમે ડરી કેમ ગયા?

'સનત જે ચીજની ઈચ્છા હોય અને તે મળે તો આનંદ થાય. મને તો એ કંઈ જોઈતું જ નહોતું. વળી તમે ધારો છો એટલું કંઈ સહેલું નથી. કરોડોના માલિક હોવું એટલે સાપનો ભારો સાથે લઈને ફરવા બરાબર છે. તેમાંય તમે જ્યારે એવા લોકોની વચ્ચે રહેતા હો જે તમને જીવતા જોવા જ માગતા ન હોય. એક વર્ષ મેં કેવી રીતે પસાર કર્યું છે તેની મને ખબર છે. તમને એ ખબર હશે કે મીડિયા તો મોટા આસામીઓના ઘરની કોઈ વાત બહાર આવે તેની વાટ જોતું હોય છે. હું એવું ઈચ્છતી નહોતી.'

'તો તમારે બધું મૂકીને ચાલતા થતાં કોણ રોકતું હતું?'

'મને રોકનાર બીજું કોઈ નહોતું, હું પોતે જ હતી. મારો આત્મા એમ કહેતો હતો કે તારાથી આમ ભાગી છુટાય નહીં. મેં કહેલી વાતને પપ્પાએ મમ્મી સામે જુદી રીતે વઘારી નાખી હતી તેની મને ખબર નહોતી. પપ્પાએ મમ્મીને કહ્યું કે સોનલ બધું છોડી દેવા માગે છે. પેલી સ્રીને તો એટલું જ જોઈતું હતું. તેના મનમાંય પાપ હતું. તેણે પપ્પાને એવી કોઈ ગોળી ગળાવી કે પપ્પા હટી ગયા અને મમ્મી મેદાનમાં આવી ગઈ. પપ્પાએ જ મને એક દિવસ કહ્યું, 'સોનુ તું બધું મને આપવાનું વિચારતી હોય તો હું એમ કહીશ કે મારા બદલે તારી મમ્મી અને મારા બંનેના નામે કર. જો અમારા લગ્ન થયા ત્યારે મેં શરત મૂકી હતી કે તું બાળકની ઈચ્છા ન કરે તો જ આપણે લગ્ન કરીએ. તારી મમ્મીએ શરત માન્ય રાખી. સોનલ તેણે પોતાના માતૃત્વનો ભોગ આપ્યો છે.''

'મને ખ્યાલ આવી ગયો કે મમ્મીએ મોટો દાવ ખેલ્યો છે. જોકે મને ત્રીજો ભાઈ કે બહેન કેમ ન મળ્યો તેનું રહસ્ય પણ જાણવા મળ્યું. મેં તે વખતે તો પપ્પાને ટાળી દીધાં પણ એના કારણે એક નવો ફણગો ફૂટ્યો. મારી મમ્મી નચિંત થઈ ગઈ હતી. તેણે સંજય પરથી ધ્યાન હટાવ્યું. સંજય સમજી ગયો કે મમ્મી હવે રસ લેતી નથી. તેને શંકા ગઈ કે કંઈક રંધાઈ રહ્યું છે. વળી મારી મૂર્ખી મમ્મી સજી ધજીને શો રૂમ પર આવવા લાગી. તેનાથી સંજયની શંકા મજબૂત બની હતી. તેણે એકવાર મને પૂછ્યું, 'મમ્મી હમણાં કેમ અહીં આવે છે?' મેં હસતાં જવાબ આપેલો, 'તું એને જ પૂછ. તને કોઈ વાંધો છે?'

'તમે બધા એક થઈ ગયા છો. હું તમને બધાને જોઈ લઈશ. એવું બબડીને તે ચાલ્યો હતો. મારી ગમ્મત મને જ મોંઘી પડવાની હતી તેની મને ખબર નહોતી. તેણે એજ સાંજે મમ્મી સાથે ઝઘડો કર્યો. મમ્મીએ પણ જોશમાં આવીને એને બરાબરનું સંભળાવ્યું હતું. એ દિવસથી ફરી વાતાવરણ ડહોળાયું. એ વાતને લગભગ એકાદ મહિનો નીકળી ગયો એક દિવસ મારા સેલફોન પર અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો. બોલનાર પુરુષ હતો, 'આઈ વીલ કીલ યુ.'

'સાચું કહું તો હું ગભરાઈ ગઈ હતી. મેં રત્નાકરજીને આ વાત કરી. તેમણે મારી સાથે થોડી ચર્ચા કરી. બીજીવાર એવો જ ફોન આવે છે કે કેમ તે માટે વાટ જોવાનું કહ્યું. ચારેક દિવસ રહીને ફરી ફોન આવ્યો એ જ અવાજ, એ જ સ્ટાઈલ, એ જ શબ્દો. મેં ફરી રત્નાકરજી સાથે ચર્ચા કરી. રત્નાકરજીએ પોતાની રીતે આખી ડીટેઈલની પોલીસને જાણ કરી. જોકે આ બાબત કોઈ સમાચાર ન બને તેનું ધ્યાન રાખ્યું હતું. ફોન કરનારાએ અલગ અલગ નંબર પરથી ફોન કરેલો હતો. પોલીસે તપાસ કરી તો એ નંબર પબ્લિક બૂથના હતા. ત્રણ દિવસ પછી ફરી એ જ ફોન આવ્યો. આ વખતે એક એક શબ્દ વધારાનો હતો. 'બી એલર્ટ, આઈ વીલ કીલ યુ.' આ ડરામણા ફોનનો સીલસીલો ચાલુ જ રહ્યો. ક્યારેક એક દિવસમાં ચાર પાંચ વખત ફોન આવવા લાગ્યા. મારો નંબર પોલીસ વોચમાં મુકાયો હતો. પોલીસ મૂંઝવણમાં હતી કે અડધા કલાકમાં જ કોઈ એક વ્યક્તિ સાંતાક્રુઝ અને મસ્જીદ બંદરથી ફોન કઈ રીતે કરી શકે? હું સતત ચિંતામાં રહેતી કે હમણાં જ ફોન આવશે. ફોન કરનારા ભાગ્યે જ પકડાય છે. એક મહિના પછી ફોન બંધ થઈ ગયા. જોકે મારા કરતા રત્નાકરજીને વધારે ચિંતા રહેતી હતી. રત્નાકરજીને હવે મારા પરિવારના કોઈ વ્યક્તિ પર વિશ્વાસ નહોતો રહ્યો. એ દરમિયાન મને રત્નાકરજીએ દાદાજીનું પર્સનલ લોકર એકવાર જોઈ લેવાનું કહેલું. હું અને રત્નાકરજી એક બપોરે બેન્કમાં ગયા. હું પહેલીવાર દાદાજીનું લોકર ખોલી રહી હતી. હું ત્યાં એકલી જ હતી. મેં લોકર ખોલ્યું તો મારી આંખો જ ફાટી રહી. દાદાજીએ પણ શું ભેગું કર્યું હતું. એ ચીજોની કિમત હું આંકી શકું તેમ નહોતી. મેં બધું જોઈ તપાસી લીધું. કેટલીક નોંધો કરી અને બહાર આવી. મારો ચહેરો જોઈ રત્નાકરજીએ પૂછ્યું, 'ઇઝ એની પ્રોબ્લેમ?' મેં માથું ધુંણાવી ના પાડી.'

'વળતી વખતે મને વિચારો આવતા રહ્યા કે શા માટે મારે આવડી પીડાઓ વેઠવી? દાદાના લોકરમાં જેટલું પડ્યું છે તે કાફી છે. મનોમન હું એમ.વી. એન્ટરપ્રાઈઝ કોને સોંપવી, સંજયને શું આપવું એની ગણતરી કરતી હતી. તે વખતે મને બીજો પણ વિચાર આવ્યો. મારે ઈન્ડિયા છોડી દેવું. રત્નાકરજીની સલાહ અને મદદ લઈ ભારતને રામ રામ કરી દેવા. આવા વિચારો સાથે હું શો રૂમ પર આવી. ત્યારે પપ્પા, મમ્મી, સંજય અને મારી ભાભી જાણે મારી જ રાહ જોઈ રહ્યા હતા. અમારો શો રૂમ ઉપર નીચે છે. ઉપરના ભાગે અમારી સ્વતંત્ર ચેમ્બર્સ, વિઝીટીંગ રૂમ, સ્ટ્રોંગ રૂમ એ બધું છે. નીચેના ભાગે સેલ્સમેન તેમ જ અમારો સ્ટાફ હોય છે. ઉપર શું થાય છે તેની નીચે ખબર પડતી નથી. એ દિવસે અમારા સ્ટાફને કલ્પના પણ નહીં હોય કે મિલ્કત માટે ઉપર શું ખેલ ખેલ ખેલાઈ રહ્યો છે.'

'હું મારી ખુરશી પર બેઠી તે સાથે જ સંજય બરાડ્યો, 'સોનલ મને આજે ફેંસલો જોઈએ. જો તું બધું મમ્મી-પપ્પાને આપી દેવાની હોય તો સાંભળી લે, આઈ વીલ કીલ યુ.' સંજયના શબ્દો સાંભળી હું અને રત્નાકરજી ચોંક્યા. આ એ જ શબ્દો હતા જે છેલ્લા એક મહિનાથી મને ડરાવી રહ્યા હતા.

(ક્રમશઃ)■

---

# ફન વર્લ્ડ

**'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઈલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પોત | લોઢું |
| પોથી | પડ |
| પોપડો | પુસ્તકો |
| પોલાદ | ગુજરાન |
| પોષણ | સ્વરૂપ |

## જાણવા જેવું

પાણીને ઉકાળો એટલે વરાળ થાય. વરાળ એટલે ૧૦૦ ડિગ્રી સેન્ટિગ્રેડ તાપમાન પર પાણી ગરમ થતાં તેનું વાયુ રૂપે થતું રૂપાંતર. વરાળનાહ્ વાદળાં બને છે અને તેને ઠંડી હવા લાગતા વરસાદ રૂપે પાણી થઈને પૃથ્વી પર પડે છે. પાણી જ્યારે વરાળ થાય છે ત્યારે વરાળને પાણી કરતાં ૧૬૦૦ ગણી જગ્યા જોઈએ છે.

## ગુજરાત મોરી મોરી રે

નોર્વેના જગપ્રસિદ્ધ નાટ્યલેખક હેન્રીક ઈબસનના ક્યા નાટકની ભૂમિકા દીના પાઠક અને અન્ય અભિનેત્રીઓએ ભજવી લોકપ્રિયતા મેળવી હતી?

અ) સપ્તપદી
બ) ઢીંગલી ઘર
ક) હિમ અંગારા
ડ) સાપસીડી

## નોંધી રાખો

નદી સમુદ્ર સુધી પહોંચે એ પહેલા રસ્તામાં એને અનેક પથ્થરો સાથે અફળાવું પડે છે. તેમ છતાં એ હિંમત હાર્યા વિના આગળ વધતી રહે છે.

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | ૨ | | | ૩ | | ૪ | |
| ૫ | | ૬ | | | | ૭ | ૮ | | |
| | | ૯ | | ૧૦ | | ૧૧ | | | |
| ૧૨ | ૧૩ | | | ૧૪ | | | | | |
| | | | ૧૫ | | | ૧૬ | | ૧૭ | |
| ૧૮ | | | | | ૧૯ | | | | |
| | | ૨૦ | | ૨૧ | | | ૨૨ | | ૨૩ |
| | ૨૪ | | ૨૫ | | ૨૬ | ૨૭ | | | |
| ૨૮ | | | | | | ૨૯ | | ૩૦ | |
| | | | | | ૩૧ | | | | |

### આડી ચાવી

૨. જીત, ફતેહ (૨)
૫. અસ્તવ્યસ્ત (૪)
૭. અગાઉથી આપેલી ખબર, સાવચેતી (૪)
૯. ભરોસો, પતીજ (૩)
૧૧. ડાક, પોસ્ટ (૩)
૧૨. ભરવાડ જેવી નાતનો એક માણસ (૩)
૧૪. હોઠ --- તો ઉત્તર ઝાઝા (૨)
૧૫. ઢોળાવ, ઉતાર (૨)
૧૭. માણસ --- ભૂલને પાત્ર (૨)
૧૮. ઠઠારો, ભપકો (૨)
૧૯. ધ્રાસકો, ફડકો (૨)
૨૧. બળ, કૌવત (૨)
૨૨. દુઃખ, કલેશ (૩)
૨૪. ઉત્કટ ઈચ્છા (વ્યસનની) (૩)
૨૬. એક ફરસાણ (૩)
૨૮. મોં પર પહેરાતો નકલી ચહેરો (૪)
૨૯. પ્રસ્તાવ, અરજી (૪)
૩૧. અપરાધ, ગુનો (૨)

### ઊભી ચાવી

૧. --- તેવો ઓડકાર (૨)
૨. સ્વર્ગ (૩)
૩. વચલું (૩)
૪. ધોળું, શુભ્ર (૩)
૫. તિરસ્કાર, ફીટકાર (૩)
૬. ભિક્ષુક, માગણ (૩)
૮. શોધ, ખોળ (૩)
૧૦. વાતવાતમાં રીસાય જાય તેવું (૩)
૧૩. ચાર પાયાવાળું બેસવાનું એક આસન (૩)
૧૫. તલવારની જોડીદાર (૨)
૧૬. કાંટો (૨)
૧૭. બાધા, આખડી (૩)
૧૯. પ્રહસન (૩)
૨૦. દામન, સાડીનો છેડો (૩)
૨૨. જન્મમરણની ઘટમાળ (૩)
૨૩. હારેલું (૩)
૨૪. સિંહાસન (૩)
૨૫. પડી --- ભાત ફાટે પણ ફીટે નહીં (૩)
૨૭. લાડુ (૩)
૩૦. --- ખોદે તે પડે (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ ખે | શા | ૨ ત | | | ૩ પ્ર | સ્થા | ૪ ન | |
| ૫ વ્યા | પ | | ૬ ન | ૭ ર | ૮ જા | તિ | | ૯ શો | ૧૦ ધ |
| ખ્યા | | | | ૧૧ સા | દ | | | | ર |
| ૧૨ ન | ૧૩ ખી | | ૧૪ હ | ળ | વા | ૧૫ શ | | ૧૬ ક | ણી |
| | ૧૭ ચો | ૧૮ પા | સ | | | ૧૯ મ | ૨૦ શા | લ | |
| | ૨૧ ખી | શ | ર | | | ૨૨ શે | ખ | ર | |
| ૨૩ સા | ચ | | ૨૪ ત | ૨૫ ક | ૨૬ રા | ર | | ૨૭ વ | ૨૮ ધુ |
| વ | | | | ૨૯ સ | હ | | | | બા |
| ૩૦ જ | ૩૧ ર | | ૩૨ ક | ર | ત | ૩૩ લ | | ૩૪ બાં | કો |
| | ૩૫ વિ | પ | દ | | | ૩૬ ત | ન્મ | ય | |

## ઓળખાણ પડી?



ભારત વતી ટેસ્ટ ક્રિકેટમાં ૧૦૦ વિકેટ ઝડપનારા પ્રથમ બોલરની ઓળખાણ પડી? ઓલરાઉન્ડર હતા અને તેમનો પુત્ર પણ ટેસ્ટ ક્રિકેટ રમ્યો હતો.

અ) દિપક શોધન બ) જશુ પટેલ ક) વિનુ માંકડ ડ) વસંત રાંજણે

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

'ઈસરો' દ્વારા સંચાલિત રોકેટ ઉડાન માટે મહત્ત્વ ધરાવતું 'સતીષ ધવન સ્પેસ સેન્ટર' કઈ જગ્યાએ સ્થિત છે એ વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) વારાણસી બ) તિરૂવનંતપુરમ ક) શ્રીહરિકોટા ડ) ઈચ્છલકરંજી

## માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓ: ૧૬, ૨૩, ૨૮, ૩૮, ૪૯ ... વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે ૪૯ પછી કઈ સંખ્યા આવે?

અ) ૫૮ બ) ૬૨ ક) ૬૩ ડ) ૬૯

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | | | | | | ૨ |
| ૪ | | ૯ | ૩ | | ૫ | ૮ | | ૬ |
| | ૮ | | ૪ | | ૬ | | ૧ | |
| | ૨ | | | ૮ | | | ૫ | |
| | | | ૫ | | ૪ | | | |
| | ૩ | | | ૧ | | | ૯ | |
| | ૫ | | ૨ | | ૭ | | ૮ | |
| ૭ | | ૨ | ૮ | | ૧ | ૪ | | ૩ |
| ૧ | | | | | | | | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૫ | ૭ | ૬ | ૧ | ૪ | ૩ | ૨ |
| ૩ | ૨ | ૧ | ૮ | ૯ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૪ | ૬ | ૭ | ૩ | ૨ | ૫ | ૧ | ૮ | ૯ |
| ૫ | ૧ | ૨ | ૬ | ૭ | ૯ | ૮ | ૪ | ૩ |
| ૯ | ૩ | ૬ | ૪ | ૫ | ૮ | ૨ | ૭ | ૧ |
| ૭ | ૮ | ૪ | ૧ | ૩ | ૨ | ૯ | ૫ | ૬ |
| ૨ | ૭ | ૯ | ૫ | ૪ | ૩ | ૬ | ૧ | ૮ |
| ૧ | ૪ | ૩ | ૨ | ૮ | ૬ | ૭ | ૯ | ૫ |
| ૬ | ૫ | ૮ | ૯ | ૧ | ૭ | ૩ | ૨ | ૪ |

## ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પોકળ | ખોટું |
| પોકાર | બૂમ |
| પોખરાજ | રત્ન |
| પોચું | નરમ |
| પોઠ | વણજાર |

ગુજરાત મોરી મોરી રે:
સવિતા દામોદર પરાંજપે

ગેરી સોબર્સ
હેરી બ્રુક

માઈન્ડ ગેમ :
૨૫૫

ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
વિક્રમ સારાભાઈ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ભારતી બુચ (૩) ભરત કજરિયા (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ધીરેન્દ્ર ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) ભામિની સંપટ (૯) મુલરાજ કપૂર (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) મીનળ કાપડિયા (૧૪) હેમાંગી કે. મારુ (૧૫) વિપીન શાહ (૧૬) નૂતન વિપીન શાહ (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) ભાવના કવેર (૨૦) ભાવના કર્વે (૨૧) પ્રવીણ વોરા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) નંદુભાઈ અ. ગોઠી (૨૫) જયવંત પદમશી ચિખલ (૨૬) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) મહેશ સંઘવી (૩૦) વિણા સંપટ (૩૧) અંજુ ટોલિયા (૩૨) ડાયના સંતોકે (૩૩) અલકા વાણી (૩૪) નિતીન જયંતીલાલ બજરિયા (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) રમેશભાઈ દલાલ (૩૭) હિનાબેન દલાલ (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) ઈનાક્ષીબેન દલાલ (૪૦) સુભાષ મોમાયા (૪૧) નીતા દેસાઈ (૪૨) પુષ્પા પટેલ (૪૩) તાહેર ઔરંગાબાદવાલા (૪૪) શીરીન ઔરંગાબાદવાલા (૪૫) મહેશ દોશી (૪૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૭) વિજય આસર (૪૮) હિંમત ખોલીયા (૪૯) મધુલતા ચંદ્રશેખર માંકડ (૫૦) રસિક જુઠાણી (ટોરન્ટો) કેનેડા

# રાતના અંધારામાં તૂટી પડેલી બિલ્ડિંગના બચી ગયેલા રહેવાસીઓ આઘાતમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભિવંડીમાં ગુરુવારે મોડી રાતે ગ્રાઉન્ડ પ્લસ ચાર માળની કોહિનૂર બિલ્ડિંગની 'બી' વિંગ ગુરુવારે મોડી રાતે તૂટી પડતાં ૧૦નાં મોત થયાં હતાં. બચી ગયેલા રહેવાસીઓ પોતાના જીવ બચાવી લેવા માટે ભગવાનનો આભાર માની રહ્યા છે. તો આંખની સામે જ તૂટી પડેલી બિલ્ડિંગમાં પોતાના ઘર સહિતની જિંદગીભરની મૂડી ગુમાવનારા હજી પણ આઘાતમાંથી બહાર આવી શક્યા નથી.

કોહિનૂર બિલ્ડિંગમાં રાતના તિરાડ પડતાં ૩૫થી ૪૦ લોકોએ બિલ્ડિંગ ખાલી કરી દીધી હતી. તો અમુક રહેવાસી બહાર નીકળવાની તૈયારીમાં જ હતા ત્યારે અન્ય લોકોએ પોતાનો સામાન પેક કરવાનું શરૂ કર્યું હતું ત્યારે ચાર માળની ઇમારતનો એક ભાગ તૂટી પડ્યો, જેમાં ઓછામાં ઓછા ૧૦ લોકો માર્યા ગયા. બચી ગયેલા લોકો જીવ બચાવવા માટે બૂમો પાડવા પાડતા દાદરા તરફ ગયા હતા પણ ત્યાં કાટમાળ પડેલો હોવાથી જીવ બચાવવા માટે અનેક રહેવાસીઓ બારીઓમાંથી કૂદી પડ્યા હતા.

ઘરના કામ પૂરા કર્યા બાદ બાળકોને ખવડાવીને ૩૬ વર્ષની સંગીતા પ્રજાપતિ સૂવાની તૈયારી કરી રહી હતી ત્યારે તેણે બિલ્ડિંગમાંથી બહાર નીકળોની બૂમો સાંભળી હતી અને હજી તે કંઈ સમજે તે પહેલા બિલ્ડિંગ ધ્રૂજવા માંડી હતી. સમારકામનું કામ ચાલી રહ્યું હોવાથી બિલ્ડિંગ ધ્રૂજવા લાગી હોવાનું જાણીને તે પણ બહાર ભાગવા જઈ રહી હતી ત્યારે અચાનક અંધારું થઈ ગયું હતું તે બેભાન થઈ ગઈ હતી, જ્યારે તે ભાનમાં આવી હતી ત્યારે તેને જાણ થઈ હતી કે તે હૉસ્પિટલમાં હતી અને તેના પતિ અને તેના પડોશીએ તેને બચાવી હતી. તેનો પતિ અને ચાર બાળક સુરક્ષિત રીતે બિલ્ડિંગથી બહાર નીકળવામાં સફળ રહ્યા હતા.

જખમીઓમાં યાદવ પરિવારનો પણ સમાવેશ થાય છે. પરિવારના સભ્યોના કહેવા મુજબ બિલ્ડિંગમાં અન્ય રહેવાસીઓ ઘર ખાલી કરી રહ્યા હોવાથી તેઓએ પણ સામાન પૅક કરીને રાતના જ બિલ્ડિંગ ખાલી કરવાનો નિર્ણય લીધો હતો પણ સામાન પૅક કરવાનું ચાલુ હતું ત્યારે જ બિલ્ડિંગનો હિસ્સો તૂટી પડ્યો હતો. તેથી દીપક અને તેના મામાએ દાદરાથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો પણ ત્યાં કાટમાળ પડયો હતો. તેથી તેઓએ પહેલા માળની બારીમાંથી કૂદકો મારી બચવાનો પ્રયાસ કર્યો હતો અને તેમ કરવામાં તેઓ બચી ગયા પણ બંનેને પગમાં ઈજા પહોંચી હતી.

બિલ્ડિંગ તૂટી પડયાં બાદ બચી ગયેલી અન્ય એક મહિલાએ પોતાની લાગણીઓને કાબૂમાં રાખતા મૃત્યુના જડબામાંથી તેને બચાવવા બદલ સર્વશક્તિમાનનો આભાર માન્યો. તે પોતે બિલ્ડિંગ તૂટી પડતાં કાટમાળ હેઠળ ફસાઈ ગઈ હતી કાદવ અને કાદવમાં ફસાયેલી હોવાની ભયાનકતા યાદ આવી. તેના માતાપિતા થોડા ફૂટ દૂરથી તેના નામની બૂમો પાડતા સંભળાયા હતા. રેસ્ક્યૂ ટીમે ભારે જહેમત બાદ તેને જીવતી બહાર કાઢી હતી. જોકે તે પહેલાં તે કલાકો સુધી કાટમાળ હેઠળ દબાયેલી રહી હતી.

અન્ય એક મહિલાએ દાવો કર્યો કે રહેવાસીઓ દ્વારા વારંવાર ચેતવણી આપવા છતાં સમારકામ યોગ્ય રીતે કરવામાં આવી રહ્યું ન હતું. રહેવાસીઓ દ્વારા કામ કરનારાઓને ચેતવણી આપવામાં હતી કે તે રીતે સમારકામ ન કરે, પરંતુ તેઓએ ચાલુ રાખ્યું, જેના કારણે આ દુર્ઘટના થઈ હતી. બીજી એક મહિલાએ કહ્યું હતું કે તેનો પતિ અને બે દીકરીઓ બીજા માળે રહેતા હતા, જ્યારે મકાનના ભાગમાં તિરાડો પડવા લાગી ત્યારે સામે રહેતા રહેવાસીએ તેમના ઘરે આવવા કહ્યું હતું અને જેઓ તેમના ઘરે ગયા અને બે મિનિટની અંદર બિલ્ડિંગ તૂટી પડી હતી. ઘણા રહેવાસીઓ પાસે શરીર પરના કપડાં સિવાય કંઈ બચ્યું નથી.

## થાણેમાં જોખમી ઈમારતો અંગે તાત્કાલિક પગલાં લેવાનો કમિશનરનો નિર્દેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ ભિવંડીમાં ગુરુવારે મોડી રાતે એક જોખમી ઇમારતનો હિસ્સો ધરાશાયી થતાં ૧૦ લોકોનાં મોત થયાની કમનસીબ ઘટનાને પગલે થાણે મહાનગરપાલિકાના કમિશનર સૌરભ રાવે શહેરમાં જૂની અને જર્જરિત ઇમારતો અંગે તાત્કાલિક પ્રતિબંધાત્મક પગલાં લેવાનો નિર્દેશ આપ્યો હતો.

મુખ્યમંત્રી કાર્યાલય તરફથી મળેલી સૂચનાઓ અને સરકારની માર્ગદર્શિકા અનુસાર તમામ વૉર્ડની સમિતિઓને તેમના અધિકારક્ષેત્રમાં આવેલી જૂની અને જોખમી ઇમારતોનું સંપૂર્ણ નિરીક્ષણ કરવા અને જરૂરી કાર્યવાહી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

થાણે પાલિકા કમિશનર સૌરભ રાવે મહારાષ્ટ્ર મહાનગરપાલિકા એક્ટની કલમ ૨૬૪ હેઠળ સી-વન શ્રેણીમાં આવતી જોખમી ઇમારતોને નોટિસ જારી કરવાની અને રહેવાસીઓને સંભવિત જોખમ સમજાવીને તાત્કાલિક ઇમારતો ખાલી કરવા માટે કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો હતો. ભાડૂતો અને ફ્લેટ માલિકોના કબજામાં રહેલા કાર્પેટ એરિયાની ગણતરી કરવા અને ઇમારતો ખાલી કરતા પહેલા સંબંધિતોને પ્રમાણપત્રો આપવાનો પણ નિર્દેશ પણ આપ્યો હતો. આ ઉપરાંત જો ઇમારતો ખાલી કરવામાં કોઈ અવરોધ આવે તો સંબંધિત ઇમારતોનો વીજળી અને પાણી પુરવઠો કાપી નાખવાનો નિર્દેશ આપ્યો હતો.

બિલ્ડિંગ ધરાશાયી થાય તે પહેલાં જોઈ શકે તેવા જોખમ વિશે નાગરિકોને માહિતી આપવા માટે ઇમારતો પર ચેતવણી બોર્ડ લગાડવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. તેમ જ રહેવાસીઓ પાસે વૈકલ્પિક વ્યવસ્થા ન હોય તેમના માટે મહાનગરપાલિકા દ્વારા નક્કી કરાયેલા સ્થળાંતર શિબિરોમાં કામચલાઉ રહેઠાણ પૂરું પાડવાનો નિર્દેશ પણ આપવામાં આવ્યો હતો.

કમિશનરે વધુમાં દરેક વિભાગ સ્તરે ટેકનિકલ અધિકારીઓની એક અલગ ટીમ સ્થાપવા અને જોખમી ઇમારતોનું નિયમિત નિરીક્ષણ અને સમીક્ષા કરવા સૂચના આપી હતી. સી-ટૂએ, સી-ટૂબી અને સી-થ્રી શ્રેણીમાં આવતી ઇમારતો અંગે સરકારી પરિપત્ર મુજબ જરૂરી કાર્યવાહી કરવાનો નિર્દેશ આપતા કમિશનરે તમામ વિભાગોને સંકલનમાં કામ કરવા અને કોઈ અકસ્માત ન થાય તેની ખાતરી કરવા માટે ખૂબ કાળજી રાખવા આદેશ આપ્યો હતો.

## મહાજને શિંદેની ટીકા કરી

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રધાન ગિરીશ મહાજને શુક્રવારે જણાવ્યું હતું કે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના શહેરી વિકાસ વિભાગે ભિવંડીમાં બેફામ અતિક્રમણના મુદ્દા પર ધ્યાન આપવું જોઈએ, જ્યાં એક ઇમારત ધરાશાયી થવાથી નવ લોકોનાં મોત થયાં હતાં જોકે, શિંદેએ ખુલાસો કર્યો હતો કે અસુરક્ષિત જાહેર થયેલી ઈમારત ધરાશાયી થઈ ત્યારે તેનું સમારકામ ચાલી રહ્યું હતું.

ધ્વસ્ત સ્થળની મુલાકાત લીધા પછી સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં ભાજપના પ્રધાનએ ભિવંડીમાં આવી કેટલી અનધિકૃત ઇમારતોને પરવાનગી મળી છે એ જાણવાનો આગ્રહ રાખ્યો હતો. ગુરુવારે રાત્રે સાડા અગિયારે પાવરલૂમ શહેરના બાલાજી નગર વિસ્તારમાં ચાર માળની કોહિનૂર બિલ્ડિંગ ધરાશાયી થતા નવ લોકો મૃત્યુ પામ્યા હતા.

મહાજને જણાવ્યું કે 'મારું માનવું છે કે શહેરી વિકાસ વિભાગે આ મુદ્દાને ગંભીરતાથી લેવો જોઈએ. ભિવંડીમાં અતિક્રમણ મોટાપાયે જોવા મળે છે અને પરિસ્થિતિ ખૂબ જ ગંભીર છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે ટૂંક સમયમાં મીટિંગ બોલાવી આ વિસ્તારમાં ક્લસ્ટર પુનર્વિકાસની સંભાવના અંગે નિર્ણય લેશે.'

ભિવંડીમાં માર્યા ગયેલા લોકોના નજીકના સંબંધીઓને રાજ્ય સરકારના ધોરણો મુજબ નાણાકીય સહાય મળશે એવી સ્પષ્ટતા કરી મહાજને વધુમાં જણાવ્યું હતું કે 'સત્તાવાળાઓ જોખમી બાંધકામોના માળખાકીય ઓડિટ કર્યા પછી અનેક નોટિસો જારી કરતા હોવા છતાં આસપાસના વિસ્તારમાં વૈકલ્પિક રહેઠાણના અભાવે ઘણા રહેવાસીઓ અસુરક્ષિત ઇમારતો ખાલી કરતા નથી.' (પીટીઆઈ)

# આનાં કરતાં ચપ્પલનું સ્ટેન્ડ વધારે સ્વચ્છ હોય

## મંત્રાલયની કેન્ટીનના ફોટા જોયા બાદ હાઈ કોર્ટની એફડીએને ફટકાર

મુંબઈઃ મંત્રાલયની કેન્ટીન ૯૮ ટકા સ્વચ્છ હોવાનો દાવો કરવા બદલ મુંબઈ હાઇ કોર્ટે એફડીએ સામે કડક વલણ અપનાવ્યું હતું. કોર્ટના આદેશ અનુસાર વકીલોની ટીમ દ્વારા કરવામાં આવેલી પ્રત્યક્ષ તપાસમાં કેન્ટીનમાં માખીઓ, ગંદકી, ખુલ્લી ડ્રેનેજ લાઈનો, ગંદું ફ્રીઝ અને અન્ય ઘણી ખામીઓ મળી આવતા એફડીએના તપાસ અહેવાલ પર જ સવાલો ઊભા થયા છે. સુનાવણી દરમિયાન કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, કાયદાની નજરમાં બધા સમાન છે. માત્ર ખાનગી સંસ્થાઓ પર જ કાર્યવાહી કરીને સરકારી કેન્ટીનો પ્રત્યે અલગ વલણ અપનાવી શકાય નહીં.

હાઈ કોર્ટના આદેશ મુજબ, વકીલોની એક ટીમે મંત્રાલયમાં આવેલી કેન્ટીનનું ભૌતિક નિરીક્ષણ કર્યું હતું. આ નિરીક્ષણમાં ઘણી ગંભીર ખામીઓ બહાર આવી હતી. નિરીક્ષણ દરમિયાન, વકીલોએ કોર્ટને એમ પણ જણાવ્યું હતું કે ફ્લોર પર જમા થયેલ ગંદું પાણી, લીક થતા નળ અને ફ્રીઝમાં ડિફ્રોસ્ટ ખૂબ જ અસ્વચ્છ સ્થિતિમાં હતા.

સુનાવણી દરમિયાન એફડીએએ કોર્ટમાં એક રિપોર્ટ રજૂ કર્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે મંત્રાલયમાં આવેલી કેન્ટીન ૯૮ ટકા સ્વચ્છ હતી. આ અંગે નારાજગી વ્યક્ત કરતા કોર્ટે એફડીએને કહ્યું કે સાત કલાક નિરીક્ષણ બાદ ૯૮ ટકા સ્વચ્છતાનો રિપોર્ટ આપ્યો, જ્યારે વકીલોને માત્ર અડધા કલાકમાં આટલી બધી ભૂલો મળી. તમારા નિરીક્ષણ પર કેવી રીતે વિશ્વાસ કરી શકાય? સુનાવણી દરમિયાન, નિરીક્ષણના ફોટા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ફોટા જોયા પછી, કોર્ટે ફ્રીઝની સ્થિતિ પર પણ ટિપ્પણી કરી, ''જૂતાનું સ્ટેન્ડ આના કરતાં વધુ સ્વચ્છ છે.''

### રેસ્ટૉરાંનાં સંગઠનોની મહારાષ્ટ્ર એફડીએને અપીલ

## લાઇસન્સ સ્થગિત કરતા પહેલા સુધારા માટેની નોટિસ આપો

મુંબઈ : મહારાષ્ટ્રભરના અગ્રણી હોસ્પિટાલિટી સંગઠનોએ રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)ને અનુરોધ કર્યો છે કે તેઓ રસોડા ધરાવતા એકમોને સુધારણા માટેની નોટિસ આપવાની નિર્ધારિત પ્રક્રિયાનું ચુસ્તપણે પાલન કરે અને તપાસ પૂર્ણ થાય તે પહેલાં જ તેમનાં નામ જાહેર કરીને તેમને બદનામ કરવાનું બંધ કરે.

એક સંયુક્ત અપીલમાં, 'હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિયેશન વેસ્ટર્ન ઈન્ડિયા', 'નેશનલ રેસ્ટોરન્ટ એસોસિયેશન ઓફ ઈન્ડિયા' અને 'ઈન્ડિયન હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિયેશન' એ અમલીકરણની આ જાહેર પદ્ધતિઓ અંગે ચિંતા વ્યક્ત કરી છે. આ સંગઠનોએ ચેતવણી આપી છે કે આ રીતે કરવામાં આવતી કાર્યવાહી દાયકાઓથી ઊભી કરેલી તેમની પ્રતિષ્ઠાને ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન પહોંચાડી શકે છે.

સંગઠનોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, હોસ્પિટાલિટી ક્ષેત્ર હજારો સ્થાનિક લોકોને આજીવિકા પૂરી પાડે છે. તેઓએ દલીલ કરી હતી કે ઓપરેટરને નાની ઓપરેશનલ ખામીને સુધારવાની અથવા બચાવ રજૂ કરવાની કાનૂની તક મળે તે પહેલા ન ચકાસાયેલ અથવા અધૂરા ખુલાસાઓને કારણે ગ્રાહકનો તેમના પરથી વિશ્વાસ ઊઠી જાય છે.ઉદ્યોગ સંગઠનોએ એફએસએસએઆઈ અને મહારાષ્ટ્ર એફડીએ સાથેની તેમની લાંબા ગાળાની ભાગીદારી પર ભાર મૂક્યો હતો. નિયમોના પાલનને પ્રોત્સાહન આપવા માટે નિયમનકારી સંસ્થાઓ સાથે મળીને કામ કરવાની તેમની તત્પરતાનો પુનરોચ્ચાર કરતા, સંઘઠનોએ સત્તામંડળને જાહેર આરોગ્યના રક્ષણ અને નિષ્પક્ષતા વચ્ચે સંતુલન જાળવવા તેમજ રચનાત્મક નિયમનકારી અમલીકરણ રહે તે સુનિશ્ચિત કરવા અનુરોધ કર્યો હતો.

# મંત્રાલયની કેન્ટીનોને સુધારણા માટેની નોટિસ જારી કરોઃ હાઈ કોર્ટ



**ખાદ્ય સુરક્ષાઃ** મંત્રાલયની કેન્ટીનને એફડીએ દ્વારા ૯૮ ટકા માર્ક આપવામાં આવ્યા બાદ હાઈ કોર્ટના નિર્દેશ પર વકીલોની એક ટીમ સાથે એફડીએ શુક્રવારે ફરીથી મંત્રાલયની કેન્ટીનની તપાસ માટે ગઈ હતી, આ ટીમે કોર્ટને આપેલી માહિતી બાદ એફડીએની ઝાટકણી કાઢવામાં આવી હતી.

મુંબઈઃ બોમ્બે હાઈકોર્ટે શુક્રવારે મહારાષ્ટ્ર એફડીએને મહાનગરમાં પક્ષપાતી કાર્યવાહી કરવા બદલ ઠપકો આપ્યો હતો. સાથે જ, વકીલોની એક સમિતિ દ્વારા કરવામાં આવેલી તપાસમાં મંત્રાલયની કેન્ટીનો અસ્વચ્છ હોવાનું જણાતા, કોર્ટે તે કેન્ટીનોને સુધારણા માટેની નોટિસ જારી કરવાનો આદેશ આપ્યો હતો. કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ રવીન્દ્ર ઘુગે અને ન્યાયાધીશ ગૌતમ અંખડની ખંડપીઠે જણાવ્યું હતું કે,એફડીએએ ન્યાયી, નિષ્પક્ષ અને સમાન રહેવાની જરૂર છે.

મંત્રાલયની કેન્ટીનોને એજન્સી દ્વારા આપવામાં આવેલા ૯૮ ટકા સ્વચ્છતાના પ્રમાણપત્ર પર સવાલ ઉઠાવતા, અદાલતે ત્યાં તપાસ કરવા માટે ચાર વકીલોની એક સમિતિને આદેશ આપ્યો હતો. શુક્રવારે વકીલોએ પોતાના અહેવાલમાં જણાવ્યું હતું કે સમિતિને કેન્ટીનો અસ્વચ્છ હાલતમાં જોવા મળી હતી. ત્યાં ગટર વ્યવસ્થા ક્ષતિગ્રસ્ત હતી અને ખુલ્લી હતી, તેમજ રસોડામાં જમીન અને દીવાલો પર વંદા અને માખીઓનું રાજ હતું. પેનલ દ્વારા રજૂ કરવામાં આવેલી તસવીરોની તપાસ કર્યા બાદ બેન્ચે આશ્ચર્ય વ્યક્ત કર્યું અને એફડીએને મંત્રાલયની કેન્ટીનોને પણ નોટિસ જારી કરવા કહ્યું હતું.

કોર્ટે નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, સમાન ખામીઓ માટે એફડીએએ દક્ષિણ મુંબઈની પૂર્ણિમા' રેસ્ટોરન્ટને કામગીરી સ્થગિત કરવાની નોટિસ આપી હતી, જ્યારે મંત્રાલયની કેન્ટીનોને નિયમોનું ૯૮ ટકા પાલન કરતી જાહેર કરવામાં આવી હતી. કોર્ટે વધુમાં કહ્યું હતું કે દરેકને સમાન તક મળવી જોઈએ અને જો કોઈ એક ખાણીપીણીનું સ્થળ ખરાબ છે, તો મંત્રાલયની કેન્ટીનો પણ એટલી જ ખરાબ હાલતમાં છે.

## અમિત શાહની મુલાકાત પહેલા પુણેમાં રાજકારણ ગરમાયું, કૉંગ્રેસની ચેતવણી, પોલીસ સતર્ક

પુણેઃ ટિળક મેમોરિયલ ટ્રસ્ટ શનિવાર, પહેલી ઓગસ્ટે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના હસ્તે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલને 'લોકમાન્ય ટિળક એવોર્ડ' અર્પણ કરશે. આ કાર્યક્રમમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સહિત ઘણા મહત્ત્વપૂર્ણ નેતાઓ પુણેમાં હાજર રહેશે.

અમિત શાહની પુણે મુલાકાતની પૃષ્ઠભૂમિમાં શહેરમાં રાજકીય વાતાવરણ ગરમાવાના સંકેતો મળી રહ્યા છે. દિલ્હીમાં વિરોધ પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થીઓ સાથે થયેલી કથિત મારપીટના વિરોધમાં કૉંગ્રેસે વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી છે. ભાજપે આ વિરોધનો યોગ્ય જવાબ આપવાની ચેતવણી આપી છે અને બંને પક્ષોના કાર્યકરો સામસામે આવે તેવી શક્યતા છે. આ પાર્શ્વભૂમિમાં ગુરુવારે પુણે પોલીસ કમિશનરેટ ખાતે વરિષ્ઠ પોલીસ અધિકારીઓની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અમિત શાહની મુલાકાત દરમિયાન સુરક્ષા વ્યવસ્થા, સંભવિત વિરોધ પ્રદર્શન, કાયદો અને વ્યવસ્થા; તેમજ વિવિધ સંવેદનશીલ સ્થળોએ પોલીસ તૈનાત કરવા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. સૂત્રોએ માહિતી આપી હતી કે બેઠકમાં કોઈપણ અનિચ્છનીય ઘટનાને રોકવા માટે જરૂરી નિવારક પગલાં પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. આ રાજકીય પરિસ્થિતિને કારણે શહેરમાં વાતાવરણ ગરમાયું છે, અને પોલીસ અને સુરક્ષા એજન્સીઓએ કડક સુરક્ષા યોજનાઓ બનાવી છે.

અમિત શાહની પુણે મુલાકાતને ધ્યાનમાં રાખીને, મ્યુનિસિપલ વહીવટીતંત્ર સતર્ક થઈ ગયું છે અને તેમના વીઆઈપી કાફલાને ખાડા નજરે ન પડે તે માટે તાત્કાલિક માર્ગ સમારકામનું કામ હાથ ધર્યું છે. મ્યુનિસિપલ કમિશનર નવલ કિશોર રામે આ સંદર્ભમાં તાત્કાલિક સમીક્ષા બેઠક યોજી છે અને સંબંધિત અધિકારીઓને શાહના સંભવિત પ્રવાસ માર્ગ પરના તમામ ખાડા તાત્કાલિક ભરવા અને રસ્તાઓને ચમકદાર બનાવવાનો નિર્દેશ આપ્યો છે. શનિવારે અમિત શાહ સારસબાગ વિસ્તારમાં લોકશાહી નેતા અણ્ણા ભાઉ સાઠેની પ્રતિમાને શ્રદ્ધાંજલિ આપવા જશે તેવી શક્યતા છે. સુરક્ષા વ્યવસ્થા અને ભીડના આયોજનને ધ્યાનમાં રાખીને કાર્યક્રમ હજુ સુધી નક્કી થયો નથી, પરંતુ નિયત સમયે દોડધામ ન થાય એ માટે સ્વારગેટ, સારસબાગ અને વોલ્ગા ચોક વિસ્તારના રસ્તાઓને સારી સ્થિતિમાં રાખવાના આદેશ આપવામાં આવ્યા છે. પોલીસે પણ આ સંદર્ભમાં પૂરતી તૈયારીઓ કરી છે.

## મનોજ જરાંગેની આંદોલનની ચીમકી બાદ વિખે પાટીલ આક્રમક

### ફડણવીસ જેવું વલણ કોઈ મુખ્ય પ્રધાને અપનાવ્યું નથી

મુંબઈઃ મરાઠા આરક્ષણ આંદોલનના નેતા મનોજ જરાંગે પાટીલે ૨૯ ઓગસ્ટથી ફરી આંદોલન કરવાની ચીમકી આપી છે. આ અંગે સરકારની ભૂમિકા સ્પષ્ટ કરતા પ્રધાન રાધાકૃષ્ણ વિખે પાટીલે જણાવ્યું કે, સરકાર મરાઠા સમાજની માગણીઓ પ્રત્યે હકારાત્મક છે અને અત્યાર સુધી ૫૮ લાખ નોંધો શોધવા સહિત શિષ્યવૃત્તિ, નોકરી અને સરકારી યોજનાઓ ફરી શરૂ કરવા જેવા અનેક મોટા નિર્ણયો લેવાયા છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે સરકાર દ્વારા મોકલવામાં આવનારા વિગતવાર અહેવાલથી જરાંગે પાટીલનું સમાધાન થશે.

રાધાકૃષ્ણ વિખે પાટીલે આગળ જણાવ્યું કે, શિંદે સમિતિની મુદત ૨૦૨૭ સુધી લંબાવવામાં આવી છે. નિર્ણયોના અમલીકરણમાં સરકાર ક્યાંય પાછી પાની કરી રહી નથી. જો કોઈ મુશ્કેલીઓ હશે, તો તેને દૂર કરવામાં આવશે. દેવેન્દ્ર ફડણવીસે જે વલણ અપનાવ્યું છે, તેવું અત્યાર સુધીના કોઈપણ મુખ્ય પ્રધાને અપનાવ્યુ નથી. સરકાર અત્યંત હકારાત્મક છે. જરાંગેની ભાવના યોગ્ય હોવા છતાં, આંદોલન કરવાનો સમય નહીં આવે. ઓબીસી સમાજ કે તેમના નેતાઓનું સરકાર પર કોઈ પણ પ્રકારનું દબાણ નથી. મુખ્ય પ્રધાન અને સમગ્ર સરકાર આ માગણીઓ પ્રત્યે સકારાત્મક છે. મનોજ જરાંગેને એક વિગતવાર અહેવાલ મોકલવામાં આવશે અને તેનું સમાધાન થશે, તેવી ખાતરી છે, એવું પણ તેમણે જણાવ્યું હતું. ■

## એફડીએના માપદંડ સરકારી અને ખાનગી બંને માટે સમાન હોવા જોઈએઃ મંત્રાલયની કેન્ટીન બાબતે હાઈ કોર્ટની ટકોર

મુંબઈઃ મંત્રાલયની કેન્ટીનને '૯૮ ટકા સ્વચ્છ' હોવાનું પ્રમાણપત્ર આપવા અંગે સવાલ ઉઠાવતા બોમ્બે હાઈ કોર્ટે શુક્રવારે ટકોર કરી હતી કે, મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને (એફડીએ) સરકારી અને અર્ધ-સરકારી સંસ્થાઓમાં આવેલી હોટલો અને કેન્ટીનની પોતાની કાર્યવાહીમાં ''ન્યાયી, નિષ્પક્ષ અને સમાન'' અભિગમ અપનાવવાની જરૂર છે.

કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ રવિન્દ્ર ઘુગે અને ન્યાયાધીશ ગૌતમ અંખડની ખંડપીઠે ચાર વકીલોની એક ટીમને મંત્રાલયની કેન્ટીનની તાત્કાલિક મુલાકાત અને નિરીક્ષણ કરવાનો તથા ત્યાંની સ્થિતિ અંગે કોર્ટને અહેવાલ આપવાનો આદેશ આપ્યો હતો. આ નિર્દેશના થોડા જ કલાકોમાં, એફડીએના અધિકારીઓએ વકીલો સાથે મળીને મંત્રાલયની કેન્ટીનનું નિરીક્ષણ કર્યું; જેમાં રસોડું, પીવાના પાણીની વ્યવસ્થા, સ્વચ્છતા અને એકંદરે આરોગ્યપ્રદ સ્થિતિનો સમાવેશ થતો હતો. તેમણે ખોરાકની ગુણવત્તા, સ્વચ્છતા જાળવવાની પદ્ધતિઓ, કેન્ટીનનું સંચાલન અને ખાદ્ય સુરક્ષાના નિયમોના પાલનની પણ સમીક્ષા કરી હતી.

કોર્ટે એફડીએ પાસેથી એવા સંજોગો અને માપદંડો વિશે પણ જાણવા માંગ્યું હતું જેના આધારે કેટલીક ખાણીપીણીની જગ્યાઓને સુધારણા માટેની નોટિસ આપવામાં આવી હતી, જ્યારે કેટલાકને સીધી જ કામગીરી સ્થગિત કરવાની નોટિસ આપવામાં આવી હતી.

### અમરાવતીમાં યુનિવર્સિટીઓ અને એન્જિનિયરિંગ કૉલેજોની કેન્ટીન સીલ કરાઈ

અમરાવતીઃ બોમ્બે હાઈ કોર્ટે એફડીએ વિભાગને સરકારી સંસ્થાઓ સામે કાર્યવાહી કરવાનો આદેશ આપ્યા બાદ હવે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, શુક્રવારે મુંબઈમાં મંત્રાલયની અને વિધાનસભાની કેન્ટીનનું તુકારામ મુંઢેના અધિકારીઓ દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

બીજી તરફ, હવે કમિશનર તુકારામ મુંઢેના આદેશ પર એફડીએ દ્વારા યુનિવર્સિટીઓ તરફ નજર દોડાવવામાં આવી રહી હોવાનું જોવા મળી રહ્યું છે. અમરાવતીની સંત ગાડગે બાબા અમરાવતી યુનિવર્સિટી અને સરકારી એન્જિનિયરિંગ કોલેજમાં શુક્રવારે એફડીએ દ્વારા દરોડા પાડીને કાર્યવાહી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન અમરાવતી યુનિવર્સિટી અને સરકારી એન્જિનિયરિંગ કોલેજની મુખ્ય કેન્ટીનમાં ભારે ગંદકી જોવા મળી હતી અને તે લાયસન્સ વગર ગેરકાયદે રીતે ચાલતી હોવાનું જાણવા મળ્યું હતું. આથી, ફૂડ સેફ્ટી ઓફિસર ગજાનન ગોરેએ તાત્કાલિક કાર્યવાહી કરીને આ બંને કેન્ટીન સીલ કરી દીધી હતી.

નવી મુંબઈની ફાઈવ સ્ટાર હોટેલ સીલ કરવાના મામલે સુનાવણી દરમિયાન મુંબઈ હાઈ કોર્ટે એફડીએની ઝાટકણી કાઢી હતી. કોર્ટે સવાલ કર્યો કે ''માત્ર ખાનગી હોટેલો કેમ, સરકારી સંસ્થાઓ પર કાર્યવાહી ક્યારે થશે?'' તેમજ મંત્રાલયની કેન્ટીનમાં એકપણ જીવજંતુ ન હોવાના એફડીએના દાવાને હાસ્યાસ્પદ ગણાવીને, કોર્ટે વકીલો અને અધિકારીઓને સાથે જઈને મંત્રાલયની કેન્ટીનની ફરીથી તપાસ કરવાનો આદેશ આપ્યો હતો.

### જાગી રેલવે

## થાણે સ્ટેશનનો ફૂડ સ્ટોલ સાત દિવસ માટે સીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એક તરફ મુંબઈમાં એફડીએ (ફૂડ એન્ડ ડ્રગ્સ) કમિશનર તુકારામ મુંઢેની ધાક હેઠળ રેસ્ટોરાંના માલિકો સ્વચ્છતા અભિયાન ચલાવી રહ્યા છે ત્યારે તુકારામ મુંઢે રેલવે પર એક્શન લે તેની પહેલા જ રેલવે સફાળી જાગી છે અને સ્વચ્છતા અભિયાન શરૂ કર્યું છે. રેલવે સ્ટેશનો પર સ્વચ્છતા અને ખોરાકની સલામતીને લઈને મધ્ય રેલવેએ મોટી કાર્યવાહી કરી છે. થાણે સ્ટેશન પર આવેલા એક મલ્ટી-પર્પઝ ફૂડ સ્ટોલને સાત દિવસ માટે સીલ કરી દેવામાં આવ્યો છે. મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન - એફડીએ દ્વારા રેલવે સ્ટેશનો પરના ફૂડ સ્ટોલ્સની તપાસ તેજ કર્યાના થોડા દિવસો બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે.

સ્ટેશન પરિસરમાં સ્વચ્છતા અને ફૂડ સેફ્ટી સુધારવા માટે રેલવેએ મોટા અભિયાનની શરૂઆત કરી છે. ઠાણે સ્ટેશનના વેઇટિંગ રૂમમાં આવેલા આ સ્ટોલને સોશ્યલ મીડિયા પર મળેલી ફરિયાદની ચકાસણી બાદ સીલ કરવામાં આવ્યો.

તપાસ દરમિયાન અધિકારીઓને સ્વચ્છતામાં ગંભીર ખામીઓ જોવા મળી. રસોઈ બનાવવાની જગ્યાએ ગંદકી હતી અને વપરાશ માટે રાખેલી શાકભાજી પાસે ઉંદર પણ મળી આવ્યો. નિયમોનો ભંગ કરવા બદલ મધ્ય રેલવેએ કોન્ટ્રાક્ટર પર ૧૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે અને તેની સામે શિસ્તભંગની કાર્યવાહી પણ શરૂ કરી છે.

મધ્ય રેલવેના એક અધિકારીએ જણાવ્યું કે તપાસ દરમિયાન રસોઈની જગ્યાએ ઉંદર મળી આવ્યો હતો. જે બાદ તાત્કાલિક કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરવામાં આવી. અમે હવે રેલવે સ્ટેશનો અને રેલવે પરિસરમાં સ્વચ્છતાનું મોટું અભિયાન શરૂ કરી રહ્યા છીએ.

રેલવે વહીવટીતંત્રે કહ્યું કે આ કાર્યવાહી રેલવેની પ્રોપર્ટી પર ચાલતા કેટરિંગ અને કમર્શિયલ સ્ટોલ્સની સ્વચ્છતાને લઈને ઝીરો-ટોલરન્સ નીતિ દર્શાવે છે. હવે મુંબઈ સબઅર્બન નેટવર્કમાં ફૂડ સ્ટોલ્સ, કેન્ટીન અને કેટરિંગ યુનિટ્સની તપાસ શરૂ કરવામાં આવી છે, જેથી ફૂડ સેફ્ટી અને સ્વચ્છતાના નિયમોનું પાલન થાય છે તે સુનિશ્ચિત કરી શકાય. નિયમોનો ભંગ કરનારા કોન્ટ્રાક્ટર્સ પર દંડ, સ્ટોલ સીલ કરવા અને જો નિયમોનું વારંવાર ભંગ કરાય તો વધુ કડક કાર્યવાહી કરવામાં આવશે.

દરરોજ લાખો મુસાફરો રેલવેના ફૂડ સ્ટોલ પર નિર્ભર હોવાથી સ્વચ્છતા જાળવવી એ જન-આરોગ્યની મહત્ત્વની પ્રાથમિકતા બની છે. એફડીએ દ્વારા સમગ્ર રાજ્યમાં ખાણી-પીણીની જગ્યાઓ અને કેટરિંગ સેન્ટર્સની તપાસ વધાર્યા બાદ ખોરાકની સુરક્ષાને લઈને ચિંતા વધી છે.

રેલવેના અધિકારીઓએ મુસાફરોને અપીલ કરી છે કે સ્વચ્છતા, કેટરિંગ સેવા કે અન્ય સુવિધાઓ અંગેની ફરિયાદ 'રેલ મદદ' પોર્ટલ દ્વારા નોંધાવે. અધિકારીઓનું કહેવું છે કે લોકોની ફીડબેકથી સેવાનું સ્તર સુધારવામાં અને મુસાફરોને સલામત, સ્વચ્છ અને સારી ગુણવત્તાનું ભોજન મળે તે સુનિશ્ચિત કરવામાં પણ મદદ મળશે.

# સાઇકલ મિકેનિકની દીકરી જૂડોમાં ઐતિહાસિક કૉમનવેલ્થ ચૅમ્પિયન

## અસ્મિતા ડેએ જૂડોમાં દેશને અપાવ્યો ઐતિહાસિક ગોલ્ડઃ હર્ષ સિંહે દેશને આ રમતની મેન્સ કૅટેગરીનો પ્રથમ સુવર્ણ અપાવી દીધો

ગ્લોસગોઃ ભારતની અસ્મિતા ડેએ દેશને કૉમનવેલ્થ ગેમ્સમાં જૂડોની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ અપાવ્યો છે. ભારત અગાઉ આ રમતની હરીફાઈમાં સિલ્વર અને બ્રૉન્ઝ જીત્યું હતું, પરંતુ ક્યારેય ગોલ્ડ હાથ નહોતો લાગ્યો, પણ હવે એક કલાકની અંદર બે ગોલ્ડ મળ્યા. અસ્મિતાએ ફાઇનલમાં કૅનેડાની હૈદી ક્વૉચને રોમાંચક અને નાટ્યાત્મક મુકાબલામાં હરાવીને વિજય મેળવ્યો હતો અને સુવર્ણચંદ્રક પર કબજો કરી લીધો હતો. તે કૉમનવેલ્થની જૂડોમાં ગોલ્ડ મેડલ જીતનારી પ્રથમ ભારતીય બની છે. પુરુષોમાં હર્ષ સિંહે પણ પોતાના વર્ગની ફાઇનલ જીતીને સુવર્ણચંદ્રક જીતી લીધો હતો. તે આ રમતોત્સવની જૂડોમાં ચૅમ્પિયન બનેલો બીજો ભારતીય અને પ્રથમ ભારતીય પુરુષ જૂડોકા બન્યો છે.


અસ્મિતા ડે


હર્ષ સિંહ

### એકસાથે બે ગોલ્ડ મળ્યા

૨૩ વર્ષની અસ્મિતા ત્રિપુરાની છે અને તેના પિતા સાઇકલ મિકેનિક છે. તેમણે પુત્રીને આંતરરાષ્ટ્રીય સ્તર સુધી પહોંચાડવા ખૂબ સંઘર્ષ કર્યો હતો. ૨૩ વર્ષનો હર્ષ સિંહ અગાઉ ભારત વતી ગ્રાં પ્રિ સ્પર્ધાઓમાં ભાગ લઈ ચૂક્યો છે.

હર્ષ સિંહની આ પહેલી જ કૉમનવેલ્થ છે. બન્નેએ ગોલ્ડ મેડલ જીતી લેતાં ભારતના કુલ ગોલ્ડ મેડલની સંખ્યા પાંચ ઉપર અને કુલ ચંદ્રકોની સંખ્યા ૧૯ ઉપર પહોંચી હતી.

પુરુષોની ૬૦ કિલો કૅટેગરીમાં ભારતના હર્ષ સિંહે ફાઇનલમાં ઑસ્ટ્રેલિયાના જોશુઆ કાટ્ઝને પરાસ્ત કર્યો હતો.

ઑસ્ટ્રેલિયા આ વખતની કૉમનવેલ્થમાં હાઇએસ્ટ ૫૦થી વધુ ગોલ્ડ મેડલ અને કુલ ૧૧૫ ચંદ્રક જીત્યું છે, પણ હર્ષ સિંહે એના જૂડોકાને આ રમતમાં ગોલ્ડ નહોતો જીતવા દીધો. તેનો આ ઑસ્ટ્રેલિયન હરીફ ઑલિમ્પિક્સમાં ભાગ લઈ ચૂક્યો છે તેમ જ ઑસ્ટ્રેલિયાની નૅશનલ ચૅમ્પિયનશિપ અને ઑસનિયા ચૅમ્પિયનશિપ જીત્યો હતો, પણ હર્ષ સિંહ સામે તેનું કંઈ નહોતું ચાલ્યું.

### ૩૬ વર્ષ બાદ બે અપ્રતિમ સિદ્ધિ

કૉમનવેલ્થમાં જૂડોને ૧૯૯૦માં પ્રવેશ મળ્યો ત્યાર બાદ ક્યારેય ભારતીય સ્પર્ધકો ગોલ્ડ મેડલ નહોતા જીત્યા. ૩૬ વર્ષમાં ભારતને આ રમતની સ્પર્ધામાં બ્રૉન્ઝ અને સિલ્વરની સફળતા બાદ પહેલી જ વખત ગોલ્ડ મેડલ મળ્યો છે.

મહિલાઓની જૂડોમાં આ ૪૮ કિલો વર્ગનો મુકાબલો હતો જેમાં અસ્મિતા શરૂઆતમાં હરીફથી ઘણી પાછળ હતી.

યુકો કૅનેડિયન જૂડોકાની તરફેણમાં જવા ઉપરાંત અસ્મિતાને પેનલ્ટી પણ અપાઈ હતી.

જોકે અસ્મિતાએ જોરદાર કમબૅક કરીને તેને હરાવી દીધી હતી.

ચાર મિનિટના આ મુકાબલામાં એકંદરે અસ્મિતાએ જબરદસ્ત દૃઢતા બતાવી હતી. મુખ્ય મુકાબલાના સમયમાં બન્ને સ્પર્ધક એકસરખી સ્થિતિમાં હતી એટલે મુકાબલો ગોલ્ડન સ્કોર પિરિયડમાં ગયો હતો.

આ નિર્ણાયક રાઉન્ડમાં પ્રથમ સ્કોરિંગ ઍક્શન પરથી વિજેતા નક્કી થાય છે અને એમાં અસ્મિતા જીતી ગઈ હતી.

અસ્મિતાએ ભયંકર પ્રેશરની સ્થિતિમાં ગજબની પ્રતિબદ્ધતા બતાવી હતી અને કૅનેડિયન હરીફથી પાછળ રહ્યા બાદ તેને માત આપી હતી. ■

# દરજીનો દીકરો માત્ર એક કિલો ઓછું વજન ઊંચકી શક્યો એટલે ગોલ્ડ ચૂક્યો, સિલ્વર મેળવ્યો

ગ્લાસગો (સ્કૉટલૅન્ડ): ૭૪ દેશ વચ્ચેની કૉમનવેલ્થ ગેમ્સમાં ભાગ લઈ રહેલા ભારતીય સ્પર્ધકોમાં કોઈ ખેતમજૂરનું સંતાન છે તો કોઈ બિલ્ડિંગના બાંધકામમાં મજૂરી કરનારનું, કોઈ સ્પર્ધકના માતા-પિતા ગરીબીમાં સંઘર્ષભર્યું જીવન વીતાવી રહ્યાં છે તો કોઈ દિવ્યાંગ હોવાથી પરિવારનું પૂરતું ભરણપોષણ નથી કરી શક્તા અને આવા માહોલમાં ગુરુવારે એક એવા પરિવારના યુવાને મેડલ જીતી લીધો જેના પિતા દરજી છે અને દાદા શાકભાજી વેચે છે. આ યુવા વેઇટલિફ્ટરથી સુવર્ણચંદ્રક ગુરુવારની ઇવેન્ટમાં એક કિલો છેટો રહી ગયો હતો. તે પંજાબમાં પાકિસ્તાન સાથેની સરહદ પર અમૃતસર જિલ્લાના બાલ સિકંદર ગામનો છે. તેને વેઇટલિફ્ટિંગમાં કરીઅર બનાવવા તેના પરિવારે સંઘર્ષના સમયમાં પણ ખૂબ પ્રેરણા આપી છે.

આપણે વાત કરી રહ્યા છીએ પંજાબના લવપ્રીત સિંહની જેણે વેઇટલિફ્ટિંગમાં ૧૧૦+ કિલોગ્રામ વજનની કૅટેગરીમાં કુલ ૩૮૮ કિલો વજન ઊંચકીને સિલ્વર મેડલ મેળવ્યો હતો. ન્યૂ ઝીલૅન્ડના ઍન્ડ્રયૂ લિટીએ (લવપ્રીત સિંહ કરતાં એક કિલો વધુ એટલે કે) ૩૮૯ કિલો વજન ઊંચકીને ગોલ્ડ મેડલ જીતી લીધો હતો.

લવપ્રીત સિંહે સ્નૅચમાં આ વર્ગના નવા કૉમનવેલ્થ રેકૉર્ડ સાથે ૧૭૬ કિલો વજન ઊંચક્યું હતું. લિટીએ આ કૅટેગરીમાં ૧૬૬ કિલો વજન ઊંચક્યું હતું. એ રીતે, સ્નૅચમાં લવપ્રીત તેનાથી ઘણો આગળ હતો, પરંતુ ક્લીન ઍન્ડ જર્કમાં લવપ્રીતથી લિટી ઘણો આગળ નીકળી ગયો હતો. લવપ્રીતનું એમાં ૨૧૨ કિલો વજન હતું, જ્યારે લિટીએ ૨૨૩ કિલો વજન ઊંચક્યું હતું. ક્લીન ઍન્ડ જર્કના મોટા ફરકને લીધે લિટી મેદાન મારી ગયો હતો. ઇંગ્લૅન્ડનો ઍન્ડ્રયુ ગ્રિફિથ ૩૫૬ કિલો (સ્નૅચમાં ૧૬૫ કિલો અને ક્લીન ઍન્ડ જર્કમાં ૧૯૧ કિલો) બ્રૉન્ઝ જીત્યો હતો.



લવપ્રીત સિંહ ૨૦૨૨ની કૉમનવેલ્થમાં બ્રૉન્ઝ મેડલ જીત્યો હતો અને આ વખતે તે સિલ્વર સાથે એક સ્તર આગળ આવ્યો છે. ભારતે આ વખતે લવપ્રીતની ઇવેન્ટના અંત સુધીમાં (વેઇટલિફ્ટિંગમાં) કુલ આઠ મેડલ મેળવ્યા છે જેમાં એક ગોલ્ડ, છ સિલ્વર અને એક બ્રૉન્ઝનો સમાવેશ છે. ■

# કૉમનવેલ્થમાં કુસ્તી નથી તો શું થયું, ભારતીય મહિલાઓ વર્લ્ડ કપમાં મેડલ જીતી

બાકુ (અઝરબૈજાન): આ વખતની કૉમનવેલ્થ ગેમ્સમાં રેસલિંગ (કુસ્તી)ની હરીફાઈઓ નથી રાખવામાં આવી એટલે ભારતને ઓછા મેડલ મળી રહ્યા છે, પરંતુ અઝરબૈજાનમાં ગુરુવારે ભારતની મહિલા કુસ્તીબાજોએ કેટલાક મેડલ જીતીને એ ખોટ નહોતી વર્તાવા દીધી.

અઝરબૈજાનમાં આયોજિત ફ્રીસ્ટાઇલ કુસ્તીની અંડર-૧૭ વર્લ્ડ ચૅમ્પિયનશિપમાં ભારતીય મહિલાઓએ અલગ કૅટેગરીમાં કુલ ત્રણ મેડલ જીતી લીધા હતા જેમાં એક સિલ્વર અને બે બ્રૉન્ઝનો સમાવેશ હતો.

ભારતની મહિલા કુસ્તીબાજોએ અન્ય દેશોની પોતાનાથી ઘણી ચડિયાતી હરીફોને પરાસ્ત કરીને વિવિધ ચંદ્રકો પર કબ્જો કર્યો હતો.

૫૭ કિલો વજનની કૅટેગરીમાં નિકિતા સેહરાવતે સિલ્વર મેડલ મેળવ્યો હતો. ફાઇનલમાં અમેરિકાની એપનેસા એલિસન સામે નિકિતાનો ૦-૬થી પરાજય થતાં તેણે રજતચંદ્રકથી સંતોષ માનવો પડ્યો હતો.

૪૯ કિલો વજનની કૅટેગરીમાં ભારતની કામના બાબલે રશિયાની એરિના સાઈદીવાને ત્રીજા સ્થાન (બ્રૉન્ઝ મેડલ) માટેના પ્લે-ઑફમાં ૩-૨થી પરાજિત કરીને કાંસ્યચંદ્રક જીતી લીધો હતો.

૭૩ કિલોની કૅટેગરીમાં ભારતની ગરિમાનો મુકાબલો સ્પેનની પોઉલા બેનઈક્સા પરેઝ સામે હતો જેમાં ગરિમાએ ટેકનિકલ સિસ્ટમમાં ચડિયાતા પર્ફોર્મન્સ બદલ જીતીને કાંસ્યપદક મેળવી લીધો હતો. ■

**કૉમનવેલ્થ ગેમ્સ**

# માતા બન્યા પછી હવે પીએચડી કરી રહેલી ભારતની સીમા 'નિષ્ફળતાઓ' બાદ સફળ



ગ્લાસગોઃ ભારતની ૨૭ વર્ષની ડિસ્કસ થ્રોની ઍથ્લીટ સીમા કાલીરમન ગુરુવારે અહીં કૉમનવેલ્થ ગેમ્સમાં મહિલાઓની ડિસ્કસ થ્રોમાં ત્રીજા નંબર પર આવીને બ્રૉન્ઝ મેડલ જીતી એ સાથે તેના અંગત જીવનની વાતો વાઇરલ થવા માંડી જેમાં સૌથી મહત્ત્વની બે બાબત એ છે કે તે ચાર વર્ષ પહેલાં પ્રથમ બાળકને જન્મ આપ્યા બાદ ગયા વર્ષે નૅશનલ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતી હતી અને હાલમાં તે પીએચડી કરી રહી છે.

હરિયાણા રાજ્યના ભિવાની જિલ્લાની સીમા ગુરુવારે કૉમનવેલ્થમાં જે સંઘર્ષ અને નિષ્ફળતાઓની વચ્ચે મેડલ જીતી એની વાત કરતાં પહેલાં આપણે તેના અંગત જીવન વિશે થોડું જાણી લઈએ. તેનો દીકરો ચાર વર્ષનો છે. ચાર વર્ષ પહેલાં તેણે પુત્રને જન્મ આપ્યો એ પહેલાં પ્રેગ્નન્સી દરમ્યાન તેમ જ માતા બન્યા બાદ તેને કેટલીક શારીરિક તકલીફો થઈ હતી. તેને સંધિવાની બીમારી થઈ હતી તેમ જ ઘૂંટણમાં ઈજા પણ થઈ હતી. જોકે તેને પતિ તેમ જ પરિવાર તરફથી બહુ સારો સપોર્ટ મળ્યો હતો જેને કારણે તે કૉમનવેલ્થમાં ચંદ્રક જીતવા સુધીની સફર કરી શકી. ચશ્માંધારી સીમાને ગુરુવારે ડિસ્કસ થ્રોમાં મેડલ જીતવા માટે કુલ છ રાઉન્ડમાંથી ત્રીજા રાઉન્ડના ૫૮.૬૫ મીટરના અંતરે કાંસ્યચંદ્રક અપાવ્યો હતો. ત્રીજા રાઉન્ડ પછીના ત્રણેય રાઉન્ડમાં તેના થ્રોમાં ક્ષતિ હોવાને લીધે એ રાઉન્ડમાં તેણે નિષ્ફળતા જોવી પડી હતી. જોકે ૫૮.૬૫ મીટરના થ્રોએ તેને બ્રૉન્ઝ અપાવ્યો હતો. જમૈકાની સામન્થા હૉલ (૬૧.૬૬ મીટર) ગોલ્ડ મેડલ અને કૅનેડાની જુલિયા ટન્ક્સ (૬૦.૬૭ મીટર) સિલ્વર મેડલ જીતી હતી.

આ જ સ્પર્ધામાં ભારતની નીધિ રાની એક તબક્કે ડિસ્કસને ૫૫.૬૭ મીટર દૂર ફેંકીને ત્રીજા નંબર પર આવી ગઈ હતી, પણ ભારતની જ તેની હરીફ સીમાએ ડિસ્કસ ૫૭.૩૨ મીટર દૂર ફેંકીને તેના હાથમાં ત્રીજું સ્થાન આંચકી લીધું હતું. ભૂતકાળમાં ભારતની સીમા પુનિયા કૉમનવેલ્થમાં ડિસ્કસ થ્રોમાં ત્રણ સિલ્વર અને એક બ્રૉન્ઝ જીતી હતી. ભારતીયોમાં માત્ર ક્રિષ્ના પુનિયા (૨૦૧૦માં) અને વિકાસ ગોવડા (૨૦૧૪માં) ગોલ્ડ મેડલ જીત્યા છે. ■

# ઝિનેડીન ઝિદાન ફ્રાન્સની ફૂટબૉલ ટીમનો નવો કોચ

પૅરિસઃ ફ્રાન્સનો ફૂટબૉલ-લેજન્ડ ઝિનેડીન ઝિદાન તેના દેશની રાષ્ટ્રીય ટીમનો નવો કોચ બની ગયો છે. તે ડિડિયર ડેસ્ચૅમ્પ્સનું સ્થાન લેશે.

તાજેતરના ફિફા વર્લ્ડ કપમાં ફ્રાન્સની ટીમ સેમિ ફાઇનલમાં સ્પેન સામે ૦-૨થી હારી ગયા બાદ ઇંગ્લૅન્ડ સામે ૬-૪ના પરાજય બદલ છેક ચોથા નંબર પર રહી હતી.

૨૦૨૨ના વર્લ્ડ કપમાં ફ્રાન્સ રનર-અપ હતું. ઝિદાને ફ્રાન્સના ફૂટબૉલ ફેડરેશન સાથે ચાર વર્ષનો કરાર કર્યો છે. ઝિદાન છેલ્લે ૨૦૨૧માં રિયલ મૅડ્રિડની ટીમનો કોચ હતો.

ઝિદાન ૫૪ વર્ષનો છે. તે ૨૦૦૬માં નિવૃત્ત થયો હતો. એ વર્ષના વર્લ્ડ કપની ઇટલી સામેની મૅચમાં હરીફ ખેલાડી માર્કો મૅટરાઝીને છાતીમાં માથું મારવા બદલ ઝિદાનને રેડ કાર્ડ બતાવીને મૅચમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો. ■

# ઑક્ટોબરમાં બ્રાઝિલના બધા મુખ્ય ફૂટબોલર ભારતમાં રમશે, પણ ટિકિટ મોંઘી હશે

કોલકાતાઃ બ્રાઝિલના મહાન ખેલાડી પેલે ભારત આવ્યા હતા એના પાંચ દાયકા બાદ ફરી એક વખત બ્રાઝિલની નૅશનલ ટીમના ખેલાડીઓ ભારત આવશે. આઇકૉનિક યલો જર્સીમાં સજ્જ બ્રાઝિલના ખેલાડીઓની આગામી ત્રીજી ઑક્ટોબરે 'સિટી ઑફ જૉય' તરીકે જાણીતા કોલકાતા શહેરના સૉલ્ટ લેક સ્ટેડિયમમાં ભારત વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય ફ્રેન્ડ્લી મૅચ રમાશે. જોકે એ ઐતિહાસિક મૅચ માટેની ટિકિટનો ભાવ ઊંચો રહેશે એવી પાક્કી સંભાવના હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

બ્રાઝિલ પાંચ વખત વર્લ્ડ કપ જીતી ચૂક્યું છે. ભારત આવનારી બ્રાઝિલની ટીમમાં કૅપ્ટન માર્કિન્યૉસ, કેસમિરો, મૅથ્યૂઝ કુન્હા, એન્ડ્રિક, ગૅબ્રિયલ મૅગલહેસનો વગેરેનો સમાવેશ હશે. વિનિસિયસ જુનિયરના આવવાની પણ સંભાવના છે. નેમાર હવે નિવૃત્ત થઈ ગયો છે. બ્રાઝિલની રાષ્ટ્રીય ટીમના તમામ મુખ્ય ખેલાડીઓ (જો કોઈને ઈજા નહીં થાય તો) ભારત આવશે.

સપ્ટેમ્બર, ૧૯૭૭માં બ્રાઝિલના મહાન ફૂટબોલર પેલે પોતાના દેશની ટીમ સાથે ભારત આવ્યા હતા અને એ ટીમ સામે કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં મોહન બગાનની ટીમનો ફ્રેન્ડલી મૅચમાં મુકાબલો થયો હતો.

ભારતીય ફૂટબોલરને થોડા મહિનાઓથી વિશ્વના જાણીતા ફૂટબૉલ રાષ્ટ્રો (કૅનેડા, જમૈકા, ઝિમ્બાબ્વે) સામે રમવાનો મોકો મળ્યો છે અને હવે બ્રાઝિલની ટીમ પણ ઑક્ટોબરમાં ભારત આવવાની છે એ જોતાં નજીકના ભવિષ્યમાં ૨૦૨૨ના વર્લ્ડ ચૅમ્પિયન આર્જેન્ટિનાની ટીમ પણ ભારત આવશે એ નકારી ન શકાય. ■

# વન-ડે વર્લ્ડ કપમાં યજમાન નામિબિયાને જ પ્રવેશ નહીં મળે? ઇતિહાસમાં પહેલી વખત બનશે કે શું?

નવી દિલ્હીઃ વન-ડેનો વર્લ્ડ કપ આવતા વર્ષે રમાવાનો છે, પણ એના મહિનાઓ પહેલાં આ ટૂર્નામેન્ટમાં કઈ ટીમ રમશે અને કોને નહીં રમવા મળે એ મુદ્દે હાલમાં જબરદસ્ત રોમાંચનો અનુભવ થઈ રહ્યો છે.

સૌથી મોટો સવાલ એ છે કે યજમાન નામિબિયા આ ટૂર્નામેન્ટમાં ક્વૉલિફાય કરી શકશે કે નહીં? આ ટૂર્નામેન્ટના ઇતિહાસમાં અત્યાર સુધી ક્યારેય નથી બન્યું ક્યાંક એવું તો નહીં જોવા મળેને? વર્લ્ડ કપની યજમાન ટીમ જ મુખ્ય ટૂર્નામેન્ટમાં ક્વૉલિફાય ન થઈ હોય એવું આજ સુધી ક્યારેય નથી બન્યું. ઉલ્લેખનીય છે કે ૨૦૨૭નો વર્લ્ડ કપ નામિબિયા તેમ જ સાઉથ આફ્રિકા અને ઝિમ્બાબ્વેમાં સંયુક્ત રીતે યોજાવાનો છે. સાઉથ આફ્રિકા તથા ઝિમ્બાબ્વેને સીધો પ્રવેશ મળ્યો છે, પણ નામિબિયા આઇસીસીનું ફુલ મેમ્બર-રાષ્ટ્ર ન હોવાને કારણે એણે ક્વૉલિફાય થવું પડશે.

હાલમાં આઇસીસી મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ લીગ-ટૂ ચાલી રહી છે જેમાં આઠ ટીમ પોતાનું ભાગ્ય ચમકાવવાનો પ્રયત્ન કરી રહી છે. આ ટૂર્નામેન્ટ પૂરી થશે ત્યારે ટોચની જે ચાર ટીમ ક્વૉલિફાયરમાં જતી રહેશે. પાંચથી આઠ નંબર પર રહેનારી ટીમોએ ક્વૉલિફાયર પ્લે-ઑફ રમવો પડશે. હાલમાં નામિબિયાની ટીમ પાંચમા સ્થાને છે. આ ટીમ ટૉપ-ફોરમાં જાય પણ ખરી. હાલમાં એવી સંભાવના નકારી ન શકાય.

હાલમાં આઇસીસી મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ લીગ-ટૂમાં અમેરિકા નંબર-વન છે. હવે પછીના રાઉન્ડમાં એનો પ્રવેશ લગભગ નિશ્ચિત છે. નામિબિયાની ટીમ ૨૬ પૉઇન્ટ સાથે પાંચમા ક્રમે છે. નામિબિયાએ તાજેતરમાં જ નેપાળને હરાવીને જરૂરી બે પૉઇન્ટ મેળવ્યા છે એટલે એની આશા વધી ગઈ છે. આ ટીમ ૩૧માંથી ૧૨ મૅચ જીતી છે અને ૧૭ હારી છે. ■

# દિલ્હીની કૉમનવેલ્થ ટેબલ ટેનિસમાં ભારતીયો બન્ને ટીમ ટાઇટલ જીત્યા

## ૧૪માંથી ૧૧ ભારતીય સિંગલ્સની પ્રી-ક્વૉર્ટર ફાઇનલમાં

નવી દિલ્હીઃ સ્કૉટલૅન્ડના પાટનગર ગ્લાસગોમાં કૉમનવેલ્થ ગેમ્સ ચાલી રહી છે ત્યારે ભારતની રાજધાની દિલ્હીમાં કૉમનવેલ્થ ટેબલ ટેનિસ ચૅમ્પિયનશિપ્સ રમાઈ જેમાં ગુરુવારે ભારતીયોએ સંપૂર્ણ પ્રભુત્વ જમાવ્યું હતું અને પુરુષ તથા મહિલા, બન્ને વર્ગમાં ભારતે ટીમ ટાઇટલ જીતી લીધા હતા. ભારતીય ટીમમાં ખાસ કરીને બે ગુજરાતી ખેલાડી માનુષ શાહ અને માનવ ઠક્કરનો સમાવેશ હતો. હરમીત દેસાઈ પણ આ ચૅમ્પિયનશિપ્સમાં રમ્યો હતો.

ટીમ સ્પર્ધાની ફાઇનલમાં ભારતે મલયેશિયાને ૩-૨થી હરાવીને ટાઇટલ જીતી લીધું હતું. મહિલા વર્ગની ફાઇનલમાં પણ ભારતનો મલયેશિયા સામે વિજય થયો હતો. એમાં ભારતે મલયેશિયાને ૩-૦થી પરાજિત કર્યું હતું.

દરમ્યાન શુક્રવારે સિંગલ્સમાં વડોદરાનો માનુષ શાહ અને સુરતનો હરમીત દેસાઈ પ્રી-ક્વૉર્ટર ફાઇનલમાં પહોંચ્યા હતા. વાસ્તવમાં પુરુષ-મહિલા વર્ગમાં કુલ ૧૪માંથી ૧૧ ભારતીય સ્પર્ધકો પ્રી-ક્વૉર્ટરમાં પહોંચી ગયા હતા. ■

# હાર્દિકને મેળવવા સીએસકે ૨૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવા પણ તૈયાર છે

નવી દિલ્હીઃ ૨૦૨૭ની ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં હાર્દિક પંડ્યા ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) વતી રમતો જોવા મળશે કે શું? મુંબઈ ઇન્ડિયન્સ પાસેથી આ ઑલરાઉન્ડરને મેળવવા માટે સીએસકેનું ફ્રૅન્ચાઇઝી ૨૦ કરોડ રૂપિયા સુધીની તોતિંગ રકમ પણ ખર્ચી નાખવા તૈયાર હોવાનું જણાય છે.

અગાઉ એક અહેવાલમાં જણાવાયું હતું કે મુંબઈ ઇન્ડિયન્સે હાર્દિકના બદલામાં સીએસકે પાસેથી આયુષ મ્હાત્રે અને અમુક રકમની અપેક્ષા રાખી હતી.

જોકે સીએસકેના માલિકો હાર્દિકના બદલામાં ડેવાલ્ડ બ્રેવિસ તથા શિવમ દુબે તેમ જ ૧૦ લાખ રૂપિયા આપવા માગતા હોવાનું અહેવાલમાં જણાવાયું હતું.

આનું કારણ એ છે કે સીએસકેને આયુષ મ્હાત્રે કોઈને નથી આપવો. સીએસકે મુખ્ય યુવા ખેલાડીને જાળવી રાખવા માગે છે, જ્યારે મુંબઈ યુવાન ખેલાડીઓની ફોજ વધુ મજબૂત કરવામાં માને છે.

હાર્દિકના સુકાનમાં ગુજરાત ટાઇટન્સની ટીમ ૨૦૨૨ના ડેબ્યૂ યરમાં ટાઇટલ જીતી હતી અને ૨૦૨૩માં જરાક માટે ટ્રોફી ચૂકી ગયું હતું અને સીએસકેની ટીમ એ વર્ષમાં ચૅમ્પિયન બની હતી.

જોકે હાર્દિકે કૅપ્ટન તરીકે મુંબઈની ટીમમાં કમબૅક કર્યું ત્યારે રોહિત શર્માના અનેક ચાહકો નારાજ થયા હતા. ■

# ઈક્વિટી માર્કેટમાં સતત ત્રીજા સત્રમાં આગળ ધપતો સુધારો, બૅન્ચમાર્ક ત્રણ સપ્તાહની ટોચે

## વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ₹ ૨૭૭.૪૮ કરોડની અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની ₹ ૨૨૬૦.૩૭ કરોડની લેવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે ખાસ કરીને બજાજ ફાઈનાન્સ અને બજાજ ફિનસર્વમાં અનુક્રમે આઠ ટકા અને છ ટકા જેટલો ઉછાળો આવવાની સાથે મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રા, રિલાયન્સ, ટાટા સ્ટીલ જેવા ઈન્ડેક્સ હેવી વેઈટ શૅરોમાં લેવાલી રહેતાં સતત ત્રીજા સત્રમાં આગેકૂચ જળવાઈ રહી હતી અને બૅન્ચમાર્ક ઈન્ડેક્સ ત્રણ સપ્તાહની ઊંચી સપાટીએ બંધ રહ્યા હતા. જેમાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ ૧૬૬.૯૫ પૉઈન્ટ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી ૬૬.૪૫ પૉઈન્ટના સુધારા સાથે બંધ રહ્યો હતો. વધુમાં આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૯,૦૪૫.૫૧ કરોડની ખરીદી સામે રૂ. ૧૮,૭૬૮.૦૩ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૨૭૭.૪૮ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી. તેમ જ આજે સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૯,૮૮૫.૮૦ કરોડની ખરીદી સામે રૂ. ૧૭,૬૨૫.૪૩ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૨૨૬૦.૩૭ કરોડની ચોખ્ખી ખરીદીનો પણ બજારના સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૭,૯૨૮.૧૫ના બંધ સામે સુધારા સાથે ૭૭,૯૯૮.૬૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૭,૮૦૯.૯૩ અને ઉપરમાં ૭૮,૨૭૨.૨૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૨૧ ટકા અથવા તો ૧૬૬.૯૫ પૉઈન્ટ વધીને ૭૮,૦૯૪.૬૪ના મથાળે બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૪,૩૧૭.૧૫ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૨૪,૩૬૧.૪૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૪,૨૯૯.૭૦ અને ઉપરમાં ૨૪,૪૨૯.૪૦ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૦.૨૭ ટકા અથવા તો ૬૬.૪૫ પૉઈન્ટ વધીને ૨૪,૩૮૩.૬૦ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, સાપ્તાહિક ધોરણે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૨.૬૭ ટકા અથવા તો ૨૦૩૪.૮૭ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૨.૫૯ ટકા અથવા તો ૬૧૬.૧૫ પૉઈન્ટનો સુધારો આવ્યો છે.



એકંદરે વૈશ્વિક સ્તરે જોખમી પરિબળોમાં થઈ રહેલા ઘટાડા અને તાજેતરમાં જાહેર થઈ રહેલા કોર્પોરેટ પરિણામો પ્રોત્સાહક આવ્યા હોવાથી બજારમાં સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, વૈશ્વિક સ્તરે અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધારાની ચિંતા અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં વધારો થવાની તેમ જ ક્રૂડતેલના ભાવમાં વધારાની ચિંતા સપાટી પર હોવાથી ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ જોવા મળતા સુધારો મર્યાદિત રહ્યો હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

વધુમાં ઓનલાઈન વેલ્થ ટેક કંપની એનરીચ મનીનાં ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પોન્મુડી આરએ જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવની ચિંતા કોરાણે મૂકીને બજારે પ્રોત્સાહક કોર્પોરેટ પરિણામોને આવકાર્યા હતા અને વધુમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની લેવાલીનો પણ ટેકો મળતાં બજારમાં સુધારાને ટેકો મળ્યો હતો.

આજે બીએસઈ ખાતે કુલ ૪૪૨૫ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાંથી ૨૫૨૨ શૅરના ભાવ વધીને, ૧૭૨૨ શૅરના ભાવ ઘટીને અને ૧૮૧ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૨૮ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૮૨ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે બંધ રહ્યા હતા. વધુમાં આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૮ શૅરના ભાવ વધીને અને ૧૨ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. આજે મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૮.૧૧ ટકાનો વધારો બજાજ ફાઈનાન્સમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે બજાજ ફિનસર્વમાં ૬.૩૦ ટકાનો, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૩.૫૮ ટકાનો, અદાણી પોર્ટસમાં ૨.૧૨ ટકાનો, ટાટા સ્ટીલમાં ૧.૫૨ ટકાનો અને રિલાયન્સમાં એક ટકાનો ઉછાળો આવ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૨.૭૩ ટકાનો ઘટાડો ટીસીએસમાં જોવા મળ્યો હતો. આ સિવાય ઈટર્નલમાં ૨.૭૨ ટકાનો, ઈન્ફોસિસમાં ૨.૨૬ ટકાનો, આઈટીસીમાં ૧.૫૧ ટકાનો, ઈન્ડિગોમાં ૧.૧૭ ટકાનો અને એચડીએફસી બૅન્કમાં ૧.૦૯ ટકાનો ઘટાડો આવ્યો હતો.

આજે બીએસઈ મિડકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૦.૬૬ ટકાનો સ્મોલકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૦.૪૮ ટકાનો સુધારો આવ્યો હતો. તેમ જ સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં બીએસઈ ઑટો ઈન્ડેક્સમાં ૧.૯૯ ટકાનો, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૧.૭૮ ટકાનો, પાવર ઈન્ડેક્સમાં ૧.૨૬ ટકાનો, ઑઈલ ઍન્ડ ગૅસ ઈન્ડેક્સમાં ૧.૦૧ ટકાનો, ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સમાં ૦.૮૩ ટકાનો, યુટિલિટી ઈન્ડેક્સમાં ૦.૬૭ ટકાનો અને સર્વિસીસ ઈન્ડેક્સમાં ૦.૬૬ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે આઈટી શૅરોમાં નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં સૌથી વધુ ૧.૩૯ ટકાનો ઘટાડો આઈટી ઈન્ડેક્સમાં જોવા મળ્યો હતો. આ સિવાય ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં ૧.૨૧ ટકાનો, એફએમસીજી ઈન્ડેક્સમાં ૦.૯૦ ટકાનો, હોસ્પિટલ ઈન્ડેક્સમાં ૦.૭૮ ટકાનો અને પ્રાઈવેટ બૅન્ક ઈન્ડેક્સમાં ૦.૨૦ ટકાનો ઘટાડો આવ્યો હતો.

આજે એશિયન બજારમાં ખાસ કરીને દક્ષિણ કોરિયાના કોસ્પીમાં ૧૭.૯૧ ટકાનું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. તેમ જ જાપાનનો નિક્કી ૨૨૫, શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક, અને હૉંગકૉંગનો હૅંગસૅંગ સુધારા સાથે બંધ રહ્યો હતો અને યુરોપના બજારોમાં પણ મધ્યસત્ર દરમિયાન સુધારાતરફી વલણ રહ્યું હતું.

# સોનામાં ₹ ૫૨૪ની અને ચાંદીમાં ₹ ૩૭૦ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીનાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલો અને સ્થાનિક સ્તરે માગ નિરસ રહેતાં આજે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૨૦થી ૫૨૪નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૭૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં વિશ્વ બજાર પાછળ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીનું દબાણ અને ઔદ્યોગિક વપરાશકારોની માગ પણ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૭૦ના ઘટાડા સાથે રૂ. ૨,૧૮,૨૯૫ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સુધારો જળવાઈ રહેતાં આયાત પડતરોમાં ઘટાડો અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૫૨૦ ઘટીને રૂ. ૧,૪૨,૨૮૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૫૨૪ ઘટીને રૂ. ૧,૪૨,૮૬૦ની સપાટીએ રહ્યા હતા.



દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧ ટકો ઘટીને ઔંસદીઠ ૪૦૫૫.૪૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, માસિક ધોરણે પાંચ મહિના પછી પહેલી વખત અત્યાર સુધીમાં ભાવમાં ૧.૭ ટકાનો વધારો નોંધાયો છે. વધુમાં આજે સોનાના ઑગસ્ટ ડિલિવરી વાયદામાં પણ ભાવ ૧.૨ ટકા ઘટીને ૪૦૫૩.૬૦ ડૉલર આસપાસ તથા ચાંદીના હાજરમાં ભાવ ૧.૭ ટકા ઘટીને ઔંસદીઠ ૫૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે આજે ડૉલર ઈન્ડેક્સ ૧૦૦ની સપાટીની ઉપર ક્વૉટ થઈ રહ્યો હોવાથી અને ફેડરલ ઓપન માર્કેટ કમિટીની બેઠક પશ્ચાત્ રોકાણકારોની વેચવાલીનું દબાણ રહેતાં સોનાના અને ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હોવાનું વિશ્લેષક રોસ નોર્મને જણાવતા ઉમેર્યું હતું કે હાલમાં વૈશ્વિક સોનું ઔંસદીઠ ૪૦૦૦ ડૉલરની મહત્ત્વની સપાટી જાળવી રાખવા ઝઝૂમી રહ્યું છે. ગઈકાલે અમેરિકામાં જાહેર થયેલા જૂન મહિનાના ફુગાવામાં ઘટાડો નોંધાયો હતો, પરંતુ ત્યાર બાદ પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવમાં વધારો થતાં ક્રૂડતેલના ભાવ વધી આવ્યા હોવાથી આ ઘટાડો તાત્પૂરતો હોવાનું બજાર વર્તુળોને જણાતા આગામી સપ્ટેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો વધારો કરે તેવી ૬૭ ટકા શક્યતા બજાર વર્તુળો સીએમઈ ફેડ વૉચ ટૂલ પર વ્યક્ત કરી રહ્યા હતા. ■

# ડૉલર સામે રૂપિયો સાત પૈસા વધ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારતરફી વલણ ઉપરાંત વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ગઈકાલે ઈક્વિટીમાં ચોખ્ખી લેવાલી રહી હોવાના પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત આજે સંભવિતપણે રિઝર્વ બૅન્કનો હાજર બજારમાં હસ્તક્ષેપ રહેતાં ડૉલર સામે રૂપિયામાં વધુ સાત પૈસાનો સુધારો આવ્યો હતો. જોકે, પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવને ધ્યાનમાં લેતા આજે ક્રૂડતેલના ઊંચા ભાવ અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૫૦ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૫.૪૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૪૮ અને ઉપરમાં ૯૫.૨૫ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે સાત પૈસાના સુધારા સાથે ૯૫.૪૩ની સપાટીએ બંધ



રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૨૬ પૈસાનો ચમકારો આવ્યો હતો. તેમ જ આજે સતત પાંચમાં સત્રમાં સુધારાની આગેકૂચ જળવાઈ રહી હતી.

હાલમાં અમેરિકા ઈરાન પર અને ઈરાન અમેરિકાના સહયોગી અખાતી દેશો પર હુમલાઓ કરી રહ્યા હોવાથી નજીકના ભવિષ્યમાં કોઈ સમાધાન થવાની શક્યતા ન જણાતા આજે ડૉલર ઈન્ડેક્સ અને ક્રૂડતેલના ભાવમાં વધારો થયો હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હતો. જોકે, આજે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની ડૉલરમાં વેચવાલી અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ચોખ્ખી લેવાલી રહી હોવાના પ્રોત્સાહક અહવાલે રૂપિયામાં સકારાત્મક વલણ જોવા મળ્યું હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટનાં ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી કે વિજયકુમારે જણાવ્યું હતું. વૈશ્વિક ઈક્વિટી માર્કેટના સુધારાતરફી વલણ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની લેવાલીને ધ્યાનમાં લેતા વધુમાં આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જળવાઈ રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ ઉમેર્યું હતું કે અમારા મતે આગામી સમયગાળામાં ડૉલર સામે રૂપિયો ૯૫થી ૯૫.૬૦ની રેન્જમાં રહે તેવી ધારણા છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૦.૨૮ ટકા વધીને ૧૦૦.૧૪ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૪૨ ટકા વધીને બેરલદીઠ ૮૯.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૬૬.૪૯ પૉઈન્ટનો અને ૬૬.૪૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી અને ગઈકાલે વિદેશી ફંડોની ઈક્વિટીમાં રૂ. ૩૬૨૩.૫૧ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું ટ્રેડરોએ ઉમેર્યું હતું. ■

# ટીન અને નિકલની આગેવાની હેઠળ ધાતુમાં આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે વૈશ્વિક પુરવઠાખેંચની ચિંતા વચ્ચે કોપર સહિતની ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. એકના ઘટાડાને બાદ કરતાં ટીન અને નિકલની આગેવાની હેઠળ તમામ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૯૫ની આગેકૂચ જોવા મળી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલો સાથે જે ધાતુઓમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં ઉછાળા જોવા મળ્યાં હતાં. તેમાં કિલોદીઠ ધોરણે ટીનના ભાવ રૂ. ૯૫ વધીને રૂ. ૫૪૭૬, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૬ વધીને રૂ. ૧૬૮૩, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ વધીને રૂ. ૧૪૦૩ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૯૩૫ના મથાળે રહ્યા હતા.

વધુમાં અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કિલોદીઠ કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૧૩૧૫, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને અનુક્રમે રૂ. ૧૩૨૩ અને રૂ. ૧૨૧૯, કોપર આર્મિચર અને બ્રાસ



યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૧૩૦૨ અને રૂ. ૮૫૦, લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૨૦૭ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૩૮૭ના મથાળે રહ્યા હતા. જોકે, આજે એકમાત્ર એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં નિરસ માગે ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૩૪૫ના મથાળે એને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૩૧૦ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા. ■

# મિડિયમ ગ્રેડની ખાંડમાં ₹ ૬થી ૨૦નો સુધારો

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૩૫૦થી ૪૪૦૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. વધુમાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં વરસાદી વાતાવરણમાં સ્ટોકિસ્ટોની અને રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. છથી ૨૦નો સુધારો આગળ ધપ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની અને રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. તેમ જ આજે મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૫૦૨થી ૪૫૭૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા તેનાં વેપાર ક્વિન્ટલે રૂ. છથી ૧૦ના સુધારા સાથે રૂ. ૪૬૨૬થી ૪૭૬૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૪૩૫થી ૪૪૭૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૫૧૫થી ૪૫૮૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# આયાતી સોયા રિફાઈન્ડમાં નરમાઈ, દેશી તેલમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૮૨ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ઑક્ટોબર મહિનાના ક્રૂડ પામતેલના વાયદામાં ૪૧ રિંગિટ ઘટી આવ્યાના નિરુત્સાહી અહેવાલ સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આયાતી તેલમાં સોયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલ અને છૂટીછવાઈ માગને ટેકે દેશી તેલમાં સિંગતેલ, કપાસિયા રિફાઈન્ડ અને સરસવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો સુધારો જોવા મળ્યો હતો.

વધુમાં આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર વર્તમાન જુલાઈ મહિનામાં મલયેશિયાની પામતેલની નિકાસ આગલા જૂન મહિનાના ૧૩,૪૦,૮૪૨ ટન સામે ૧૯.૫ ટકા વધીને ૧૬,૦૨,૪૭૫ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૮, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૬૦, પતંજલિ ફૂડ્સના સપ્ટેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૩૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૦, ઈમામીના રૂ. ૧૪૫૦ અને જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૫ ક્વૉટ થઈ રહ્યા હતા, તેમ જ છૂટાછવાયા વેપારો ગોઠવાયાના અહેવાલ હતા.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૩૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૮૦૦ ગૂણીની આવક સામે બન્ને મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૬૦૦માં ટકેલા ધોરણે થયા હતા તેમ જ આજે ગોંડલનાં મથકો પર ૧૦ કિલોદીઠ સિંગતેલના ભાવ રૂ. ૧૭૦૦, વૉશ્ડ કૉટનના રૂ. ૧૬૦૦ અને કોટન રિફાઈન્ડના રૂ. ૧૬૪૦થી ૧૬૪૫ના મથાળે રહ્યા હતા, જ્યારે રાજકોટ મથકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૭૦૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૦૦માં ટકેલા ધોરણે થયા હતા.

આજે હાજર બજારમાં ૧૦



કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૫, સન રિફાઈન્ડ અને સિંગતેલના રૂ. ૧૭૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૫૫ અને સરસવના રૂ. ૧૭૪૦ના મથાળે રહ્યાં હતાં. ■

# ઉદ્યોગના પ્રતિસાદ બાદ જીએસટીએનએ ઈ-વે બિલના સુધારા મુલતવી રાખ્યા

નવી દિલ્હીઃ ઈ-વે બિલનાં સુધારાનાં પ્રસ્તાવ અંગે ઉદ્યોગ વર્તુળોનાં પ્રતિસાદ અથવા તો પ્રતિભાવ જાણ્યા બાદ જીએસટી નેટવર્કે પ્રસ્તાવ મુલતવી રાખ્યા હતા.

આગામી પહેલી ઑગસ્ટથી અમલમાં મૂકવા માટેનાં પ્રસ્તાવિત બે સુધારાઓમાં બિલ ટૂ શિપ ટૂ ટ્રાન્ઝેક્શનમાં 'શિપ ટૂ જીએસટીઆઈએન' કેપ્ચ્યોર કરવાનો સમાવેશ થતો હતો. જેનો મુખ્ય ઉદ્દેશ માલનાં વાસ્તવિક પ્રાપ્તકર્તાની ઓળખ સુધારાવા અને તેની ટ્રેસેબિલિટીને મજબૂત બનાવવાનો હતો. આ સિવાયના બીજા સુધારામાં 'સ્વૈચ્છિક બંધ'ની સુવિધાનો હતો. જેમાં કરદાતાને ચોક્કસ પરિસ્થિતિઓમાં સક્રિય ઈ-વે બિલ બંધ કરવા સક્ષમ બનાવવાનો હતો. જેમાં ખાસ કરીને જેમાં માલની હેરફેર ન થતી હોય. આ સુધારાઓ અને ઈ-ઈન્વોઈસ ઈઆરપી અને ઈ-ઈન્વોઈસનાં એકીકરણ માટે અનુરૂપ એપીઆઈ ફેરફારો સાથે પણ હતા.

આ સંદર્ભે ગૂડ્સ ઍન્ડ સર્વિસ ટેક્સ નેટવર્ક (જીએસટીએન)એ જણાવ્યું હતું કે અગાઉ નવમી અને ૧૭મી જૂનનાં રોજ જાહેર કરવામાં આવેલી ઈ-વે બિલ સિસ્ટમમાં સુધારાઓની એડવાઈઝરીના પ્રસ્તાવ જે પહેલી ઑગસ્ટથી અમલી બનવાના હતા તે આગામી નોટિસ જારી કરવામાં ન આવે ત્યાં સુધી મુલતવી રાખવામાં આવ્યા છે.

અર્નેસ્ટ ઍન્ડ યંગ (ઈવાય) ઈન્ડિયા ટેક્સ પાર્ટનરનાં નાં સૌરભ અગરવાલે જણાવ્યું હતું કે પરીક્ષણ દરમિયાન ઘણાં વ્યવસાયોને જાણવા મળ્યું કે પ્રસ્તાવિત શિપ ટૂ જીએસટીઆઈએનની આવશ્યકતાઓ અને સ્વૈચ્છિક ઈ-વે બિલ ક્લોઝરની સુવિધા હાલના ઈ-ઈન્વોઈસિંગ અને આઈઆરએન આધારિત ઈ-વે બિલ સિસ્ટમની સાથે ખાસ કરીને ઑટો કમ્પોનન્ટ્સ, ઈપીસી અને ઈ-વે કોમર્સ જેવાં જટિલ સપ્લાય ચેઈન ધરાવતા ક્ષેત્રોમાં અમલમાં મુકવી મુશ્કેલ છે. જીએસટીએનનો એડવાઈઝરી પાછી ખેંચવાનો નિર્ણય ફક્ત અમલીકરણની સમયરેખા લંબાવવાને બદલે ઉદ્યોગની રજૂઆતો અને વ્યવહારિક અમલીકરણની ચિંતાઓનાં પ્રતિભાવ હોય તેવું જણાય છે. આથી સરકાર આ સુધારાઓને મુલતવી રાખવાને બદલે ઉદ્યોગનાં પ્રતિસાદને આધારે આ ફેરફારોની ડિઝાઈન પર પુનર્વિચાર કરી રહી છે. ■

# ભાવનગર જિલ્લાના પાલિતાણામાં અઢી ઈંચ, ઘોઘામાં બે ઈંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લામાં ભારે વરસાદની આગાહી વચ્ચે સાંજ સુધીમાં અડધાથી અઢી ઇંચ વરસાદ પડ્યો હતો. જિલ્લાના તમામ ૧૦ તાલુકાઓમાં વરસાદી ઝાપટાંથી લઈને ધોધમાર વરસાદ નોંધાયો હતો. પાલિતાણા તાલુકામાં અઢી ઇંચ વરસાદ પડ્યો હતો. ભાવનગર શહેર અને જિલ્લામાં ભારે વરસાદની આગળ વચ્ચે સવારથી જ વરસાદી માહોલ હતો. સવારે તેમની ભારે વરસાદ શરૂ થયા બાદ બપોરે વરસાદની તીવ્રતા વધી હતી. જિલ્લાના પાલીતાણામાં સાંજ સુધીમાં અઢી ઇંચ જેટલો વરસાદ ખાબકી ગયો હતો.

શુક્રવારે સવારના છ થી સાંજના છ દરમ્યાન પાલિતાણા માં ૫૯ મી.મી., ઘોઘા માં ૪૪ મી. સિહોરમાં ૨૬ મી.મી., જેસરમાં ૨૩ મી.મી., ભાવનગર શહેરમાં ૧૯ મી.મી., તળાજામાં ૧૮ મી.મી., મહુવામાં ૧૮ મી.મી.,ગારીયાધારમાં ૧૫ મી.મી ., વલ્લભીપુર અને ઉમરાળા તાલુકામાં ૬-૬ મી.મી. વરસાદ પડ્યો હતો. ■




## ભાવનગર જિલ્લાના તાલુકાવાર વરસાદી વિગત પર એક નજર કરીએ...

પાલિતાણાઃ ૫૯ મીમી (મોસમનો કુલઃ ૩૩૭ મીમી), ઘોઘાઃ ૪૪ મીમી (મોસમનો કુલઃ ૪૦૦ મીમી), સિહોરઃ ૨૬ મીમી (મોસમનો કુલઃ ૪૦૨ મીમી), જેસરઃ ૨૩ મીમી (મોસમનો કુલઃ ૩૧૭ મીમી), ભાવનગરઃ ૧૯ મીમી (મોસમનો કુલઃ ૩૯૮ મીમી), તળાજાઃ ૧૮ મીમી (મોસમનો કુલઃ ૨૩૫ મીમી), મહુવાઃ ૧૮ મીમી (મોસમનો કુલઃ ૫૦૮ મીમી), , ગારીયાધારઃ ૧૫ મીમી (મોસમનો કુલઃ ૩૬૬ મીમી), વલ્લભીપુરઃ ૬ મીમી (મોસમનો કુલઃ ૩૪૪ મીમી) અને ઉમરાળાઃ ૬ મીમી (મોસમનો કુલઃ ૩૪૬ મીમી) વરસાદ નોંધાયો હતો.

ચોમાસાની મોસમના કુલ વરસાદની દ્રષ્ટિએ મહુવા તાલુકો ૫૦૮ મીમી (આશરે ૨૦ ઈંચ) વરસાદ સાથે સમગ્ર ભાવનગર જિલ્લામાં પ્રથમ સ્થાને રહ્યો હતો. સિવાય સિહોરમાં મોસમનો કુલ ૪૦૨ મીમી, ઘોઘામાં ૪૦૦ મીમી, ભાવનગરમાં ૩૯૮ મીમી, ગારીયાધારમાં ૩૬૬ મીમી, ઉમરાળામાં ૩૪૬ મીમી, વલ્લભીપુરમાં ૩૪૪ મીમી, પાલિતાણામાં ૩૩૭ મીમી, જેસરમાં ૩૧૭ મીમી અને તળાજા તાલુકામાં ૨૩૫ મીમી વરસાદ નોંધાયો હતો. સમગ્ર જિલ્લામાં મોસમનો સરેરાશ વરસાદ ૩૬૫.૩ મીમી પહોંચ્યો હતો. ■

# ભાવનગરમાં ક્રેડિટ કાર્ડનો વીમો બંધ કરાવવાની લાલચ આપી આધેડ સાથે ₹ ૭૪ હજારની સાયબર છેતરપિંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના બોરડીગેટ વિસ્તારમાં આવેલી મહાત્મા ગાંધી સોસાયટી ખાતે રહેતા નિલેષભાઈ રાજાભાઈ સોલંકી નામના આધેડ સાથે ઓનલાઈન ઠગાઈનો બનાવ પ્રકાશમાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તા. ૮-૪ના રોજ તેમનું બેંક ઓફ બરોડાનું ક્રેડિટ કાર્ડ ઘરેથી ગુમ થઈ ગયું હતું.

જેથી કાર્ડ બ્લોક કરાવવાના આશયથી તેઓ બેંકની ડોન ચોક શાખા ખાતે ગયા હતા, જ્યાં અધિકારીઓએ બેંકની સત્તાવાર મોબાઈલ એપ્લિકેશન મારફતે જ કાર્ડ બંધ કરવાની સૂચના આપી હતી.

દરમિયાન ગત તા. ૧૦-૪ના રોજ નિલેષભાઈના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ આપી જણાવ્યું હતું કે, ''તમારા ક્રેડિટ કાર્ડ પર વીમો શરૂ છે. જો તમારે આ વીમો બંધ કરાવવો હોય, તો વોટ્સએપમાં એક મેસેજ મોકલ્યો છે તે ઓપન કરી તેમાં વીમાનો ઓપ્શન ઓફ કરી દો.'' સાયબર ઠગની વાતોમાં આવી જઈને નિલેષભાઈએ વોટ્સએપમાં આવેલી એપીકે ફાઈલ ડાઉનલોડ કરી ઓપન કરતા જ તેમનો મોબાઈલ ફોન હેંગ થઈ ગયો હતો.

ત્યારબાદ ગણતરીના સમયમાં જ તેમના ક્રેડિટ કાર્ડમાંથી કટકે-કટકે કુલ રૂ. ૭૪,૧૮૯/- ઉપડી ગયા હતા. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થતાં જ નિલેષભાઈ સોલંકીએ ઘોઘારોડ પોલીસ સ્ટેશનમાં ઉક્ત મોબાઈલ નંબર ધારક સામે સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. જેની આધારે પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. ■

# જામનગર ડેન્ટલ કોલેજમાં ₹૧.૩૬ કરોડનું 'રોગી કલ્યાણ ફંડ કૌભાંડ'; ડીન સામે તપાસ ન થતાં કોર્ટ લાલઘૂમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગરઃ શહેરની સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલમાં ચાલતા 'રોગી કલ્યાણ સમિતિ'ના ફંડમાં રૂપિયા ૧,૩૬,૧૯,૩૫૦ ની ઉચાપતનું એક અત્યંત ગંભીર કૌભાંડ સપાટી પર આવ્યું છે, જેણે સમગ્ર વહીવટી તંત્રમાં ખળભળાટ મચાવી દીધો છે. આ ચકચારગ્રસ્ત કેસમાં ઝડપાયેલા આસિસ્ટન્ટ હોસ્પિટલ એડમિનિસ્ટ્રેટર (કોન્ટ્રાક્ટ કર્મી) શોભિત રાજેન્દ્રપ્રસાદ ગર્ગ દ્વારા કરવામાં આવેલી રેગ્યુલર જામીન અરજીને જામનગરના ત્રીજા એડિશનલ સેશન્સ જજ શ્રી રસિકકુમાર વી. મંગાણીની અદાલતે સખત વલણ અપનાવીને નામંજૂર કરી દીધી છે. ન્યાયાધીશે સ્પષ્ટપણે નોંધ્યું છેકે, દર્દીઓની સારવાર તેમજ આઉટસોર્સ કર્મચારીઓના પગાર માટે ફાળવવામાં આવતી સરકારી ગ્રાન્ટની રકમ આરોપીએ પોતાના સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયાના અંગત ખાતામાં ટ્રાન્સફર કરી હોવાના પ્રાથમિક અને સજ્જડ પુરાવાઓ હોવાથી, આવા ગંભીર આર્થિક ગુનામાં આરોપીને જામીન મુક્ત કરવો ન્યાયના હિતમાં જરાય ઉચિત નથી. સરકારી તિજોરીને સીધું નુકસાન પહોંચાડનાર આ સુનિયોજિત ષડયંત્રમાં માત્ર નીચલા સ્તરના કર્મચારીઓ જ નહીં, પરંતુ ઉચ્ચ અધિકારીઓની ભૂમિકા પણ હવે શંકાના ઘેરામાં આવી ગઈ છે.

આ કૌભાંડની કાર્યપદ્ધતિ (મોડસ ઓપરેન્ડી) અને તેમાં સંસ્થાના સર્વોચ્ચ અધિકારીની કથિત સંડોવણી અત્યંત ચોંકાવનારી છે. ધરપકડ પૂર્વે આરોપી શોભિત ગર્ગે ડીએસપીને આપેલી અરજીમાં ઘટસ્ફોટ કર્યો હતો કે, ડેન્ટલ કોલેજના ડીન નયનાબેન પટેલની સીધી સૂચનાથી જ તેમના દ્વારા સહી કરાયેલા ચેક બેંકમાં જમા કરાવવામાં આવ્યા હતા. કોર્ટ સમક્ષ રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓ અનુસાર, નવેમ્બર ૨૦૨૫ થી એપ્રિલ ૨૦૨૬ના સમયગાળા દરમિયાન કુલ ૧૫ ચેકો તેમજ આર.ટી.જી.એસ. અને પોઝીટીવ પે સિસ્ટમ ફોર્મ પર ડીન નયનાબેન પટેલે સહીઓ કરી હતી. ડીને પોતાના બચાવમાં 'પોતે કોરા ચેક પર સહી કરી હતી' તેવો લૂલો બચાવ રજૂ કર્યો હતો, જેને કોર્ટે ફગાવી દેતા આકરા શબ્દોમાં જણાવ્યું હતું કે કોઈપણ ડી.ડી.ઓ. (ડ્રોઇંગ એન્ડ ડિસ્બર્સિંગ ઓફિસર) સરકારી નાણાંના વહીવટ માટે કોરા ચેક પર ક્યારેય સહી ન કરે.

વધુમાં, સુનાવણી વેળાએ ડીન નયનાબેન પટેલના વકીલે સહ-આરોપીની જામીન પ્રક્રિયામાં દખલગીરી કરવાનો પ્રયાસ કરતા કોર્ટે લાલ આંખ કરી હતી અને સ્પષ્ટ કર્યું હતું કે ડીન ખુદ આ કેસમાં શંકાસ્પદ છે. સરકારી ભંડોળ લૂંટાયું હોવાથી અહીં અસલી ભોગ બનનાર સરકાર છે, જેથી ડીનને આ પ્રક્રિયામાં ભાગ લેવાનો કોઈ કાનૂની અધિકાર રહેતો નથી. આ તમામ હકીકતો સ્પષ્ટ કરે છે કે ડીનની સીધી મિલીભગત વિના ૧.૩૬ કરોડ રૂપિયાનું આ મસમોટું આર્થિક કૌભાંડ આચરવું અશક્ય છે.

આ સમગ્ર પ્રકરણમાં સૌથી વધુ શરમજનક અને ચિંતાજનક પાસું પોલીસ તંત્રની શંકાસ્પદ કામગીરી અને નિષ્ક્રિયતા છે. ગત ૧૯ મે ૨૦૨૬ના રોજ ફરિયાદ દાખલ થયા બાદ અત્યાર સુધીમાં પીએસઆઇ એસ.જી. કેશવાલા, આર.કે. ખલીફા અને આર.બી. ઠાકોર એમ ત્રણ અલગ-અલગ અધિકારીઓએ તપાસ હાથ ધરી હોવા છતાં, કોઈએ મુખ્ય શંકાસ્પદ એવા ડીન નયનાબેન પટેલ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની હિંમત દાખવી નથી. કોર્ટે જ્યારે આ નિષ્ક્રિયતા અંગે પોલીસ પાસે ખુલાસો માંગ્યો ત્યારે કોઈ પણ અધિકારી સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા. આથી ન્યાયાલયે અત્યંત ગંભીર અવલોકન કરતા નોંધ્યું છે કે તપાસ અધિકારીઓ પર કોઈ રાજકીય કે મોટા માથાઓનું ભારે દબાણ હોઈ શકે છે અથવા તેઓ કોઈ અંગત સ્વાર્થ ખાતર ડીનને બચાવી રહ્યા હોવાની પ્રબળ શંકા છે. ન્યાયતંત્રએ પોલીસની આ શંકાસ્પદ કામગીરી અને કૌભાંડની ગંભીરતાને ધ્યાને લઈને એક ઐતિહાસિક નિર્ણય લીધો છે. કોર્ટે પોતાના આદેશની નકલ ગાંધીનગર સ્થિત ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ અને આરોગ્ય વિભાગના સચિવને મોકલી આપી છે, જેથી ફરજમાં બેદરકારી અને નિષ્ક્રિયતા દાખવનાર કસૂરવાર પોલીસ અધિકારીઓ તેમજ ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા ડીન સામે પણ કાયદેસરની અને ખાતાકીય કાર્યવાહી સુનિશ્ચિત કરી શકાય. ■

# રાજકોટમાં ભારે વરસાદની આગાહીને પગલે અધિકારીઓ-કર્મચારીઓની રજા રદઃ મ્યુનિ. કમિશનરે સ્થિતિની સમીક્ષા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ હવામાન વિભાગ દ્વારા આગામી તા.૦૪-૦૮-૨૦૨૬ સુધી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ પરિસ્થિતિને અસરકારક રીતે પહોંચી વળવા તેમજ નાગરિકોને આવશ્યક સેવાઓ સમયસર અને સુચારૂ રીતે ઉપલબ્ધ કરાવવા અગમચેતીના પગલાંના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકામાં ફરજ બજાવતા તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીઓની આગામી તા.૦૪-૦૮-૨૦૨૬ (મંગળવાર) સુધીની તમામ પ્રકારની રજાઓ તાત્કાલિક અસરથી રદ કરવાનો મ્યુનિ. કમિશનર તુષાર સુમેરાએ નિર્ણય કર્યો હતો. દરમ્યાન ભારે વરસાદની આગાહીને પગલે મ્યુનિ. કમિશનરએ તા.૩૧/૦૭/૨૦૨૬ના રોજ અધિકારીઓની તાકીદની એક બેઠક યોજી હતી. તેમણે વરસાદ પૂર્વે, વરસાદ દરમ્યાન અને વરસાદ પછીની પરિસ્થિતિમાં હાથ ધરવાના થતાં પગલાંઓ અંગે કરવામાં આવેલી




તૈયારીઓની સમિક્ષા કરી હતી, અને જે તે સંબંધિતશાખાઓને જરૂરી સૂચના પણ આપી હતી. આ સમયગાળા દરમિયાન મ્યુનિસિપલ કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે, તમામ અધિકારીઓ/કર્મચારીઓએ હેડક્વાર્ટર ખાતે ફરજ માટે ઉપલબ્ધ રહેવાનું રહેશે. રાજકોટ મહાનગરપાલિકાના તમામ અધિકારીઓ/કર્મચારીઓએ સતત ફિલ્ડમાં હાજર રહી, ભારે વરસાદની આગાહીને અનુલક્ષીને આપત્તિ વ્યવસ્થાપન, રાહત અને બચાવ સહિતની સુપ્રત કરવામાં આવેલી કામગીરી સતર્કતા, જવાબદારી અને અસરકારક રીતે નિભાવવાની રહેશે.

રાજકોટ મહાનગરપાલિકાના કન્ટ્રોલ રૂમ ખાતે ૨૪×૭ ધોરણે સિનિયર અધિકારીની હાજરી સુનિશ્ચિત કરવાની રહેશે. તમામ નાયબ કમિશનરશ્રીઓ તથા સિટી એન્જિનિયરશ્રીએ પોતાના તાબા હેઠળના ઝોન વિસ્તારમાં વરસાદી પરિસ્થિતિનું સતત સુપરવિઝન તથા મોનિટરિંગ કરવાનું રહેશે. ઉપરાંત અસરગ્રસ્ત વિસ્તારોની નિયમિત સ્થળ મુલાકાત લઈ જરૂરી રાહત અને તાકીદની કામગીરી સમયસર હાથ ધરવાની રહેશે.

ઝોન કક્ષાએ વરસાદી પરિસ્થિતિને અનુસંધાને કરવામાં આવેલી કામગીરી અંગેનો અહેવાલ સમયાંતરે સક્ષમ અધિકારી સમક્ષ રજૂ કરવાનો રહેશે. મ્યુનિસિપલ કમિશનરે વધુમાં જણાવ્યું હતું કે, આ સમયગાળા દરમ્યાન તમામની રજા કેન્સલ કરવામાં આવશે તેમજ તમામ અધિકારીઓ/કર્મચારીઓના ફોન ઓન રાખવાના રહેશે. જે - જે વિસ્તારમાં પાણી ભરાવાના કારણે ટ્રાફિક સમસ્યા સર્જાય છે તે તમામ પોઈન્ટ ઉપર તાત્કાલિક પાણી નિકાલની કામગીરી હાથ ધરી ટ્રાફિક નિવારણ કરવાનું રહેશે. ■

## વેરાવળ બંદર પર ૩ નંબરનું ભયસૂચક સિગ્નલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અરબી સમુદ્રમાં તેજ પવન અને તોફાની દરિયાની હવામાન વિભાગની આગાહીને પગલે વેરાવળ બંદર પર ૩ નંબરનું ભયસૂચક સિગ્નલ ફરકાવવામાં આવ્યું હતું. બંદર સત્તામંડળ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા માછીમારો માટે હાઈ એલર્ટ જાહેર કરાયું હતું. બંદર તંત્રએ માછીમારોને આગામી સૂચના ન મળે ત્યાં સુધી દરિયો ન ખેડવા સ્પષ્ટ સૂચના આપી છે. સમુદ્રમાં રહેલી માછીમારી બોટોને વહેલી તકે સુરક્ષિત રીતે બંદરે પરત લાવવા અને બંદરે ઊભેલી બોટોને મજબૂત રીતે બાંધી રાખવા અપીલ કરાઈ હતી. તંત્રએ માછીમારોને હવામાન સામાન્ય ન થાય ત્યાં સુધી જોખમ ન લેવા જણાવ્યું હતું. હવામાન વિભાગના અનુમાન મુજબ, આગામી કલાકોમાં દરિયામાં તેજ પવન સાથે ઊંચા મોજાં ઉછળી શકે છે. આનાથી નાની અને મધ્યમ કદની બોટોને વધુ જોખમ ઊભું થઈ શકે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બંદર પર સતત દેખરેખ રખાઈ રહી છે અને જરૂરી ઈમરજન્સી વ્યવસ્થાઓ પણ સજ્જ કરાઈ હતી.

બંદર સત્તામંડળે માછીમારોને અધિકૃત હવામાન બુલેટિન અને તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી છે. માછીમારો અને બોટ માલિકોને દરિયાકાંઠે બિનજરૂરી અવરજવર ટાળવા અને સુરક્ષિત સ્થળે રહેવા સૂચના અપાઈ હતી. ■

# કચ્છમાં વાયોરના વેપારીનો મોબાઈલ હેક કરી ખાતામાંથી ₹ એક લાખ ઉપાડી લેવાયાઃ ઓનલાઈન ઠગાઈ અંગે પોલીસ ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પશ્ચિમ કચ્છના અબડાસા તાલુકાના વાયોર ગામે કરિયાણાની દુકાન ધરાવતા વેપારી સાથે રૂા. ૧ લાખથી વધુની ઓનલાઈન છેતરપિંડી થઈ હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવતાં પંથકમાં ચકચાર પ્રસરી જવા પામી હતી.

મળતી વિગતો મુજબ, વાયોરમાં કરિયાણાનો વેપાર કરતા વિનોદ વિશનજીભાઈ ઠક્કરના વોટ્સએપ પર ગત ૨૨ એપ્રિલના રોજ બેન્ક ખાતાનું કે.વાય.સી. અપડેટ કરવા અંગેનો એક સંદેશો આવ્યો હતો. ત્યારબાદ તેમણે ૨૭ એપ્રિલે આ મેસેજ સાથે મોકલેલી એક અનધિકૃત એપ્લિકેશન પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરી હતી. એપ ડાઉનલોડ કર્યાના બીજા જ દિવસે તેમના બેન્ક ખાતામાંથી રૂા. ૧,૦૦,૬૪૦ની રકમ બારોબાર ઉપડી ગઈ હતી.

અજાણ્યા ઠગો દ્વારા મોબાઈલ હેક કરીને આ રકમ સરકાવી લેવાઈ હોવાની જાણ થતાં જ વેપારીએ તાત્કાલિક સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ આ મામલે વાયોર પોલીસ મથકે વિધિવત ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં જે બેન્ક ખાતામાં નાણાં ટ્રાન્સફર થયા છે તે તથા પી.ઓ.એસ. મશીન મારફતે થયેલા વિડ્રોઅલને આધારે પોલીસે અજાણ્યા શખસો સામે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

# રાજકોટમાં આર્થિક ભીંસથી કંટાળી માતા-પુત્રએ ન્યારા ગામ નજીક એસિડ પી ખાણમાં ઝંપલાવી આત્મહત્યા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં આત્મહત્યા અને આપઘાતના પ્રયાસની ઘટનામાં સતત વધારો જોવા મળી રહ્યો છે, ત્યારે શહેરમાં પાંચ દિવસમાં સામુહિક આપઘાતની ત્રણ ઘટના પ્રકાશમાં આવતાં ચકચાર મચી ગઈ હતી.

શહેરના સાધુવાસવાણી રોડ પર અજંતા પાર્કમાં આર્થિક સંકળામણથી કંટાળી પીડબલ્યુડીના નિવૃત્ત કર્મચારીએ પત્ની અને પુત્ર સાથે સજોડે ઝેર પી આત્મહત્યા કર્યાની ઘટના વિસરાઈ નથી, ત્યાં ન્યારા ગામ નજીક આર્થિક ભીંસથી કંટાળી માતા-પુત્રએ સજોડે એસીડ પી ખાણમાં ઝંપલાવી આપઘાત કરી લીધો હતો.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટમાં જામનગર રોડ પર આવેલી મારૂતિનગર સોસાયટીમાં રહેતાં જયાબેન મનસુખભાઈ નકુમ (ઉ.૫૦) અને તેમના પુત્ર નિલેશભાઈ નકુમ (ઉ.૨૭) ન્યારા ગામ પાસે આવેલી એક ખાણમાં બેભાન હાલતમાં પડયા હોવાની જાણ થતાં ગ્રામજનોએ બન્નેને ૧૦૮ મારફતે તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં.

જ્યાં માતા-પુત્રની સારવાર કારગત નિવડે તે પૂર્વે ફરજ પરના તબીબે જોઈ તપાસી નિષ્પ્રાણ જાહેર કરતાં પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ હતી.

આ અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે પડધરી પોલીસને જાણ થતાં પડધરી પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી માતા-પુત્રના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે મેડીકલ કોલેજ ખાતે ખસેડયા હતાં.

પ્રાથમિક પુછપરછમાં મૃતક નિલેશ નકુમના પિતા રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. નિલેશ નકુમ બે ભાઈમાં નાનો હતો અને પલમ્બરનું કામ કરતો હતો. સગા સંબંધી પાસેથી ઉછીના રૂપિયા લીધા હતાં. જે રૂપિયાની ચિંતામાં માતા-પુત્ર સવારના ઘરેથી નીકળી ગયા બાદ ન્યારા ગામ પાસે પહોંચ્યા હતાં અને જ્યાં આર્થિક ભીંસથી કંટાળી માતા-પુત્રએ સજોડે એસિડ પી ખાણમાં ઝંપલાવી આત્મઘાતી પગલું ભરી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પડધરી પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે. ■

# જામનગરમાં હાઈટેન્શન વીજ લાઈનના વળતર મુદ્દે ખેડૂતોનો આક્રોશ, વિશાળ રેલી યોજાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગરઃ જિલ્લામાં હાઈટેન્શન વીજ લાઈન માટે ખેડૂતોને મળતા વળતર મુદ્દે ગુજરાત સરકારના પરિપત્રનો વિરોધ કરતાં જામનગર જિલ્લા ખેડૂત સમિતિના બેનર હેઠળ આજે વિરલ બાગથી જિલ્લા કલેક્ટર કચેરી સુધી વિશાળ પદયાત્રા રેલી યોજાઈ હતી. રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં ખેડૂત આગેવાનો, કિસાન સમિતિના હોદ્દેદારો અને ખેડૂતો આ રેલીમાં જોડાયા હતા.

રેલી બાદ ખેડૂતો દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી. ખેડૂત આગેવાનોએ જણાવ્યું હતું કે હાલ અમલમાં રહેલો ગુજરાત સરકારનો પરિપત્ર ખેડૂતોના હિતમાં ન હોવાથી તેને રદ કરી રાજસ્થાન સરકારની નીતિ મુજબ હાઈટેન્શન વીજ લાઈન માટે અસરગ્રસ્ત ખેડૂતોને યોગ્ય અને વ્યાજબી વળતર ચૂકવવાની વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવે.

ખેડૂત આગેવાન પ્રતિકભાઈએ જણાવ્યું હતું કે વર્તમાન પરિપત્ર રાજ્યના ખેડૂતોને બિલકુલ સ્વીકાર્ય નથી, જ્યારે કિસાન આગેવાન વિપુલભાઈએ જણાવ્યું હતું કે રાજસ્થાન સરકારના ધોરણ મુજબ જ ગુજરાતમાં પણ વળતર ચૂકવવાનો નિર્ણય લેવો જોઈએ. ખેડૂતોએ ચેતવણી આપી હતી કે તેમની માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો કોઈપણ સંજોગોમાં ખેતીની જમીનોમાંથી હાઈટેન્શન વીજ લાઈનનું કામ કરવા દેવામાં આવશે નહીં. રેલી દરમિયાન ખેડૂતો દ્વારા સરકાર સામે સૂત્રોચ્ચાર કરી પોતાની માંગણીઓને ઉગ્રતાથી રજૂ કરવામાં આવી હતી. જેમાં બહેનો પણ મોટી સંખ્યામાં જોડાઈ હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ■

# જામનગરના તત્કાલીન નાયબ મામલતદારને લાંચના કેસમાં કુલ સાત વર્ષની સખત કેદની સજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગરઃ શહેરમાં વર્ષ ૨૦૧૪માં એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી) દ્વારા નોંધાયેલા લાંચના કેસમાં જામનગરની વિશેષ એસીબી અદાલતે મહત્વનો ચુકાદો આપતાં તત્કાલીન નાયબ મામલતદાર મનુભાઈ બળવંતભાઈ ઠાકરને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની અલગ-અલગ કલમો હેઠળ દોષિત ઠેરવી કુલ સાત વર્ષની સખત કેદ તથા રૂ. ૩૦ હજારના દંડની સજા ફટકારી હતી. કેસની હકીકત મુજબ મનુભાઈ બળવંતભાઈ ઠાકર રાજ્ય સરકારના કર્મચારી તરીકે જામનગર કલેક્ટર કચેરીની જમીન શાખામાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા હતા. નવાગામ ઘેડના ફરિયાદી રવજીભાઈ વિરમભાઈ ગોહિલની સર્વે નં. ૨૩૯/૧ની પાંચ વિઘા જમીનની બિનખેતી કરવાની કાર્યવાહી કરી આપવા બદલ આરોપીએ પ્રતિ ચોરસ ફૂટ રૂ. ૧૦ના હિસાબે અંદાજે ૪૦ હજાર ચોરસ ફૂટ જમીન માટે રૂ. ૪ લાખની લાંચની માંગણી કરી હતી. બાદમાં રકઝક થતાં રૂ. ૩.૬૦ લાખમાં સોદો નક્કી થયો હતો. તે પૈકી રૂ. ૨ લાખ તા. ૧૩-૦૧-૨૦૧૪ના રોજ મેળવી લેવામાં આવ્યા હતા, જ્યારે બાકીના રૂ. ૧.૬૦ લાખ તા. ૧૮-૦૧- ના રોજ સ્વીકારવાના સમયે જામનગર કલેક્ટર કચેરી ખાતે એસીબીએ ગોઠવેલા ટ્રેપમાં આરોપી રંગેહાથ ઝડપાઈ ગયો હતો. આ બનાવ અંગે જામનગર એસીબી પોલીસ સ્ટેશનમાં ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ પૂર્ણ થયા બાદ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. જામનગરની વિશેષ એસીબી અદાલતમાં સુનાવણી પૂર્ણ થયા બાદ અદાલતે કલમ ૭ હેઠળ આરોપીને ચાર વર્ષની સખત કેદ તથા રૂ. ૧૫,૦૦૦ના દંડની સજા ફટકારી હતી. દંડ નહીં ભરે તો વધુ એક વર્ષની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવ્યો હતો. જ્યારે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની વિવિધ કલમ હેઠળ આરોપીને ત્રણ વર્ષની સખત કેદ તથા રૂ. ૧૫,૦૦૦ના દંડની સજા ફટકારવામાં આવી છે. ■

# સોશ્યલ મીડિયા મારફતે સગીરાની પજવણીઃ વીડિયો વાયરલ કરવાની ધમકી આપનાર ત્રણ શખસો સામે ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આજના ડિજિટલ યુગમાં સ્માર્ટફોનના ગેરઉપયોગના કારણે સગીરાઓ માટે કેવી મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે તેનો વધુ એક ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. સોશિયલ મીડિયાના માધ્યમથી સગીરાની પજવણી કરી, વીડિયો વાયરલ કરવાની ધમકી આપવા બદલ પદ્ધર પોલીસ મથકે ત્રણ શખસો વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, આશરે બે વર્ષ પૂર્વે બનેલી આ ઘટના અંગે સગીરાના વાલીએ ગુરૂવારે પદ્ધર પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આરોપી સાહિલ અયુબ કકલ (રહે. ગંઢેર, તા. ભુજ)એ સગીરાને વીડિયો કોલ કરી ધમકી આપી હતી અને સ્ક્રીન રેકોર્ડિંગ દ્વારા આ કોલ રેકોર્ડ કરી લીધો હતો. ત્યારબાદ, આરોપી સાહિલ તેમજ તેના સાગરીતો ઈમરાન હાજી મીઠા અને સુલતાન હાજી મીઠા (તમામ રહે. ગંઢેર)એ સગીરા પાસે બિભત્સ માગણી કરી હતી. આરોપી ઈમરાને નાણાંની પણ માગણી કરી હતી અને સગીરાનો એડિટ કરેલો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરી એકબીજાને ગુનાઈત મદદગારી કરી હતી.બનાવ અંગે પદ્ધર પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ પોક્સો એક્ટ તથા આઈ.ટી. એક્ટ સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ પી.આઈ. એ.ડી. ખાંટે હાથ ધરી છે. ■